gujaratvandan.com



રોહિત શેટ્ટીની ફિલ્મ સિંઘમ અગેનમાં જોવા મળશે શ્વેતા

પેજ 11

રવિવાર, 24 સપ્ટેમ્બર 2023

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

# ગુજરાત વંદન સાપ્તાહિક

ભાદરવા સુદ-9, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 07 | અંક : 20 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12

**સુવિચાર**

વહેલી સવારે નક્કી કરેલા સમયે તમે પથારી છોડતા નથી, તો સમજો કે તમે જાતે જ તમારી 'પથારી' ફેરવી રહ્યાં છો...

## સંયુક્ત રાષ્ટ્રની બેઠકમાં ભારતે પાકિસ્તાનને આપ્યો જડબાતોડ જવાબ, તમે પચાવેલું કાશ્મીર અમારું હતું, છે અને રહેશે...

## 1947માં પાકિસ્તાને લઈ લીધું હતું અડધું કાશ્મીર

# ભારતનો લલકાર: અમારું કાશ્મીર પરત આપો નહીંતર...!


## UNમાં ભારતની માંગણી : જમ્મુ-કાશ્મીરનાં જે વિસ્તારો પાકિસ્તાને પચાવી પડ્યા તે તાત્કાલિક ખાલી કરો...

ગુજરાત | વંદન

ભારતે ઘણા વર્ષો બાદ પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય મંચ પરથી પહેલીવાર એવું ખોખારીને અને ચેતવણીના સૂરમાં કહ્યું છે કે, પહેલા તો અમારું પચાવી પાડેલું કાશ્મીર(પીઓકે) પરત આપો, પછી બીજી વાત. અને આતંકવાદીઓને રક્ષણ આપવાનું બંધ કરો. ભારતે સંયુક્ત રાષ્ટ્રને એક બેઠકમાં પાકિસ્તાનને આ પ્રકારનો જડબાતોડ જવાબ ત્યારે આપ્યો જ્યારે પાકિસ્તાને પોતાની કુટેવ મુજબ આંતરરાષ્ટ્રીય મંચ પરથી ફરી એકવાર કાશ્મીરનો મુદ્દો રજૂ કર્યું. પરંતુ ભારતે પાકિસ્તાનની અપેક્ષાથી વિરુદ્ધ કડક ભાષામાં એવો જવાબ આપ્યો કે, એક તબક્કે પાકિસ્તાનને એમ લાગ્યું હશે, તેમણે 1947માં હુમલો કરીને પચાવી પાડેલું અડધુ કાશ્મીર પાછું આપી દેવું પડશે. કેમ કે, ભારત તરફથી છેલ્લા કેટલાક સમયથી એવા સાર્વજનિક નિવેદનો થઈ રહ્યા છે કે, પીઓકે ભારતનો અભિન્નઅંગ છે. અને અમે તે પરત લઈને જ રહીશું. કેન્દ્રીય મંત્રી અને પૂર્વ સેના અધ્યક્ષ વી.કે સિંઘ દ્વારા પણ એવું કહેવામાં આવ્યું હતું કે, પીઓકે વિસ્તાર ભારતમાં ભળી જશે, બસ રાહ જોવો. જ્યારે તે અગાઉ સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ દ્વારા પણ એક નિવેદનમાં પાકિસ્તાનને ચેતવણી આપી હતી કે, ભારત ગમે ત્યારે એલઓસી પાર કરીને પોતાનો વિસ્તાર પાછો લઈ શકે છે. નોંધનીય છે કે, સંયુક્ત રાષ્ટ્રની બેઠકમાં પેટલે કહ્યું કે પાકિસ્તાને તાત્કાલિક સીમાપાર ભારતમાં આતંકવાદી ગતિવિધિઓ પર રોક લગાડવી જોઈએ. આતંકી સંગઠનો બંધ કરવા જોઈએ. કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મૂ-કાશ્મીરનાં જે વિસ્તારો પર પાકિસ્તાને ગેરકાનૂની રીતે કબ્જો કરેલો છે તેને તાત્કાલિક ખાલી કરો.

**'આતંકની ફેક્ટ્રી બંધ કરો'**

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતની ફર્સ્ટ સેક્રેટરી પેટલ ગહલોતે પાકિસ્તાનને પડકારતાં કહ્યું કે,' કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મૂ-કાશ્મીર ભારતનો અભિન્ન અંગ છે. પાકિસ્તાનને અમારા આંતરિક મામલામાં બોલવાનો હક નથી.' રાઈટ ટૂ રિપ્લાયનાં અધિકારનો ઉપયોગ કરતાં પેટલ ગહલોતે કહ્યું કે,' પાકિસ્તાન જ્યારે બીજાનાં આંતરિક મામલાઓમાં દખલ કરી રહ્યું છે તો તેને પોતાના દેશમાં માનવાધિકારોનાં ગંભીર ઉલ્લંઘનો પર પહેલાં નજર ફેરવી જોઈએ અને તેને તાત્કાલિક બંધ કરવું જોઈએ.'









**'પાકિસ્તાન આતંકવાદીઓ માટે સેફ હેવન'** | પાકિસ્તાનને વળતો જવાબ આપતાં પેટલ ગહલોતે કહ્યું કે,' તમારે મુંબઈ હુમલાનાં આતંકવાદીઓ પર કડક કાર્યવાહી કરવી જોઈએ જેના પીડિતો 15 વર્ષ બાદ પણ ન્યાયની રાહ જોઈ રહ્યાં છે. પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય આતંકવાદી સંગઠોનું ગઢ છે. પાકિસ્તાનને આતંકવાદીઓ માટે સેફ હેવન બનાવવામાં આવ્યું છે.


રાજકીય બાબતોનો જાણકારોના મતે, સંયુક્ત રાષ્ટ્રનાં આંતરરાષ્ટ્રીય મંચનો દુરુપયોગ કરીને કાશ્મીરનો રાગ આલાપતાં પાકિસ્તાનને એવું થયું હશે કે, આ સરકાર અગાઉ જેવી સરકારો નથી. પણ તેને લલકારનાર અને સીધેસીધી વાતકરનાર છે. જે ભવિષ્યમાં પીઓકે પરત લઈ શકે છે. કેમ કે, ઈતિહાસ ગવાહ છે કે, 1947માં ભારતના ભાગલાનો નિર્ણય લેવાયો ત્યારે કાશ્મીરના તત્કાલિન રાજા હરિસિંહ દ્વારા ભારતની સાથે જોડાણ કરવાનો નિર્ણય લેવામાં મોડું કર્યું અને તેનો ગેરલાભ ઉઠાવીને પાકિસ્તાન દ્વારા કાશ્મીરમાં ઘૂષણખોરી કરવામાં આવી હતી. તેની જાણ થતા હરિસિંહે નવી ભારત સરકારને સંદેશો મોકલ્યો અને ભારતમાં જોડાવા તાત્કાલિક સંધી કરાર પર હસ્તાક્ષંર કરતા ભારતનું લશ્કર જમ્મુ કાશ્મીર પહોચ્યું હતું. જોકે, એ પહેલા પાકિસ્તાને અડધું કાશ્મીર હડપી લીધું હતું.

પાકિસ્તાનનાં કાર્યવાહક પ્રધાનમંત્રી અનવારુલ હક કાકરે શુક્રવારે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાનાં 78માં સત્રને સંબોધિત કરતાં UN પાસે કાશ્મીર પ્રસ્તાવ પાસ કરવા અને મિલિટ્રી હસ્તક્ષેપ કરવાની માંગ કરી. જેના પર ભારતે પલટવાર કર્યો હતો. દરમિયાનમાં પાકિસ્તાનમાં માનવાધિકાર ઉલ્લંઘનનો રેકોર્ડ દુનિયામાં સૌથી ખરાબ હોવાનો દાવો કરતાં

...અનુસંધાન પેજ નં. 6 પર

## ન્યૂઝ બ્રિફ

### જવાન ફિલ્મની કમાણી પહોંચી 1000 કરોડની નજીક




જવાન થિયેટર્સમાં બે અઠવાડિયા થઈ ગયા છે. મૂવી હજુ પણ રેકોર્ડતોડ કમાણી કરી રહી છે. શાહરુખ ખાનની મુવી જવાને 21 સપ્ટેમ્બર સુધીનો વર્લ્ડ વાઈઝ કલેક્શન શાહરુખ ખાનની પત્નિ ગૌરીએ પોતાના ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર શેર કર્યો હતો. જે પ્રમાણે ગ્લોબલ બોક્સ ઓફિસ પર ફિલ્મની કમાણી 1000 કરોડ નજીક પહોચવા આવી છે.

### અંબાજી ખાતે ભાદરવી મેળાનો પ્રારંભ, લાખો શ્રધ્ધાળુઓ લેશે ભાગ


યાત્રાધામ અંબાજી ભાદરવી પૂનમ 2023 ના મેળાનો આજે વિધિવત પ્રારંભ કરાયો છે. જિલ્લા કલેકટર બનાસકાંઠા અને તેમના પરિવાર દ્વારા આ મેળાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટરની દિકરીએ રથની પૂજા કરી હતી. શ્રીફળ વધેરી અને રથ ખેંચી કરીને મેળાને વિધિવત ખુલ્લો મુક્યો છે. નાની બાળકીમાં માતાજીનું રુપ હોવાથી રથની પૂજા નાની બાળકી દ્વારા કરાવવામાં આવી છે. શક્તિપીઠ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળાને વિધિવત ખુલ્લો મુકવામાં આવ્યો છે. આ મેળામાં ગુજરાતભરમાંથી જ નહીં પરંતુ દેશભરમાંથી ભક્તો દર્શન માટે આવશે. આ વર્ષે 40 લાખ શ્રધ્ધાળુઓ આ મેળાની મુલાકાત લેશે. 29 સપ્ટેમ્બર સુધી ચાલનાર ભાદરવી પૂનમના મેળામાં મોટી સંખ્યામાં ભાવિકભક્તો ભાગ લેવા માટે પહોંચશે. આ માટે પગપાળા વિવિધ સંઘો અંબાજી પહોંચ્યા છે. તેમજ રાજ્યભરમાં વિવિધ સંઘોનું પ્રસ્થાન પણ થયું છે.

### જંકફુડ સામે સરકાર આકરા કદમ ઉઠાવે: કાનુની માર્ગદર્શીકા ઘડવા ભલામણ

બાળકોથી માંડીને મોટી ઉંમરના લોકોમાં વધતી અનેકવિધ પ્રકારની બિમારી રોકવા માટે જંકફૂડના ટ્રેન્ડ સામે આકરા કદમ ઉઠાવવા માટે સરકાર સમક્ષ માંગ થઈ છે. ન્યુટ્રસી એડવોકસી ઈન પબ્લીક ઈન્ટરેસ્ટ સંગઠન ઉપરાંત આરોગ્ય નિષ્ણાંતો, તબીબો, તથા વકીલો દ્વારા સંયુકત રજુઆતમાં એમ કહયું છે કે સુગર, સોલ્ટ (નિમક) તથા ફેટની ઉંચી માત્રા ધરાવતા ખાદ્ય પદાર્થો જંક ફૂડનુ સેવન નિયંત્રીત કરવા માટે કદમ ઉઠાવવાનું જરૂરી બની ગયુ છે. પ્રથમ વખત સંગઠીત રીતે ગ્રાહક જુથો મેદાન માં આવ્યા છે. જેના કારણે સરકાર જંગફૂડની વ્યાખ્યા નક્કી કરીને ગેરમાર્ગે દોરતા માર્કેટિંગ રોકવા સહિતના પગલા સૂચવ્યા છે.

### રાહત/ તહેવાર નજીક આવતા ખાદ્યતેલના ભાવમાં થયો મોટો ઘટાડો

એક તરફ તહેવારો નજીક આવી રહ્યા છે. ત્યારે બીજી તરફ ખાદ્યતેલ સહિત જીવન જરૂરી ચીજ વસ્તુના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. ખાદ્યતેલના ભાવમાં મોટો ભડકો થયા બાદ હવે ભાવમાં ઘટાડો નોંધાયો છે. સિંગતેલમાં ડબ્બે 40 રૂપિયાનો અને કપાસિયા તેલમાં ડબ્બે 10 રૂપિયાનો ઘટાડો થયો. એક તરફ તહેવારો નજીકાવી રહ્યા છે. બીજી તરફ ભાવ ઘટાડા છતા સીંગતેલનું ડબ્બો હજી પણ 3000 ને પાર જ છે. રાજકોટમાં સીંગતેલનો ડબ્બો 3080થી 3130 રૂપિયા બોલાઈ રહ્યો છે. વેપારીઓનું કહેવું છે કે, સૌરાષ્ટ્રમાં નવી મગફળીની આવકના પગલે ભાવમાં ઘટાડો થયો છે. સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડમાં સતત મગફળીની આવકમાં હવે વધારો થશે.



### વર્લ્ડ કપ માટે પાકિસ્તાની ખેલાડીઓને નથી મળ્યા ભારતના વિઝા

ભારતની યજમાનીમાં વનડે વર્લ્ડ કપ 5 ઓક્ટોબરથી યોજાશે. આ ટુર્નામેન્ટમાં પ્રેક્ટિસ મેચ 29 સપ્ટેમ્બરથી શરુ થઈ રહી છે. ભારત પાસે વર્ષ 2011 બાદ ફરી એકવાર વનડે વર્લ્ડ કપ જીતવાની તક છે. વર્લ્ડ કપમાં ભાગ લેનાર તમામ ટીમોના વિઝાને મંજૂરી મળી ચુકી છે. જયારે પાકિસ્તાનની ટીમને હજુ સુધી ભારત સરકાર તરફથી વિઝાની મંજૂરી મળી નથી.

### વાંકી નજરે...

સૌજન્યથી...




બંને દેશોના તણાવ વચ્ચે મહિન્દ્રા ગ્રૂપે પણ કેનેડાને મોટો આંચકો આપ્યો

## બિઝનેસ ઈફેક્ટ : મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ કેનેડામાં કારોબાર સમેટ્યો

ગુજરાત | વંદન

ભારત અને કેનેડા વચ્ચે વધી રહેલા વિવાદની અસર હવે બિઝનેસ પર દેખાઈ રહી છે. ભારત અને કેનેડા વચ્ચે તણાવ વધી રહ્યો છે. ભારતે હાલમાં કેનેડાના નાગરિકોને વિઝા આપવાનું બંધ કરી દીધું છે. બંને દેશો વચ્ચેના તણાવ વચ્ચે મહિન્દ્રા ગ્રૂપે પણ કેનેડાને મોટો ઝટકો આપ્યો છે. આનંદ મહિન્દ્રાની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ કેનેડામાં તેની કામગીરી બંધ કરવાની જાહેરાત કરી છે. આનંદ મહિન્દ્રાની કંપની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ કેનેડા સ્થિત કંપની રેસન એરોસ્પેસ કોર્પોરેશન સાથેની ભાગીદારી સમાપ્ત કરવાની જાહેરાત કરી છે. રેસન એરોસ્પેસ કોર્પોરેશનમાં એમ એન્ડ એન્ડની 11.18 ટકાની ભાગીદારી હતી.




મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં સ્ટોક એક્સચેન્જને જાણ કરી છે કે રેસન એરોસ્પેસ કોર્પોરેશન કેનેડાને કોર્પોરેશન કેનેડા તરફથી સર્ટિફિકેશન ઓફ ડિઝોલ્યુશન મળી ગયું છે, જેના વિશેની માહિતી કંપનીને આપવામાં આવી છે. મહિન્દ્રાએ કહ્યું કે આ સાથે, રેસનનું ઓપરેશન બંધ કરાયું છે અને ભારતીય એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ્સ હેઠળ, 20 સપ્ટેમ્બર, 2023થી તેને તેની સાથે કોઈ લેવાદેવા નથી.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના આ નિર્ણયથી કેનેડાને મોટો ઝટકો મળ્યો છે. પરંતુ તમને જણાવીએ કે કેનેડા પેન્શન ફંડે ઘણી ભારતીય કંપનીઓમાં મોટું રોકાણ કર્યું છે. પબ્લિક ડિસ્કલોજર મુજબ છ ભારતીય કંપનીઓમાં કેનેડા પેન્શન પ્લાન ઈન્વેસ્ટમેન્ટ બોર્ડના રોકાણનું મૂલ્ય રૂ. 16000 કરોડથી વધુ છે.

સચિન તેન્ડુલકર, સુનીલ ગાવસ્કર, રવિ શાસ્ત્રી સહિતના ક્રિકેટરો રહ્યા હાજર

## પીએમ મોદીએ વારાણસીમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમનો શિલાન્યાસ કર્યો...

ગુજરાત | વંદન



વડાપ્રધાન મોદીએ શનિવારે પોતાના મતવિસ્તાર વારાણસીની મુલાકાત લીધી હતી. પીએમ મોદી પૂર્વાંચલના પ્રથમ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમનો શિલાન્યાસ કર્યો હતો. આ દરમિયાન ક્રિકેટના 'ગોડ' સચિન તેંડુલકર, કપિલ દેવ, બ્લાસ્ટર સુનીલ ગાવસ્કર, રવિ શાસ્ત્રી સહિતના દિગ્ગજ ક્રિકેટો હાજર રહ્યા હતા. નોંધનીય છે કે, ગંજારીમાં 451 કરોડ રૂપિયાના ખર્ચે સ્ટેડિયમ ભગવાન શિવની થીમ પર બનવા જઈ રહ્યું છે.

સ્ટેડિયમનો આકાર દેવાના દેવ મહાદેવના માથે સુશોભિત ચંદ્રમાં જેવો બનાવવામાં આવશે. સ્ટેડિયમની બહાર વિશાળ ત્રિશૂળ બનાવવામાં આવી રહ્યું છે, જેના પર ફ્લડ લાઈટ લગાવવામાં આવશે. સ્ટેડિયમની મુખ્ય ઈમારત ભગવાન શિવના ડમરુની જેમ બનાવવામાં આવી રહી છે. સાથે જ સ્ટેડિયમની એન્ટ્રી બિલીપત્રના આકારમાં બનાવવામાં આવશે. તેમજ પીએમ મોદીએ કરોડોના વિકાસ કાર્યોની પ્રજાને ભેટ આપી હતી. લોકસભા અને રાજ્યસભામાં મહિલા અનામત બિલ પાસ થયા

...અનુસંધાન પેજ નં. 6 પર

## નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટો સામેલ ટ્રુડોએ કહ્યું- થોડા સમય પહેલાં ભારતને પુરાવા આપ્યા, કોલ રેકોર્ડિંગ હોવાનો કેનેડાનો દાવો

ગુજરાત | વંદન

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ શુક્રવારે ફરી ભારત પર ખાલિસ્તાની આતંકવાદી નિજ્જરની હત્યા કરવાનો આરોપ લગાવ્યો છે. ઓટાવામાં મીડિયા સાથે વાત કરતાં ટ્રુડોએ કહ્યું હતું કે તેમણે થોડા અઠવાડિયાં પહેલાં જ ભારત સરકાર સાથે આ પુરાવા શેર કર્યા હતા. અમે ઈચ્છીએ છીએ કે દિલ્હી અમને તપાસમાં સહકાર આપે.

તેમણે કહ્યું હતું કે અમને આશા છે કે તેઓ અમારી સાથે જોડાશે, જેથી આ ખૂબ જ ગંભીર મામલાના મૂળ સુધી પહોંચી શકાય. જોકે તેમણે એવું જણાવ્યું નથી કે ભારતને શું-શું મોકલ્યું પુરાવા તરીકે છે.

કેનેડાના PM ટ્રુડોએ કહ્યું- જેવું મેં સોમવારે કહ્યું હતું, અમારી પાસે એ માનવા માટેનાં જરૂરી કારણો છે કે ભારત સરકારના એજન્ટો અમારી ધરતી પર એક કેનેડિનયની હત્યામાં સામેલ હતા. આ એક ગંભીર બાબત છે. ખાસ કરીને એવા દેશ માટે, જ્યાં કાયદાનું શાસન છે. કેનેડામાં આંતરરાષ્ટ્રીય નિયમો પર આધારિત સિસ્ટમ છે. અમે આ બાબતની સત્યતા સુધી પહોંચવા માટે ભારત સરકાર પાસેથી સહકારની અપીલ કરીએ છીએ.



બીજી બાજુ, કેનેડિયન મીડિયા CBCના રિપોર્ટ પ્રમાણે, કેનેડા પાસે ભારતીય એજન્ટ્સના કોલ રેકોર્ડિંગ છે. ભારતીય ડિપ્લોમેટ્સ કોને મળ્યા, કોની સાથે વાત કરી, આ બધી જ બાબતો ટ્રેક કરવામાં આવી હતી. CBCના કેનેડિયન અધિકારીને ટાંકીને આ વાતનો પણ દાવો કરવામાં આવ્યો છે કે જ્યારે ભારતીય અધિકારીઓ ઉપર બંધ દરવાજે દબાણ આપવામાં આવ્યું ત્યારે તેમણે નિજ્જરની હત્યામાં ભારત સરકારની દખલના પુરાવા હોવાની વાતને નકારી હતી.

## ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે આજે બીજી વન-ડે મેચ

■ ટીમ ઈન્ડિયા સિરીઝ જીતવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે

ગુજરાત | વંદન

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રણ મેચોની બીજી વન-ડે મેચ આજે રવિવારે ઈન્દોરમાં રમાશે. ભારતીય ટીમ સિરીઝ જીતવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. મેત બપોરે 1.30 વાગ્યે શરૂ થશે.

કેએલ રાહુલની આગેવાની હેઠળની ટીમ ઈન્ડિયાએ પ્રથમ વનડેમાં ઓસ્ટ્રેલિયાને 5 વિકેટથી હરાવ્યું અને ત્રણ મેચની શ્રેણીમાં 1-0ની લીડ મેળવી. 1996 બાદ મોહાલીમાં ઓસ્ટ્રેલિયા સામે ભારતની આ પ્રથમ જીત છે. આ જીત સાથે ટીમ ઈન્ડિયાએ માત્ર સીરિઝમાં 1-0ની લીડ નથી મેળવી પરંતુ તે વનડેમાં સર્વશ્રેષ્ઠ ટીમ પણ બની ગઈ છે.



**ભારતની સંભવિત પ્લેઈંગ ઈલેવન** | કેએલ રાહુલ (કેપ્ટન અને વિકેટકીપર), શુભમન ગિલ, ઋતુરાજ ગાયકવાડ, શ્રેયસ અય્યર, ઈશાન કિશન, સૂર્યકુમાર યાદવ, રવીન્દ્ર જાડેજા, રવિચંદ્રન અશ્વિન, શાર્દૂલ ઠાકુર, જસપ્રિત બુમરાહ અને મોહમ્મદ શમી.

મેચમાં ભારતે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ડેવિડ વોર્નરની અડધી સદીના આધારે કાંગારુઓએ 276 રન બનાવ્યા હતા તો મોહમ્મદ શમીએ ભારત માટે શાનદાર બોલિંગ કરી અને 5 વિકેટ લઈને ઓસ્ટ્રેલિયાની કમર તોડી હતી. ટીમ ઈન્ડિયાએ 8 બોલ બાકી રહેતા આ સ્કોરનો પીછો કરી લીધો હતો. ઓપનર શુભમન ગિલ અને ઋતુરાજ ગાયકવાડ ઉપરાંત કેએલ રાહુલ અને સૂર્યકુમાર યાદવે ભારત તરફથી અડધી સદી ફટકારી હતી.

## નાગપુરમાં ભારે વરસાદથી પૂર જેવી સ્થિતિ, 500 લોકોનું રેસ્કયુ કરાયું

ગુજરાત | વંદન


મહારાષ્ટ્રના નાગપુરમાં ભારે વરસાદ વરસતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. 500 જેટલા ફસાયેલા લોકોનું રેસ્ક્યું કરવામાં આવ્યું છે. NDRF અને સેનાની ટીમ સતત બચાવની કામગીરી કરી છે. હાલ ડેપ્યુટી સીએમ ફડણવીસ સ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે. નાગપુરમાં સતત મુશળધાર વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાય ગયા છે, ભારે વરસાદને પગલે અંબાઝરી

...અનુસંધાન પેજ નં. 6 પર

## શેરબજારમાં 'સ્ટોપલોસ વિથ માર્કેટ કન્ડીશન' સીસ્ટમ 9મીથી બંધ થશે

ગુજરાત | વંદન

શેરબજારનાં ટ્રેડીંગમાં નુકશાનીનું જોખમ ઓછુ કરવા માટેની સ્ટોપલોસ સિસ્ટમ બંધ કરવાનો મુંબઈ શેરબજારે નિર્ણય લીધો છે. સ્ટોપલોસ માટે બે જુદી-જુદી સીસ્ટમ છે તે પૈકીની સ્ટોપલોસ વિથ માર્કેટ કંડીશન બંધ કરવામાં આવશે. મુંબઈ શેરબજારે 9મી ઓકટોબરથી સ્ટોપલોસ વિથ માર્કેટ કંડીશન સીસ્ટમ બંબંધ કરવાનું જાહેર કર્યું છે.વાસ્તવમાં સ્ટોપલોસ નુકશાનીનું જોખમ ઓછુ કરતી સારી સીસ્ટમ છે. જોકે બે પ્રકારની સ્ટોપલોસ સીસ્ટમ અમલમાં છે.એક સ્ટોપલોસ ભાવ આધારીત હોય છે ભાવ નિયત કિંમતથી નીચે જાય તો સ્ટોપલોસ ટ્રીગર થઈ જાય છે.જયારે સ્ટોપ લોસ વિથ માર્કેટ કંડીશન બજારભાવે ટ્રીઘર થાય છે.આ સીસ્ટમ બંધ કરવાનો નિર્ણય લેવાયો છે.




સુત્રોના કહેવા પ્રમાણે ઓછી લીકવીડીટી ધરાવતાં ઓપ્શનમાં સ્ટોપલોસ વિથ માર્કેટ કંડીશનને કારણે સોદા ઘણા ઉંચા ભાવે થતા હતા. ઓર્ડર પુરા કરવા માટે સીસ્ટમ તમામ બીડનો સ્વીકાર કરી લેતી હતી એટલે ભાવ એકાએક વધી જતા હતા. અત્યંત ઉંચા ભાવના કારણે આવા સોદાને

...અનુસંધાન પેજ નં. 6 પર

## ચીનમાં મંદીનો ખતરનાક ભરડો, રોકડની અછત પણ જોવા મળી

■ નાણાં એકઠા કરવા આકરા નિયમો લાદ્યા, કાકડી ખાવા પર પ્રતિબંધ

ગુજરાત | વંદન

વિશ્વની બીજી સૌથી મોટી આર્થિક મહાસત્તા ચીનના ઘણા શહેરો ગંભીર મંદી અને રોકડની તંગીનો સામનો કરી રહ્યા છે. ચીનમાં આની અસર માણસોની સાથે સાથે પ્રાણીઓ પર પણ જોવા મળી રહી છે. જેના કારણે લોકોને દંડ ફટકારવામાં આવી રહ્યો છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રોકડ રકમની તંગીથી પીડિત ચીનમાં લોકો પર ભારે દંડ લગાવવામાં આવી રહ્યો છે. આમ કરીને ચીનની સરકાર કોઈક રીતે રોકડ એકઠી કરવા માંગે છે. સ્થિતિ એવી છે કે, લાયસન્સ વિના રેસ્ટોરાંમાં કાકડી પીરસવા બદલ ભારે દંડ વસૂલવામાં આવી રહ્યો છે. જીહા કાકડી જે નોર્મલી આપણે એમજ ખાઈ જતા હોઈએ છીએ તે ખાવા પર ચીનમાં દંડ વસુલવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત રોડ પર ઓવરલોડ ટ્રકો પર ભારે દંડ પણ વસૂલવામાં આવી રહ્યો છે.એક રિપોર્ટ અનુસાર, ચીનના



ઉત્તરી પ્રાંત લિયાઓનિંગના ડોંગશાન પાર્કમાં રોકડની તંગીને કારણે પ્રાણીઓને ખોરાક પણ નથી મળી રહ્યો. માણસોની સાથે સાથે પ્રાણીઓ પણ ભૂખ્યા રહી રહ્યાં છે તેમ કહી શકાય. જિનપિંગ સરકારે સરકારી ફંડથી ચાલતા આ પ્રાણી સંગ્રહાલયને પૈસા આપવાનું બંધ કરી દીધું છે. પ્રાણીઓના ખોરાકમાં પણ 50 ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. પરિસ્થિતિ એવી છે કે, લોકોને ભૂખથી પીડાતા પ્રાણીઓની મદદ માટે ખોરાક અને પૈસા દાન કરવાની અપીલ કરવામાં આવી રહી છે. આ સિવાય કર્મચારીઓને છેલ્લા છ મહિનાથી પગાર પણ ચૂકવવામાં આવ્યો નથી. જાનવરોની સામે ખોરાકની કટોકટી જોઈને લોકો સોશિયલ મીડિયા પર મદદ માંગી રહ્યા છે. ચાઈનીઝ વાઈલ્ડલાઈફ કન્ઝર્વેશન ગ્રૂપે સોશિયલ મીડિયા પર જારી કરેલી અપીલમાં કહ્યું, કે 'આ પાર્કમાં હજુ પણ રીંછના બચ્ચા છે જેમને ખોરાકની જરૂર છે. સગર્ભા ઘોડી માટેનો ખોરાક પણ અડધો કરી દેવામાં આવ્યો છે, અને પ્રાણી સંગ્રહાલયના કર્મચારીઓને છ મહિનાથી ચૂકવણી કરવામાં આવી નથી. અમને આશા છે કે, જે તે સંબંધિત વિભાગ આ બાબતે ધ્યાન દોરે.' એક રિપોર્ટ પ્રમાણે કહેવાય છે કે, કોવિડ-19 મહામારી દરમિયાન ઝીરો કોવિડ પોલિસીના કારણે ચીનની આર્થિક વ્યવસ્થા પડી ભાંગી છે. સૌથી ખરાબ હાલત રિયલ એસ્ટેટની છે, જ્યાં મંદી છે.


સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું પર્યાવરણ સંરક્ષણની દિશામાં મહત્વનું પગલું

# પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડે ગબ્બરથી શરૂ કર્યું 'પર્વત પવિત્રતા અભિયાન'

■ પાવાગઢ તથા ગિરનાર પર્વતોએ પણ નવરાત્રિ પહેલા શરુ કરાશે સફાઈ ઝુંબેશ

ગુજરાત | વંદન



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પર્યાવરણ સંરક્ષણની દિશામાં એક મહત્વનું પગલું ભરી રાજ્યમાં તે પર્વતો પર સ્વચ્છતા અભિયાન ચલાવવાની મંજૂરી આપી છે કે જ્યાં પ્રસિદ્ધ યાત્રાધામો છે અને લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચે છે.

રાજ્ય સરકારના સાહસ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ (જીપીવાયવીબી)એ મુખ્યમંત્રી સમક્ષ યાત્રાધામો ધરાવતા આ પર્વતોની પવિત્રતા જાળવી રાખવા માટે ત્યાં સ્વચ્છતા અભિયાન ચલાવવાની દરખાસ્ત મૂકી હતી કે જેને મુખ્યમંત્રીએ મંજૂરી આપી દીધી છે. મુખ્યમંત્રી દ્વારા મંજૂરી મળતાં જ જીપીવાયવીબીએ અંબાજીમાં 23 સપ્ટેમ્બરથી શરૂ થતાં ભાદરવી પૂનમના મેળા પહેલા ગબ્બર પર્વત પર 'પર્વત પવિત્રતા અભિયાન' પ્રારંભ કર્યું છે. એટલું જ નહીં, નવરાત્રિ પ્રારંભ થતાં પહેલા પાવાગઢ અને ગિરનાર પર્વતોએ પણ મોટા પાયે સફાઈ કામગીરી શરુ કરવામાં આવશે.જીપીવાયવીબીના સચિવ આર. આર. રાવલે જણાવ્યું કે લાંબા સમયથી જણાતુ હતું કે અંબાજી, પાવાગઢ ખાતે આવેલ મહાકાળી મંદિર તથા ગિરનાર તીર્થ જેવા યાત્રાધામો અરવલ્લી, પાવાગઢ અને ગિરનાર પર્વતો પર હોવાના કારણે આ પવિત્ર યાત્રાધામ પરિસરોની આસપાસના ડુંગરાળ વિસ્તારોમાં સફાઈ કામગીરી થઈ શકતી નહોતી. ઉપરથી અહીં આવતા શ્રદ્ધાળુઓ દ્વારા મંદિરના ચોકથી કચરો સીધા પર્વતીય ખીણમાં ફેંકી દેવામાં આવે છે. પર્વતો પર આ રીતે ગંદગી થતા પર્યાવરણને પણ નુકસાન પહોંચે છે અને પર્વતોની પવિત્રતાની સાથે જ જે તે યાત્રાધામની શોભા વિરુદ્ધ છબી ઉત્પન્ન થાય છે. તેથી ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ યાત્રાધામ ધરાવતાં આવા ડુંગરો પર સ્વચ્છતા અભિયાન ચલાવવાની દરખાસ્ત મૂકી હતી કે જેને મુખ્યમંત્રીએ મંજૂરી આપી પર્યાવરણ સંરક્ષણની દિશામાં મહત્વની પહેલ કરી હતી.

મુખ્યમંત્રી દ્વારા આ દરખાસ્તને મંજૂરી મળ્યા બાદ બોર્ડે તેમના માર્ગદર્શન હેઠળ પ્રથમ વખત પર્વતીય પ્રદેશ પર સ્થિત પવિત્ર યાત્રાધામ પરિસરોની સ્વચ્છતા તથા આસપાસના ફિઝિબલ-વિઝિબલ ડુંગરાળ વિસ્તારોમાં કચરો-ગંદગી સાફ કરવાની વ્યાપક સફાઈ ઝુંબેશ શરૂ કરવાનો નવતર પ્રયોગ હાથ ધર્યો છે.

રાવલે જણાવ્યું કે ભાદરવી પૂનમના મેળાને ધ્યાને લઈ ગબ્બર પર્વત-અંબાજી પરિસરમાં ગત 4થી ઑગસ્ટથી ગબ્બર પર્વત સ્વચ્છતા અભિયાન પ્રારંભ કરી દેવામાં આવ્યું છે; જ્યારે શ્રી મહાકાળી માતા મંદિર-પાવાગઢ તથા ગિરનાર તીર્થ-ગિરનાર પર્વત ઉપર પણ આગામી નવરાત્રિ પહેલા વ્યાપક સ્વચ્છતા અભિયાન શરુ કરવામાં આવશે.

### જીપીવાયવીબી દ્વારા કરવામાં આવે છે ઉચ્ચ કક્ષાની સ્વચ્છતા કામગીરી

જીપીવાયવીબી દ્વારા રાજ્યનાં આઠ મહત્વના યાત્રાધામો અંબાજી, શામળાજી, ડાકોર, પાવાગઢ, સોમનાથ, દ્વારકા, પાલીતાણા તથા જુનાગઢ-ગિરનાર તેમજ તેની આસપાસના વિસ્તારોમાં એપ્રિલ-2018થી હાઈ એંડ ક્લીનલીનેસ (ઉચ્ચ કક્ષાની સ્વચ્છતા) અભિયાન શરુ કરાયુ હતું. આ સફાઈ અભિયાન હેઠળ આ આઠ યાત્રાધામોમાં મંદિર પરિસર જ નહીં, પણ મંદિરને જોડતા મુખ્ય માર્ગો, બજાર વિસ્તાર, ગબ્બર, વૉક-વે અને જ્યાં શ્રદ્ધાળુઓ/યાત્રાળુઓ/પ્રવાસીઓનો વધારે ઘસારો રહે છે, તેવા વિસ્તારોમાં ઉચ્ચ કક્ષાની સ્વચ્છતા કામગીરી કરવામાં આવી રહી છે.

## રાજપીપળા: એક જ પંડાલમાં 500 ગણેશજીનું પૂજન



રાજપીપળાના ભાટવાડા વિસ્તારમાં છેલ્લા 38 વર્ષથી જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓમાંથી ગણેશજીની મૂર્તિનો શણગાર કરવામાં આવે છે. અહીની ખાસિયત એ છે કે પોતાની માનતા પૂર્ણ થતા ભક્તો દ્વારા ગણેશજીની નાની મૂર્તિ મૂકવામાં આવે છે. આ વર્ષે પણ એક જ પંડાલમાં 500 જેટલી મૂર્તિઓ મૂકવામાં આવી છે. એક જ પંડાલમાં 500 જેટલા ગણેશજીનાં પૂજનના દર્શન કરવા ભક્તો ઉમટી પડે છે. ત્યારે કહી શકાય કે એક જ મંડપમાં એકી સાથે 500 ગણેશજી પૂજાતા હોય તેવું આ એક માત્ર આસ્થાનું કેન્દ્ર છે.

## રાજ્યના ખેડા -મહીસાગર જિલ્લાના ગામોમાં સિંચાઇની સુવિધા પૂરી પાડવા સરકારનો નિર્ણય

■ 61 ગામોના 120 તળાવોને ઉદવહન સિંચાઈ યોજના દ્વારા પાઈપલાઈનથી જોડાણ કરાશે, ખેતીનો વાવેતર વિસ્તાર વધશે

ગુજરાત | વંદન

ખેડા અને મહીસાગર જિલ્લાના ૬૧ ગામોના ૧૨૦ તળાવોને ઉદવહન સિંચાઈ યોજના દ્વારા પાઈપલાઈનથી જોડી અંદાજે ૮૧૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈના પાણીની સુવિધા પૂરી પાડવા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. આ ઉદવહન સિંચાઈ યોજના માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૭૯૪.૪૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી હોવાનું જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળીયાએ જણાવ્યું છે.

ખેડા અને મહીસાગર જિલ્લાના ખેડૂતોને સિંચાઈના પાણી માટે વિશેષ સુવિધા પુરી પાડવાનાં ઉદેશ સાથે લેવામાં આવેલા આ નિર્ણયની વિસ્તૃત વિગતો આપતા જળ સંપત્તિ મંત્રી કુંવરજીભાઇ બાવળીયાએ જણાવ્યું કે, ખેડા જિલ્લાના કપડવંજ, કઠલાલ અને ગલતેશ્વર તાલુકાના ૩૫ ગામોના ૮૩ તળાવો તેમજ મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના ૨૬ ગામોના ૩૭ તળાવો એમ કુલ ૧૨૦ તળાવોને ઉદવહન સિંચાઈ યોજના દ્વારા પાઈપલાઈનથી જોડવામાં આવશે.

જળ સંપત્તિ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલે વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે,ખેડા જિલ્લાનાં કપડવંજ, કઠલાલ અને ગલતેશ્વર તાલુકા તેમજ મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાનો એક મોટો હિસ્સો નર્મદા મુખ્ય નહેર અને સુજલામ સુફલામ સ્પ્રેડીંગ નહેરની વચ્ચે આવેલો છે. જેની પૂર્વ દિશાએ મહી નદી આવેલી છે. આ ચાર તાલુકાના મોટા ભાગના ગામોને કોઈપણ સ્ત્રોતમાંથી સિંચાઈના પાણીનો લાભ મળતો નથી. સિંચાઈથી વંચિત આ વિસ્તારના લોકો તેમની આજીવિકા માટે મુખ્યત્વે ખેતી પર આધાર રાખે છે. આ વિસ્તારના ખેડૂતોને સિંચાઈ માટે પાણીનો લાભ મળી રહે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામા આવ્યો છે.

## થોડી ઈધર કી / થોડી ઉધર કી

# બિધુડીએ એવું કર્યું કે...કાંઇ કહેવા જેવું નથી....તેની સામે પગલા કેવા લેવાશે....?


સંસદના ઈતિહાસમાં એવું ક્યારે બન્યુ નથી અને નવી નવેલી સંસદના છેલ્લા દિવસે ભાજપના સીનિયર સંસદ સભ્ય રમેશ બિધુડી દ્વારા જે અભદ્ર શબ્દોનો ઉપયોગ 200 પાના મુસ્લિમ સાંસદ દનિશ અલી સામે કરવામાં આવ્યા જે દ્રશ્યો જોઈને અને બોલાયેલા શબ્દો સાંભળીને ભાજપના કેટલાય નેતાઓએ માથુ પકડી લીધુ હશે કે અરરર...આ શું, આપણ વડાપ્રધાન મોદીજી ગાજી-ગાજીને બોલ્યા કે નવી સંસદનું માન-સન્માન, ગરીમા, ગૌરવ જાળવજો અને ઈતિહાસમાં એક સારી નોંધ લેવાય એવું વર્તન કરજો.... પણ રમેશ બિધુડીએ પેલી કહેવત સાંભળી હશે કે 'શેઠની શિખામણ ઝાંપા સુધી', ઝાંપાની બહાર નીકળ્યા એટલે શિખામણ ગઈ હવા-હવાઈ....અને તેમણે જે સંસદમાં 140 કરોડ માટેના નિયમો, કાયદાઓ ઘડાય છે ત્યાં ઉભા રહીને એક મુસ્લિમ સાંસદ માટે મુલ્લે... ઉગ્રવાદી....આંતકવાદી...અને મહિલાનો વેપાર કરનાર માટે જે શબ્દ 'ભ' થી શરૂ થાય છે તેનો ઉચ્ચારણ કરીને સંસદની ગૌરવ, ગરીમા, માન, સન્માનને ઘોળીને પી ગયા....




ભાજપના સાંસદની જગ્યાએ કોઈ અન્ય પક્ષના સાંસદે આવું વર્તન ખરેખર તો ગેરવર્તન કર્યું હોત તો....? હવે આવા સવાલો પણ સોશિયલ મીડિયામાં થઈ રહ્યાં છે કે, ભાજપવાળા કરે તો ગુડ-ગુડ અને વિરોધપક્ષ કરે તો બેડ-બેડ. ભાજપે રમેશ બિધુડીને શેહ-શરમ રાખ્યા વગર નવી સંસદમાં એક દાખલો બેસાડવા એવા કડક પગલા લેવા જોઈએ કે જેથી બીજા સાંસદો પણ આવું ગેર-વર્તન કરતા અટકે, શું એવું થશે ?

### જાગો વિક્રમ પ્યારે જાગો.....તેરા જગના જરૂરી... તૂ જગેગા તો પ્રજ્ઞાન ભાગેગા...!

ભારતની અંતરીક્ષ સંસ્થા ઈસરોમાં અત્યારે એક ગીત ગૂંજી રહ્યું હશે-જાગો મોહન પ્યારે જાગો....ચંદ્રયાન-3ના વિક્રમ અને પ્રજ્ઞાનને જગાડવા માટે ઈસરો દ્વારા પ્રયત્નો શરૂ થયા છે. ચંદ્ર પર રાત 14 દિવસ સુધી ચાલતી હોય છે. એ રાત્રિનો સમયકાળ પૂરો થયો અને સૂર્યના કિરણો વિક્રમ અને પ્રજ્ઞાન પર પડતા જ ઈસરોએ પોતાના બટનો ધડ-ધડ-ધડ દબાવવાનું શરૂ કર્યા છે. જો કે, વિક્રમ અને પ્રજ્ઞાનએ હજુ કોઈ ભાવ કે પ્રતિભાવ આપ્યો નથી...



વિક્રમ અને પ્રજ્ઞાનનું જાગવુ જરૂરી છે. ચદ્ર પર રાત પડે તે પહેલા તેમને ઈસરોએ સુવડાવી દીધા હતા. હવે તેમને જગાડવાનો પ્રયાસો આરભ્યા છે. સ્વભાવિક છે કે, સાર એ છે કે, જાગો વિક્રમ પ્યારે જાગો... તેરા જગના બહોજ જરૂરી હૈ.. તૂ જગેગા તો પ્રજ્ઞાન ભી ભાગેગા... ઔર પ્રજ્ઞાન ભાગેગા તો...ચંદ્રની ધરતી પર વધુ પ્રયોગ હાથ ધરી શકાશે આમ તો ચંદ્રની ધરતી પર ઉતર્યા બાદ વિક્રમ અને પ્રજ્ઞાને ટુથપેસ્ટ બબુલ....પૈસે વસૂલ....ની જેમ કામ કર્યું છે. ચંદ્રની ધરતી પર પાણી છે ઓક્સિજન છે એવા નિર્દેશો ઈસરોને મોકલ્યા છે જે ભવિષ્યમાં માણસ જ્યારે શટલ યાનમાં બેસીને ચંદ્રના આંટા-ફેરા કરવા માટે કામમાં આવશે કારણ કે, માણસને એમ લાગી રહ્યો છે, આ પ્લાનેટ પર હવે રહેવા જેવું નથી એટલે સુખી મન મેરે યહાં નહી રહના જહાં હો ચંદ્ર વહાં હી રહેના....

### કૂતરાની પૂંછડી વાંકી રે વાંકી..ચીન હૈ કી માનતા નહી...

કૂતરાની પૂંછડી વાંકી રે વાંકી...ની જેમ ડ્રેગન સુધરે એમ લાગતું નથી અને માત્ર ભારતે જ નહી પરંતુ આખી દુનિયાએ એમ માનીને ચાલવું પડશે કે, 'ચીન હૈ કી માનતા હી નહી' અને શું કામ માને? તેની પાસે શું નથી કે જેશી તે કોઈનાથી ડરે ?



ચીનના આંગણે એશિયન ગેમ્સ શરૂ છે પરંતુ ચીને ભારત માટે એવું કર્યું કે જેથી ભારતને મુશ્કેલીમાં મુકાઈ જવું પડે ચીન વર્ષોથી દાવો કરે છે કે ભારતનો અરૂણાચલ પ્રદેશ તેનો છે કે એટલે અરૂણાચલ પ્રદેશના રમતવીરોને વીઝા આપવાનો ઈનકાર કર્યો જેથી ભારત ભડકે અને નારાજ થાય.

વિસ્તારવાદી ચીનથી અમેરિકા પણ તંગ આવી ગયું છે. ચીનને કાબુમાં લેવા માટે અમેરિકાએ ભાજતને ખાસ અને પાક્કો દોસ્તાર બનાવ્યો છે. પરંતુ ચીન અમેરિકાની સાથે-સાથે ભારતને 1962થી પરેશાન કરતું આવ્યું છે. ચીનની મીઠી-મીઠી અને પ્યારી પ્યારી સમધુર બોલીમાં લપેટાઈને ભારતના બે વડા પ્રધાનોને ત્યાર બાદ ભોઠા પડવું પડ્યું એવું ભવિષ્યના વડાપ્રધાન માટે ન થાય એટલે ચીનથી દૂર રહેવું યોગ્ય અને એમા જ ભારતનું ભલું છે.

ચીન 100 વરસનું આયોજન કરે છે. ચીન એક દિવસ નેપાળ, મ્યાનમાર, શ્રીલંકા જેવા નાના દેશોને ડ્રેગનની જેમ ઓહીયા કરી જશે અને ભારતની સામે આવીને ઠાવકાઈથી ઉભું રહી જશે એટલે ભારતે પણ ચીનની સામે 100 વરસનો આયોજન કરવું પડશે. -પ્રવીણ ઘમંડે

## એમઓયુ થકી થશે 1095 કરોડનાં રોકાણ

# વાઈબ્રન્ટ સમિટ પહેલા મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં વધુ પાંચ એમઓયુ થયા




ગુજરાત | વંદન

કોરોના બાદ પ્રથમવાર વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ આગામી જાન્યુઆરી 2024માં યોજાશે. ત્યારે આજે બુધવારે 10મી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના પુર્વાર્ધ રૂપે વધુ પાંચ MoU સંપન્ન થયા છે. સીએમ ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં થયેલા આ પાંચ MoU દ્વારા કુલ ૧,૦૯૫ કરોડ રૂપિયાના સંભવિત રોકાણો રાજ્યમાં આવશે. એટલું જ નહીં, આના પરિણામે આગામી વર્ષમાં રોજગારીની તકો ઉભી થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં આગામી વાયબ્રન્ટ સમિટની શરૂઆત પૂર્વે જ રાજ્ય સરકારે રાજ્યમાં મૂડીરોકાણો મેળવવા માટે વિવિધ ઉદ્યોગકારો સાથે MoU કરવાનો નવતર ઉપક્રમ યોજ્યો છે. આ ઉપક્રમમાં જુલાઈ-૨૦૨૩થી અત્યાર સુધીમાં ૭ તબક્કામાં કુલ ૧૩,૫૩૬ કરોડ રૂપિયાના સંભવિત રોકાણો માટેના MoU થયા છે.

પ્રતિ સપ્તાહના પ્રારંભે MoU કરવાના આ ઉપક્રમ અંતર્ગત બુધવારે થયેલા પાંચ MoU અવસરે ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂત, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાશનાથન, મુખ્ય સચિવ રાજકુમાર તથા અધિક મુખ્ય સચિવઓ અને વરિષ્ઠ સચિવો અને MoU કરનારા ઉદ્યોગ ગૃહોના પ્રતિનિધિઓ જોડાયા હતા.

આજે થયેલા MoUમાં પેકેજીંગ મટિરિયલ ઉત્પાદન, પ્લાસ્ટિક, ટેક્ષટાઈલ અને રિન્યુએબલ સેક્ટરના પ્રોજેક્ટસ, ફોર્મ્યુલેશન અને API તથા ફૂડ પ્રોસેસિંગ પ્લાન્ટમાં ખાદ્યતેલ, ગ્રીન ટી, રેડિ ટુ ઈટ ગુજરાતી ખીચડી, દેશી ગીર ગાયનું ઘી અને મધ ઉત્પાદન તથા ગ્રીનફિલ્ડ પ્લાન્ટ અંતર્ગત રેડી ટુ કુક પ્રોડક્ટસ માટેના MoUનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાં રાજ્ય સરકારના પ્રો-એક્ટીવ અભિગમને પરિણામે ઉદ્યોગ સ્થાપના માટે જમીન મેળવવાથી લઈને બધી જ પરવાનગીઓ સરળતાથી મળી રહે છે તે માટે MoU કરનારા ઉદ્યોગકારોએ સંતોષ અને આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી

# આગામી 10જાન્યુઆરીથી ત્રણ દિવસ માટે રાજ્યમાં યોજાશે વાયબ્રન્ટ સમિટ

ગુજરાત | વંદન

આગામી જાન્યુઆરી-2024માં યોજાનારી 10મી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટને લઈ રાજ્ય સરકારે તૈયારીઓ તેજ કરી છે. વાયબ્રન્ટ ગુજરાત વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોગો તેમજ વેબસાઈટ અને એપ્લિકેશનનું લોંચિંગ કરવામાં આવ્યું છે. અત્રે જણાવીએ કે, આગામી 10,11 અને 12મી જાન્યુઆરીના રોજ આ સમિટ યોજાશે. જાન્યુઆરી-2024માં યોજાનારી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનને લઈ ગાંધીનગર ખાતે તૈયારીઓ શરૂ કરી છે. જેના ભાગ રૂપે આજે આ સમિટનો લોગો તેમજ વેબસાઈટ અને એપ્લિકેશન પણ લોન્ચ કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કહ્યું કેરાજ્યના તમામ જિલ્લાઓ અને મહાનગરો પણ આ સમિટમાં જોડાઈ શકે તેવા હેતુથી આ વખતે "વાયબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ ડિસ્ટ્રીક્ટ" કાર્યક્રમ પણ યોજાઈ રહ્યો છે. જે અંતર્ગત, રાજ્યમાં 37 જગ્યાઓએ યોજાનાર વિવિધ કાર્યક્રમોમાં પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાના લાભાર્થીઓ, MSME,સ્ટાર્ટઅપ, સેલ્ફ હેલ્પ ગ્રુપ્સ તથા મહિલા ઉદ્યોગસાહસિકો, કુટિર ઉદ્યોગોને સાંકળી લેવામાં આવશે. આ દરમિયાન વેપાર-વાણિજ્ય અંગેના વિવિધ સેમિનાર અને એક્ઝીબીશન, માર્કેટિંગ-બ્રાન્ડિંગ વર્કશોપ વગેરેનું આયોજન પણ કરાશે.

## પોલીસકર્મી તોડકાંડના પહલે સરકારની હાઈકોર્ટમાં ખાતરી

# જાહેર પરિવહનના વાહનો પર QR કોડ લાગશે, સીધી ફરિયાદ થઈ શકશે

ગુજરાત | વંદન


થોડા સમય પહેલા અમદાવાદનાં એક દંપતી પાસેથી 2 ટ્રાફિક પોલીસ તેમજ એક ટીઆરબી જવાન કરેલ તોડકાંડ મામલે પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જે બાદ રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં રાજ્ય સરકારે કોર્ટમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં તમામ જાહેર પરિવહનનાં વાહનો પર QR કોડ લગાવાશે. જેથી પોલીસ દ્વારા થતી હેરાનગતિ કે પરેશાનીનાં સંજોગોમાં QR કોડ સ્કેન કરી સીધી ફરિયાદ નોંધાવી શકાશે.

અમદાવાદના સાઉથ બોપલ વિસ્તારમાં રહેતા મિલનભાઈ કૈલા અને તેમના પત્ની 26 ઓગસ્ટનાં રાત્રીનાં સુમારે ઉબેર કારમાં એરપોર્ટથી ઘરે આવવા નીકળ્યા હતા. આ દરમિયાન ઓગણજ સર્કલ નજીક ટ્રાફિક પોલીસે તેમની ટેક્સીને રોકી હતી. જે બાદ ટ્રાફિક પોલીસે ઉબેર કારમાં બેઠેલા મિલનભાઈ કૈલા અને તેમના પત્ની પાસેથી પૈસાની માંગણી કરી હતી. ઓગણજ સર્કલ નજીક એરપોર્ટથી આવતી ટેક્સીને રોકી ટ્રાફિક પોલીસકર્મીએ કારમાં બેસેલા પેસેન્જર પાસેથી 2 લાખની માંગણી કરી હતી અને તેમને ધમકી આપી હતી. જે બાદ તેઓએ મિલનભાઈ પાસેથી 40 હજાર રોકડા પડાવ્યા હતા. જ્યારે ફરિયાદીના પત્નીના ફોનમાંથી ઉબેરના ડ્રાઈવરના ફોનમાં 20 હજાર ટ્રાન્સફર કરાવ્યા હતા.

## ગુજરાતને મળશે ત્રીજી વંદે ભારત ટ્રેન

# અમદાવાદ-જામનગર વચ્ચે વંદે ભારત ટ્રેનનું ટ્રાયલ થશે

ગુજરાત | વંદન



તા.24મીથી શરૂ થનાર જામનગર-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની આજે ટ્રાયલ લેવામાં આવી હતી. જે અંતર્ગત અમદાવાદથી વિરમગામ સુધી ટ્રાયલ ટ્રેન દોડાવી વિવિધ ટેકનીકલ બાબતો, સ્પીડ, સમય સહિતની નોંધ કરી રૂટનો સર્વે હાથ ધરવામાં આવ્યો હતો.

સૌરાષ્ટ્રની સૌ પ્રથમવાર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ફાળવાતા આ ટ્રેન જામનગર- અમદાવાદ વચ્ચે દોડશે. આ ટ્રેન સવારે 5:30 કલાકે જામનગરથી ઉપડી રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, સાબરમતી પહોંચશે. જ્યારે સાબરમતીથી સાંજે 7 કલાકે ઉપડી આ ટ્રેન રાતના 10:30 કલાકે જામનગર પહોંચશે.અત્યાર સુધીમાં દેશમાં વિવિધ આંતરરાજ્ય માર્ગો પર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનો શરૂ કરવામાં આવી છે. દેશની પ્રથમ વંદે ભારત ટ્રેન નવી દિલ્હીથી વારાણસીના રૂટ પર શરૂ કરાઇ હતી. આ પછી રેલવેએ નવી દિલ્હી-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા, ગાંધીનગર-મુંબઈ, નવી દિલ્હી-અંબ અંદૌરા, ચેન્નઈ-મૈસુર, નાગપુર-બિલાસપુર, હાવડા-ન્યૂ જલપાઈગુડી, સિકંદરાબાદથી વિશાખાપટ્ટનમ, મુંબઈ-સોલાપુર, મુંબઈ-સાઈનગર શિરડી અને દિલ્હી-ભોપાલ રૂટ પર શરૂ કરાઇ હતી. જે બાદ હવે ગુજરાતનો વારો આવ્યો છે. ગુજરાતમાં થોડા સમયમાં 3જી વંદે ભારત ટ્રેન શરૂ થવા જઈ રહી છે. મળતી માહિતી મુજબ આવતા સમયમાં લાગી રહ્યું છે કે ભારતના દરેક રુટ પણ વંદે ભારત ટ્રેન ચાલુ થઈ શકે છે. હાલ આ ટ્રેન જે અમદાવાદ જામનગર વચ્ચે ચાલશે તે અંદાજે તારીખ 24મી સપ્ટેમ્બરથી શરૂ થઈ રહી છે.

## પ્રોત્સાહન | મહિલા હેલ્પલાઇન 181 દ્વારા અત્યાર સુધીમાં 12.51 લાખથી વધુ કોલ એટેન્ડ કરાયા, અનેક પીડિતાઓને બચાવી લેવાઈ

# 108 ઇમરજન્સી સેવા દ્વારા રેકોર્ડ બ્રેક 1.52 કરોડથી વધુ કોલ એટેન્ડ કરાયા

■ આરોગ્ય સંજીવની-મોબાઈલ હેલ્થ યુનિટનો ૨ કરોડથી વધુ નાગરિકોએ લીધો લાભ

ગુજરાત | વંદન

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૦૭માં શરૂ કરાયેલી આરોગ્યલક્ષી ૧૦૮ ઈમરજન્સી સેવાનું માળખું આજે અન્ય રાજ્યો માટે એક આદર્શ મોડલ તરીકે પ્રસ્થાપિત થયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાતના તમામ જિલ્લાના શહેરો, તાલુકા અને છેવાડાના ગામ સુધી આજે ૧૦૮ ઈમરજન્સી સેવા ૨૪x૭ વિનામૂલ્યે ઉપલબ્ધ થઇ રહી છે, જે ગુજરાતના નાગરિકો માટે આશિર્વાદ સમાન છે.

ગુજરાતમાં આરોગ્ય સેવા ક્ષેત્રે ૧૦૮ ઈમરજન્સી સેવા શરુ થઇ ત્યારથી ઓગસ્ટ-૨૦૨૩ સુધીમાં રેકોર્ડ બ્રેક કુલ ૧.૫૨ કરોડથી વધુ ઈમરજન્સી કોલ સફળતાપૂર્વક એટેન્ડ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૫૧.૩૭ લાખથી વધુ પ્રસૂતિ સંબંધિત ઈમરજન્સી અને માર્ગ અકસ્માતના કિસ્સામાં ૧૮.૭૨ લાખથી વધુ ઈમરજન્સી સેવાઓ આપવામાં આવી છે.




જીવન મરણનો સવાલ હોય તેવા આપાતકાલીન સ્થિતિમાં અત્યારસુધીમાં કુલ ૧૪ લાખથી વધુ લોકોના જીવ બચાવવામાં આવ્યા છે, તેમજ એમ્બ્યુલન્સમાં અને જે તે સ્થળ ઉપર કુલ ૧.૩૨ લાખથી વધુ સફળ પ્રસૂતિ કરાવવામાં આવી છે.

ગુજરાતના અમરેલી, બનાસકાંઠા, દેવભૂમિદ્વારકા, જામનગર, વલસાડ અને અમદાવાદ જિલ્લાના ૧૦૮ના ઈમરજન્સી મેડિકલ ટેકનિસિયન્સ-EMTs અને પાયલોટે ઈજાગ્રસ્તો પાસેથી મળેલી અંદાજે રૂ. ૧૯.૩૩ લાખની કિંમતની વસ્તુઓ-રોકડ પરત કરી પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ૧૦૮ ઈમરજન્સી સેવા ઉપરાંત ગુજરાતમાં અન્ય વિવિધ ઈમરજન્સી સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૧૨થી કાર્યરત ૪૬૭ જેટલી ખિલખિલાટ વાનનો ૯૫ લાખથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો છે. આરોગ્ય સંજીવની-મોબાઈલ હેલ્થ યુનિટમાં કાર્યરત ૨૫૨ વાન થકી ૨ કરોડથી વધુ નાગરિકોએ લાભ લીધો છે.

વર્ષ ૨૦૧૫થી શરૂ થયેલી ૧૮૧ મહિલા હેલ્પલાઈન અંતર્ગત ૧૨.૫૧ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને ૫૯ વાન દ્વારા ૨.૫૩ લાખથી વધુ મહિલાઓને સ્થળ પર જરૂરી મદદ કરવામાં આવી છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૭માં શરૂ કરાયેલી ૧૦૪ હેલ્થ હેલ્પલાઈન દ્વારા કુલ ૪૮.૬૮ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યુ છે. આ ઉપરાંત વર્ષ-૨૦૧૮માં શરૂ કરાયેલી ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ દ્વારા ૬૫૪ જેટલા નાગરિકોનો જીવ બચાવવામાં આવ્યો છે. હાલમાં ગુજરાતમાં બે ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ સેવારત છે. રાજ્યના ૮ જિલ્લાઓમાં વર્ષ ૨૦૧૯થી કાર્યરત ૧૧૨ ઈમરજન્સી સેવા અંતર્ગત ૧.૪૩ કરોડથી વધુ ઈમરજન્સી કોલ, પોલીસ ઈમરજન્સી, ફાયર ઈમરજન્સી, મેડીકલ ઈમરજન્સી અને ડિઝાસ્ટર ઈમરજન્સી સંબંધિત કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે.

## ઈન્ડિયા કોલોનીની વોર્ડમાં બાકડા દીઠ 8172 ચુકવાશે, અન્ય વોર્ડ કરતા ત્રણ ગણા વધારે

# 48 વોર્ડમાં મુકાશે અધધ...16 હજાર બાકડા

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરના વિકાસ માટે મ્યુનિ. કોર્પોરેટરોને દર વર્ષે ૩૦ લાખ રૂપિયાની ગ્રાંટ આપવામાં આવે છે સામાન્ય રીતે આ ગ્રાંટનો ઉપયોગ પ્રાથમિક સુવિધા માટે થાય તે જરૂરી છે પરંતુ મોટાભાગના કોર્પોરેટરોને પ્રજાના કામ કરતા પોતાના નામમાં વધુ રસ છે.

તેથી જયાં તેમના નામની તકતી લાગે તેવા કામો પાછળ જ તેમનું બજેટ ફાળવતા હોય છે. ચાલુ નાણાંકિય વર્ષમાં કોર્પોરેટરોએ પાણી, ડ્રેનેજ કે લાઈટ માટે બજેટ ફાળવવાની જગ્યાએ બાકડાઓ માટે બજેટ ફાળવ્યા છે. શહેરના ૪૮ વોર્ડમાં લગભગ ૧૬ હજાર બાકડા માટે બજેટ આપવામાં આવ્યું છે.

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા કોર્પોરેટરોને જે વાર્ષિક બજેટ આપવામાં આવે છે તેનો ઉપયોગ સ્વ પ્રચાર માટે થઈ રહયો છે. શહેરના અલગ અલગ વોર્ડમાં મળી ૧૬૧૦૦ બાંકડા માટે કોર્પોરેટરોએ બજેટ ફાળવ્યા છે જેમાં પણ મોટાપાયે વિસંગતતા જોવા મળી રહી છે.

મ્યુનિ. સ્ટેન્ડિગ કમિટિએ ટેક્ષચર ફિનીશ પિકાસ્ટ બાંકડા માટે ઠરાવ કર્યો હતો પરંતુ દરેક વોર્ડમાં અલગ અલગ પ્રકારના બાંકડા માટે ટેન્ડર મંજુર થઈ રહયા છે. મધ્યઝોનમાં એક જ કોન્ટ્રાકટરને ૩૬.૩૬ ટકા ઓછા ભાવથી ઓર્ડર આપવામાં આવ્યો છે.

જેમાં કેટલીક જગ્યાએ માત્ર આરસીસી બાકડા મુકવામાં આવ્યા છે જેના માટે બાકડા દીઠ રૂ.૨૯૬૦ ચુકવાશે. જયારે ટેક્ષચર ફિનીશ બાંકડા માટે રૂ.૩૫૮૮ ચુકવાશે. મધ્યઝોનના તમામ ટેન્ડરની મંજુરી ડેપ્યુટી કમિશ્નર ઠરાવથી આપવામાં આવી છે. ઉત્તર-પશ્ચિમ ઝોનના ત્રણ વોર્ડ માટે કુલ ૧૦૦૦ બાંકડાનું ટેન્ડર મંજુર કરવામાં આવ્યું છે.

જેના માટે બાંકડા દીઠ રૂા.૩૫૯૬ ચુકવાશે આ ઝોનના ઘાટલોડિયા વોર્ડમાં ૬૬, થલતેજ વોર્ડમાં ૮૮, અને બોડકદેવમાં ૪૭ બાંકડા અત્યાર સુધી મુકવામાં આવ્યા છે તેવી જ રીતે પશ્ચિમ ઝોનમાં ૩૧૩૬ બાંકડા મુકવામાં આવશે જે પૈકી નારણપુરા વોર્ડમાં ૪૬ બાકડા મુકાઈ ગયા છે.

આ ઝોનના ચાંદખેડા વોર્ડમાં સૌથી વધુ ૬૪૪ બાંકડા માટે ટેન્ડર ઈનવાઈટ કરવામાં આવ્યા છે જેના માટે રૂા.૨૨૭૦૪૦૫ ચુકવાશે. દક્ષિણ ઝોનમાં ૨૮૮૩ બાંકડા માટે ટેન્ડર મંજુર કરવામાં આવ્યા




છે જેમાં લાંભા વોર્ડમાં માત્ર ૨૧૪ બાંકડા મુકાશે જયારે ઈન્દ્રપુરી વોર્ડમાં ૧૪૦ બાંકડા માટે ટેન્ડર મંજુર કરવામાં આવ્યા છે.

ઉત્તર ઝોનમાં કુલ ૨૧૦૦ બાંકડા મુકવા માટે કોર્પોરેટર તરફથી માંગણી કરવામાં આવી છે. ઝોનના ઈન્ડીયા કોલોની વોર્ડમાં ૨૩૭ બાંકડા મુકવામાં આવશે જેના માટે રૂા.૧૯૩૬૯૮૦ ના ટેન્ડર મંજુર કરવામાં આવ્યા છે મતલબ કે ઈન્ડીયા કોલોની વોર્ડમાં એક બાંકડા દીઠ રૂા.૮૧૭૨ ચુકવાશે જે અન્ય વોર્ડ કરતા અઢી થી ત્રણ ગણા વધુ છે. મ્યુનિ. કોર્પોરેશન દ્વારા સપ્ટેમ્બર ૨૦૦૦માં બાંકડા માટે એક ખાસ પરિપત્ર કરવામાં આવ્યો હતો જે પરિપત્ર મુજબ જે ફુટપાથની પહોળાઈ અઢી મીટરથી વધારે હોય તે ફુટપાથ પર જ બાંકડા મુકવા. આ ઉપરાંત એક જ સ્થળે ચાર બાકડાથી વધુ એક સાથે ન મુકવા. મ્યુનિ. શાળા, આંગણવાડી, સ્મશાન, કોર્પોરેશન હસ્તકના કોમન પ્લોટ, બગીચા, તળાવ વિગેરે સ્થળે બાંકડા મુકી શકાય છે પરંતુ નોન ટીપી રોડ પર બાકડા મુકી શકાતા નથી.

## વાડજમાં ઢોર પકડનાર ટીમ સાથેની માથાકૂટમાં વૃદ્ધને માર મારતા ઢળી પડ્યા

# ઉગ્ર બની રહ્યો છે રસ્તા ઉપર રખડતા પશુઓનો મામલો, એક વૃદ્ધનું મોત

ગુજરાત | વંદન

રખડતા પશુઓનો મામલો હવે મોત સુધી પહોંચી રહ્યો હોય તેમ કોર્પોરેશનની સત્તાવાળાઓની સાથે ઉગ્ર બોલાચાલી દરમિયાન એક માલાધારી વૃદ્ધનું મોત થતા તંગદિલી વ્યાપી ગઈ હતી. અને એક તબક્કે પોલીસને દરમિયાનગીરી કરવાની ફરજ પડી હતી.

શહેરમાં ઢોર પકડવા આવેલી ટીમ સાથે માલધારીઓની માથાકૂટ થઈ હતી. જેમાં માલધારી સમાજના એક વૃદ્ધ વ્યક્તિને હાર્ટ એટેક આવતાં મોત થયું હતું. હાલમાં મૃતક વૃદ્ધનો મૃતદેહ લઈને તેમનો પરિવાર AMCની પશ્ચિમ ઝોન કચેરીએ પહોંચ્યો હતો. તેમની સાથે માલધારી સમાજના લોકો મોટી સંખ્યામાં ભેગા થયા હતા. મામલો વધારે બીચકે નહીં તે માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ પહોંચી ગયાં હતા. માલધારી સમાજના આગેવાનોએ જવાબદાર અધિકારીઓ સામે પોલીસ ફરિયાદ કરવાની માંગ કરી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે રખડતા ઢોરની કાર્યવાહીને લઈને ઢોર અંકુશ ટીમ દ્વારા માલધારી સોસાયટી નવા વાડજમાં જઈ ઢોર પકડવાની કામગીરી દરમિયાન ઘર્ષણ દરમિયાન 65 વર્ષના વૃદ્ધ ઝામા ભાઈ રબારીનું હૃદય રોગના હુમલાથી મોત નિપજ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. તે ઉપરાંત પ્રત્યક્ષ દર્શીઓ દ્વારા એવો આક્ષેપ કરાયો છે કે સમગ્ર ઘટનામાં ઘર્ષણ દરમિયાન વૃદ્ધ વ્યક્તિને લાકડી દ્વારા માર મારતા હૃદય રોગનો હુમલો આવતા મોત નીપજ્યું છે. આ ઘટનાને લઈને માલધારી સમાજમાં આક્રોશ ફેલાયો છે. AMCની પશ્ચિમ ઝોન કચેરીએ પહોંચેલા માલધારીઓએ ન્યાય નહી મળે ત્યાં સુધી સ્થળ નહીં છોડવાની ચીમકી ઉચ્ચારી છે. તે ઉપરાંત ઢોર પાર્ટીમાં સામેલ જવાબદાર અધિકારીઓ પર પોલીસ ફરિયાદ કરવાની પણ માંગ કરાઈ છે. આ ઘટનાને લઈને AMCની પશ્ચિમ ઝોન કચેરીએ માલધારી મહા પંચાયતના આગેવાન નાગજીભાઈ દેસાઈ વિરમભાઈ દેસાઈ સહિતના આગેવાનો હાજર થઈ ગયાં હતા. તે ઉપરાંત DCP લવિના સિંહા , DCP બળદેવ દેસાઈ સહિતના પોલીસ અધિકારીઓ પણ પશ્ચિમ ઝોન કચેરીએ હાજર થઈ ગયાં હતા.

## અમદાવાદની સ્પેશિયલ કોર્ટમાં આરોપીએ અરજી કરી

# ‘દોષિત ન ઠરૂ ત્યાં સુધી મને ગેંગસ્ટર-આતંકી તરીકે સંબોધવામાં ન આવે...’

ગુજરાત | વંદન

ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈએ અમદાવાદની સ્પેશિયલ કોર્ટમાં અરજી કરી છે કે તેને ગેંગસ્ટર કે આતંકવાદી ન કહેવામાં આવે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે તેની સામે હજુ સુધી કોઈ કેસ સાબિત થયો નથી અને તે વિદ્યાર્થી સંઘના સમયથી જેલમાં છે, તેથી તેને ગેંગસ્ટર કે આતંકવાદી કહેવું ખોટું હશે. જો કે આ મામલે હજુ સુધી સરકાર કે પોલીસ તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. સરકારી વકીલે 25 સપ્ટેમ્બર સુધીનો સમય માંગ્યો છે.

કેનેડામાં ગેંગસ્ટર સુખદુલ સિંહ ઉર્ફે સુખા દુનાકેની હત્યાની જવાબદારી લોરેન્સ બિશ્નોઈના ફેસબુક એકાઉન્ટના દાવાને વકીલે સંપૂર્ણપણે ખોટો ગણાવ્યો છે.



લોરેન્સ બિશ્નોઈના વકીલ આનંદ બ્રહ્મભટ્ટનું કહેવું છે કે લોરેન્સ બિશ્નોઈના નામે 150થી વધુ ફેસબુક એકાઉન્ટ છે. એડવોકેટ આનંદ બ્રહ્મભટ્ટે કહ્યું કે હવે 800 રૂપિયામાં એકાઉન્ટ વેરિફિકેશન કરી શકાય છે. જેલમાં હોય તે વ્યક્તિ કોઈની હત્યા કેવી રીતે કરી શકે. આ તમામ દાવા ખોટા છે અને જો લોરેન્સને જેલમાં અન્ય કોઈ સુવિધા આપવામાં આવી રહી હોય તો પોલીસ પ્રશાસને તેના વિશે સત્તાવાર નિવેદન આપવું જોઈએ. જો આ વાત સાચી હોય તો આવા અધિકારીને સસ્પેન્ડ કરવા જોઈએ.

ભારતમાંથી ફરાર ગેંગસ્ટર સુખદુલ સિંહ ઉર્ફે સુખાની કેનેડામાં હત્યા કરવામાં આવી હતી. આ ગોળીબાર વિનીપૈગ શહેરમાં થયો હતો. અજાણ્યા હુમલાખોરોએ સુખાના ઘરમાં ઘૂસીને તેના માથામાં નવ ગોળી મારી હતી. આ મામલા પછી એવું કહેવાય છે કે હત્યાની જવાબદારી કેનેડાથી 10,570 કિલોમીટર દૂર દિલ્હીની તિહાડ જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈએ લીધી છે. લોરેન્સ ગેંગે પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યા કરી હતી. આ બે હત્યાઓ પાછળનું કારણ બિશ્નોઈ ગેંગ અને બંબીહા ગેંગ વચ્ચેનું લોહિયાળ યુદ્ધ હોવાનું કહેવાય છે જે વર્ષોથી ચાલી આવી રહ્યું છે.

## આપ નેતા ઇટાલિયા બન્યા હવે એડવોકેટ

ગુજરાત | વંદન

નવો યુનિફોર્મ, નવી જવાબદારી, નવો રસ્તો અને નવા સપનાઓ સાથેની આ નવી મુસાફરીના અત્યંત



ગૌરવપૂર્ણ પ્રસંગે આપ તમામ મિત્રોના આશિર્વાદ મને મળશે એવી આશા. મેં મારા જીવનમાં પોલીસ તરીકે કોર્ટ જોઈ હતી, ખોટી એફઆઈઆરમાં આરોપી તરીકે કોર્ટ જોઈ હતી પરંતુ જીવનમાં પ્રથમ વખત એડવોકેટ તરીકે અદાલતમાં હાજરી આપી. હાઈકોર્ટ એડવોકેટના યુનિફોર્મમાં એક અલગ જ પ્રકારના ગૌરવની અનુભૂતિ થાય છે. જીવનના અનેક ચડાવ ઉતાર જોયા પછી આ નવા યુનિફોર્મ સાથેની નવી જવાબદારીવાળી નવી મુસાફરીમાં આપ તમામ દોસ્તોનો પ્રેમ અને આશિર્વાદ મને મળશે એવી આશા રાખું છું.


## સાબરમતી સેન્ટ્રલ જેલના અધિકારીનો દાવો - કોઈએ નકલી પોસ્ટ મૂકીને દાવો કર્યો હોય એમ લાગે છે

# કેનેડામાં ગેંગસ્ટરની હત્યા મામલે લોરેન્સ બિશ્નોઈના દાવામાં કેટલી સચ્ચાઈ?

ગુજરાત | વંદન

ખાલિસ્તાની આતંકવાદી સુખા દુન્નાકેની કેનેડાના વિનીપેગમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. અને આ હત્યાના થોડા કલાકો પછી લોરેન્સ બિશ્નોઈ ગેંગ નામના ફેસબુક પેજ પર એક પોસ્ટ કરવામા આવી હતી જેમાં તેને હત્યાની જવાબદારી લીધી હતી. જેથી લોરેન્સ બિશ્નોઈએ અમદાવાદની સાબરમતી જેલમાં બેઠાં બેઠાં પંજાબી ગેંગસ્ટર સુખા દુન્નાકેની હત્યા કરાવી હોવાનું કહેવામા આવી રહ્યું હતું. ત્યારે આ બધાની વચ્ચે સાબરમતી સેન્ટ્રલ જેલના અધિકારીઓએ દાવો કર્યો છે કે, " લોરેન્સ બિશ્નોઈ અથવા તેની ગેંગનો હત્યાની જવાબદારીનો





આક્ષેપ કરતી ફેસબુક પોસ્ટ સાથે કોઈ સંબંધ નથી".

સાબરમતી સેન્ટ્રલ જેલના અધિક્ષક શ્વેતા શ્રીમાળીએ જણાવ્યું હતું કે, "એવું નથી કે લોરેન્સે તેને અહીંથી પોસ્ટ કર્યું છે. શક્ય છે કે તેના નામ પર ઘણા નકલી સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ ચાલી રહ્યા છે, જેથી તે કોઈ અન્ય દ્વારા પોસ્ટ કરવામાં આવ્યું હોય. સોશિયલ મીડિયા પોસ્ટ વિશે હું ખાતરીપૂર્વક કહી શકું છું કે, ન તો તેના દ્વારા પોસ્ટ કરવામાં આવી હતી અને ન તો તેણે તેને પોસ્ટ કરવા માટે તેમની સંમતિ આપી હતી. વધુમાં જેલ અધિકારીએ એમ પણ કહ્યું કે, લોરેન્સ બિશ્નોઈને મળવા કોઈ આવ્યું નથી અને કોઈએ તેની સંમતિ પણ લીધી નથી. તેની મંજૂરી અથવા સંમતિ વિના તેને પોસ્ટ કરનાર કોઈપણ હોઈ શકે છે. ગૃહ મંત્રાલયે 30 ઓગસ્ટના એક આદેશમાં ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ 268ની જોગવાઈઓ હેઠળ બિશ્નોઈની જેલમાં હિલચાલ પર પ્રતિબંધ મૂક્યો હતો જેના દ્વારા સરકાર નિર્દેશ કરી શકે છે કે, કોઈપણ વ્યક્તિને તે જેલમાંથી દૂર કરવામાં આવશે નહીં. નવી દિલ્હીની તિહાર જેલમાં બંધ બિશ્નોઈની સપ્ટેમ્બર 2022માં પ્રથમ વખત ગુજરાત ATS દ્વારા ધરપકડ કરવામા આવી હતી. આ સાથે કચ્છના જખૌ કિનારેથી રૂ. 194.97 કરોડની કિંમતનું 38.994 કિલો હેરોઈન પણ જપ્ત કરવામા આવ્યું હતું. આ કેસમાં લોરેન્સને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ટ્રાન્ઝિટ વોરંટ પર ભટિંડા જેલમાંથી તેને લાવવામાં આવ્યા પછી એ જ હેરોઈન જપ્તી કેસમાં તેની સામે UAPA આરોપો ઉમેરવામાં આવ્યા બાદ ATS એ ઓગસ્ટમાં બીજી વખત તેની અટકાયત કરી હતી.

# બિહારના DyCM તેજસ્વી યાદવને સમન્સ નહીં પહોંચતા કોર્ટે ફરી સમન્સ ઈસ્યુ કર્યું

ગુજરાત | વંદન

ગુજરાતીઓને ઠગ કહેવાના મામલે બિહારના નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવને અમદાવાદની કોર્ટ દ્વારા ફરીથી સમન્સ મોકલવામાં આવ્યું છે કેમકે, અગાઉ જે સમન્સ મોકલવામાં આવ્યું તે આરોપીને મળ્યું નથી. જેની વધુ સુનાવણી 13 ઓક્ટોબરે હાથ ધરાસે

નોંધનીય છે કે, તેજસ્વી યાદવે પ્રાઈવેટ ચેનલના ટેલિકાસ્ટમાં ગુજરાતીઓને ઠગ કહ્યા હતા. જે સંદર્ભ મુદ્દે ગુજરાતીઓની લાગણી દુભાઈ છે અને તેમનું અપમાન થયું છે. તેવી ફરિયાદ સાથે અમદાવાદમાં રહેતા હરેશ મહેતાએ અમદાવાદ મેટ્રો કોર્ટમાં બિહારના ઉપ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ વિરુદ્ધ બદનક્ષીનો દાવો દાખલ કરાયો હતો.

કોર્ટ ઈન્કવાયરીમાં તેજસ્વી યાદવે આપેલો ઈન્ટરવ્યૂનો ઓરિજિનલ વીડિયો સબમિટ કરાયો હતો.




ઉપરાંત ગુજરાતભરમાંથી 15 જેટલા સાક્ષીઓ તપાસવામાં આવ્યા હતા. જેઓએ જણાવ્યું હતું કે બિહાર ના ઉપમુખ્યમંત્રીના આ નિવેદનથી ગુજરાતીઓની છબી વિશ્વમાં ખરડાઈ છે. ગુજરાતીઓએ પોતાના દમે વિશ્વમાં નામના મેળવી છે. તેજસ્વી યાદવના આ નિવેદનનેને લઈને જુદા જુદા રાજ્યના લોકોમાં વૈમનસ્ય ઉભુ થાય તેવી સંભાવના છે. કોર્ટે તપાસ પૂર્ણ કરીને તેજસ્વી યાદવને સમન્સ ઈસ્યુ કર્યું હતું. જે મુદ્દે આજે અમદાવાદ મેટ્રો કોર્ટમાં વધુ કાર્યવાહી હાથ ધરાનાર હતી.

## નર્મદા ડેમમાંથી 16મીએ છોડાયેલા પાણીના મુદ્દે રાજકારણ શરૂ....

# વાદળ ફાટવાની રજૂઆત ગુજરાતના લોકોની મશ્કરી સમાન: પૂર્વ મંત્રી

ગુજરાત | વંદન

ગુજરાતમાં નર્મદા ડેમમાંથી છોડવામાં આવેલા પાણી મુદ્દે રાજકારણ શરૂ થઈ ગયું છે. તાજેતરમાં કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે પાણી છોડવા મુદ્દે સવાલો ઉઠાવ્યા હતાં. ત્યાર બાદ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ સરકાર સામે પાણી છોડવા મુદ્દે આક્ષેપો કર્યા હતાં. પરંતુ હવે ભાજપના પૂર્વ કેબિનેટ મંત્રી અને કોંગ્રેસનો ખેસ પહેરનાર જયનારાયણ વ્યાસે પત્રકાર પરિષદ યોજીને ભાજપ સરકાર સામે આક્ષેપો કર્યાં છે. તેમણે સરદાર સરોવર નિગમ દ્વારા આપાયેલા નિવેદન મામલે આકરી પ્રતિક્રિયા આપી છે.



સરદાર સરોવર નર્મદા નિગમે સ્પષ્ટતા કરતા જણાવ્યુ હતું કે, ઈન્દિરા સાગર પ્રોજેક્ટ અને સરદાર સરોવર પરિયોજના વચ્ચે આભ ફાટતા સરદાર સરોવરમાં અચાનક જ પૂરની સ્થિતિ સર્જાઇ હતી.

તેના જવાબમાં ભાજપની સરકારના પૂર્વ જળસંશાધન મંત્રી અને હાલના કોંગ્રેસના નેતા જયનારાયણ વ્યાસે અમદાવાદ કોંગ્રેસ કાર્યાલય ખાતે પ્રેસ કોન્ફરન્સ કરીને સરકાર પર આક્ષેપો કર્યા હતાં. જયનારાયણ વ્યાસે પત્રકારો સમક્ષ કહ્યું હતું કે, ભરૂચ અને અંકલેશ્વરના વિસ્તારોમાં નર્મદા નદીના પાણી ફરી વળ્યાં તે માત્ર અને માત્ર મિસમેનેજમેન્ટના કારણે થયેલી બેદરકારી છે. ડેમમાં પાણી આવે તો અગાઉથી જ ખબર પડી જાય. નર્મદા ડેમ પહેલા કેટલાય ડેમ આવે છે. ત્યાંથી પાણી છોડવામાં આવે તો આગોતરી જાણ કરાય છે.

તેમણે ઉમેર્યું હતું કે, ભરૂચ અને અંકલેશ્વરમાં પુર આવવા અંગે વાદળ ફાટવાની રજૂઆત કરવી એ ગુજરાતના લોકોની મશ્કરી કરવા સમાન છે. 5 એપ્રિલ 1962માં સરદાર બ્રિજનું ખાતમુહર્ત કરવામાં આવ્યું હતું. જવાહરલાલ નહેરુએ 240 ફૂટનું ખાતમુહર્ત કર્યું હતું, 1985માં પ્લાનિંગ કમિશનની મંજૂરી મળી હતી, 1956માં કાકરાપાર ડેમ સહિતના તમામ બંધ કોંગ્રેસના શાસનમાં બાંધવામાં આવ્યા છે. ભાજપમાં શાસનમાં બોરી બંધ બાંધવામાં આવ્યા અને તમામ ધોવાઈ ગયા. વડાપ્રધાનનો ગુજરાત દમણ ગંગા પ્રોજેક્ટ હજુ સુધી મંજુર થયો નથી, બધી જ નદીઓને જોડવાનું કામ પણ શક્ય નથી. બંધનું 70 ટકા કામ કોંગ્રેસના શાસનમાં થયું છે, તેમજ સાયફન અને કેનાલ પણ કોંગ્રેસના શાસનમાં બાંધવામાં આવી છે.

## અમદાવાદના નિકોલનો દુષ્કર્મ કેસનો મામલો


# ભોગ બનેલી 16 વર્ષની સગીરાને હાઈકોર્ટે ગર્ભપાતની મંજૂરી આપી

ગુજરાત | વંદન

ગુજરાત હાઈકોર્ટ દ્વારા અમદાવાદના નિકોલમાં દુષ્કર્મનો ભોગ બનેલી 16 વર્ષની સગીરાને ગર્ભપાતની મંજુરી આપવામાં આવી છે. આ સગીરાને હાલ 27 સપ્તાહનો ગર્ભ છે.

શહેરના નિકોલ પોલીસ સ્ટેશનમાં આરોપી વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ છે. હાઈકોર્ટના જજ સમીર દવેએ આ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખી સિવિલ હોસ્પિટલના ડોક્ટરોની એક્સપર્ટ પેનલ મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી એક્ટ પ્રમાણે સગીરાની શારીરિક તપાસ કરીને તેનો રીપોર્ટ કોર્ટમાં રજૂ કરવા હૂકમ કર્યો હતો.

હાઈકોર્ટના આદેશ બાદ આજે સગીરાની મેડિકલ તપાસ બાદ તેનો રીપોર્ટ કોર્ટ સમક્ષ મુકવામાં આવ્યો હતો. આ રીપોર્ટનો



અભ્યાસ કરીને જજ સમીર દવેએ સગીરાના ગર્ભપાત માટે મંજુરી આપી હતી.

હાઈકોર્ટની મંજુરીનો ઓર્ડર વકીલને બપોર સુધીમાં મળી જશે તેમજ અસારવા સિવિલ ખાતે સગીરાના ગર્ભપાતની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, સપ્તાહ પહેલાં પણ હાઈકોર્ટમાં ગર્ભપાત માટેની અરજી આવી હતી અને 16 વર્ષ અને 3 મહિનાની સગીરાના 18 સપ્તાહના ગર્ભના ગર્ભપાત મંજૂરી આપવામાં આવી હતી.

## વાલીઓને આશા : ડિસેમ્બર-જાન્યુઆરી સુધીમાં બધું બરાબર થઈ જશે

# કેનેડા-ભારતના સંબંધ બગડતા વાલીઓ-વિદ્યાર્થીઓ મુંઝાયા - જવું કે નહીં?

ગુજરાત | વંદન

ભારત અને કેનેડા વચ્ચે વધતા તણાવના કારણે ઘણા બધા ગુજરાતી સ્ટુડન્ટ્સ પણ ચિંતામાં મુકાઈ ગયા છે, જેઓ ટૂંક સમયમાં કેનેડા જવાની તૈયારી કરતા હતા. દર વર્ષે ગુજરાતથી હજારો વિદ્યાર્થીઓ હાયર એજ્યુકેશન માટે કેનેડાની યુનિવર્સિટીઓમાં એડમિશન લેતા હોય છે. આ વખતે પણ તેમણે કેનેડિયન સંસ્થાઓમાં એડમિશનની પ્રક્રિયા શરૂ કરી દીધી હતી, પરંતુ અચાનક કેનેડા અને ભારતના સંબંધ બગડવાના કારણે આવી સ્થિતિમાં કેનેડા જવું કે નહીં તે અંગે ગુંચવાયા છે.

રુચિકા ત્રિવેદી નામની અમદાવાદી સ્ટુડન્ટે આ વખતે કેનેડામાં ITનો કોર્સ કરવાની યોજના બનાવી હતી. તે ડિસેમ્બર-જાન્યુઆરીમાં ટોરંટોની એક કોલેજમાં એડમિશન લેવાની હતી, પરંતુ હવે તેણે આ એડમિશન આગામી વર્ષ સુધી મુલતવી રાખ્યું છે. તે કહે છે કે, "કોલેજની ફી ભરવાની છેલ્લી તારીખ નજીક આવી ગઈ છે, પરંતુ મેં આ વખતે એડમિશન ન લેવાનું નક્કી કર્યું છે. તાજેતરમાં યુક્રેન પર રશિયાના આક્રમણ વખતે ભારતીય મેડિકલ સ્ટુડન્ટ્સની જે હાલત થઈ તે આપણે જોઈ છે. તેથી મારે જોખમ નથી લેવું. હું છ મહિના રાહ જોવા તૈયાર છું."

ગુજરાતથી દર વર્ષે લગભગ 10,000થી વધારે સ્ટુડન્ટ ઉચ્ચ અભ્યાસ માટે કેનેડા જતા હોય છે. પરંતુ હાલમાં પેદા થયેલા ઈન્ટરનેશનલ વિવાદના કારણે સ્ટુડન્ટ ચિંતિત છે. સપ્ટેમ્બરમાં જેમણે એડમિશન લેવાના હતા તેમની પ્રક્રિયા પૂરી થઈ ગઈ છે. તેથી હવે આગામી એડમિશન સાઈકલ વખતે જ વારો આવશે.

અમદાવાદ સ્થિત ફોરેન એજ્યુકેશન કન્સલ્ટન્ટ ભાવિન ઠાકરે જણાવ્યું કે, "તાજેતરમાં કેનેડા અને ભારત વચ્ચે ડિપ્લોમેટિક તણાવ થયો તેના કારણે વિદ્યાર્થીઓ ચિંતિત છે. પરંતુ તેમને ખાસ અસર પડે તેવી શક્યતા ઓછી છે. કેનેડામાં પાનખરની સિઝન માટે જે એડમિશન લેવાતા હોય તે ઓલરેડી લેવાઈ ગયા છે. હવે વિન્ટરની સિઝન પર સૌની નજર છે.

## અંબાલાલની આગાહી : ઓક્ટોબરમાં વાતાવરણમાં થશે ઉથલ-પાથલ!

# આ વખતે ખેલૈયાઓની બગડી શકે છે નવરાત્રિ, વરસાદ-વાવાઝોડાની આગાહી

ગુજરાત | વંદન

ચાલુ સપ્ટેમ્બર મહિનામાં મધ્ય પ્રદેશ, રાજસ્થાન ઉપરાંત ગુજરાતના અનેક જિલ્લાઓમાં મેઘરાજા વરસી રહ્યા છે. સતત વરસાદના કારણે નદીઓ અને નાળાઓ છલકાઈ રહ્યા છે. અનેક વિસ્તારોમાં ભારે વરસાદના કારણે લોકોની હાલત કફોડી બની છે. આવા વિષમ સંજોગો વચ્ચે હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલની આગાહી સામે આવી છે. અંબાલાલ પટેલે જણાવ્યું છે કે, ‘હવે રાજ્યમાં વરસાદનું જોર ઘટશે, પરંતુ રાજ્યમાં વરસાદી ઝાપટા યથાવત રહેશે.’

અંબાલાલ પટેલે જણાવ્યું છે કે, રાજ્યમાં નવી વરસાદી સિસ્ટમ બનશે જે દેશના પૂર્વિય ભાગોમાં ભારે વરસાદ લાવશે. નવી વરસાદી સિસ્ટમના કારણે



ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદ વરસી શકે છે. જ્યારે 27-28 સપ્ટેમ્બર સુધીમાં સૌરાષ્ટ્રના ભાગોમાં વરસાદ આવી શકે છે. સાથે પશ્ચિમ સૌરાષ્ટ્ર, ઉત્તર સૌરાષ્ટ્ર અને કચ્છમાં વરસાદ પડી શકે છે.

આ દરમિયાન ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાતના ભાગોમાં વરસાદ વરસી શકે છે. તો ગુજરાતમાં પશ્ચિમી વિક્ષેપ આવી શકે છે, તેની અસર રાજસ્થાન સુધી થઈ શકે છે. ઓક્ટોબર માસમાં બંગાળમાં વાવાઝોડાની પ્રક્રિયા શરૂ થશે. 4થી 12 ઓક્ટોબોર દરમિયાન બંગાળના ઉપસાગરમાં ભારે વાવાઝોડું થઈ શકે છે. દક્ષિણ પૂર્વિય તટો ઉપર 150 કિ.મીની ઝડપે વાવાઝોડુ આવશે. ગુજરાતમાં આ સિસ્ટમ વરસાદ લાવી શકે છે. અરબી સમુદ્રમાં પણ આ દરમિયાન વાવાઝોડાની અસર થઈ શકે છે.

## નિવૃત્ત IPSના તોડબાજ પુત્ર વધુ એક ફરિયાદ નોંધાઇ

# હોટલ સાથે 1.37 લાખની છેતરપિંડીના કેસમાં નીરવ જેબલિયાની ધરપકડ

ગુજરાત | વંદન

નિવૃત આઈપીએસ અધિકારી બી એસ જેબલિયાના માથાભારે પુત્ર નિરવે તેના પિતાના હોદ્દાનો ખોટો ઉપયોગ કરીને અનેક છેતરપિંડીના ગુના આચર્યા હતા. જે પૈકી અમદાવાદના સોલા હાઈકોર્ટ પોલીસે તેના વિરૂદ્ધ ગુજરાત હાઈકોર્ટનો બોગસ સ્ટે ઓર્ડર બનાવવાનો અને કાર વેચાણ આપવાનું કહીને ચાર લાખ રૂપિયા પડાવી લીધાની ફરિયાદ નોંધાઇ હતી. જો કે આ બંને કેસમાં તે નાસતો ફરતો ત્યારે તે ગાંધીધામમાં છુપાયો હોવાની ચોક્કસ માહિતી સોલા હાઈકોર્ટ પોલીસને મળી હતી. જેના આધારે પૂર્વ કચ્છ એલસીબીની ટીમને સાથે રાખીને ગાંધીધામ પાસેના રિસોર્ટમાંથી નિરવ જેબલિયાને ઝડપી લીધો હતો. સોલા પોલીસે હાલ આ કાર વેચાણના નામે છેતરપિંડીના કેસમાં ધરપકડ કરી છે. ત્યારે તેની સામે વધુ એક 1.37 લાખ રૂપિયાની છેતરપિંડીની ફરિયાદ નોંધવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઉસ્માનપુરા ખાતે આવેલ ફોર્ચ્યુન લેન્ડ માર્ક હોટલના એચ.આર.મેનેજર ભાવિન શ્રોફે વાડજ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, આજથી બે



વર્ષ અગાઉ અમારી ફોર્ચ્યુન લેન્ડ માર્ક હોટલમાં નિરવકુ જેબલીયા આવ્યો હતો અને 24 એપ્રિલ 2021થી 27 મે 2021 સુધી હોટલમાં રૂમ નં. 611 માં રોકાયો હતો. આ દરમ્યાન તેમનુ રૂમનું ભાડુ રુપિયા 2 લાખ 12 હજાર 653 થયું હતું. જેમાથી તેમણે 75 હજાર રુપિયા ક્રેડીટકાર્ડથી ચૂકવ્યા હતાં અને 1 લાખ 37 હજાર 653 રૂપિયા લેવાના બાકી હોવાથી આ રુપિયાની માંગણી અવારનવાર કરવા છતા ખોટા વાયદાઓ કરતો હતો. નિરવ જેબલિયાએ અમારી સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરી છે. પોલીસે મેનેજરની ફરિયાદના આધારે ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

સાપ્તાહિક ગુજરાત વંદન

## સંપાદકીય....

# કેનેડાએ ખાલિસ્તાની શીખ મતોના રાજકારણમાં વાઘની બોડમાં હાથ નાંખ્યો છે, ભારત ચાવી જશે..!




ભારત અને કેનેડાના રાજકિય ઈતિહાસમાં કદાજ પહેલીવાર એવા રાદ્વારા ખાટા સંબંધો બની રહ્યાં છે કે જેના મૂળમાં એક ખાલિસ્તાની આતંકી હરદિપસિંગ નિજ્જરના મોતનો મામલો છે. જૂનમાં કેનેડાના બ્રિટીશ કોલંબિયામાં ખાલિસ્તાની નેતાની કોઈએ ગોળી મારીને હત્યા કરી હતી. હવે કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડો દ્વારા કોઈ પત્રકાર પરિષદમાં પણ નહીં પરંતુ કેનેડાની સંસદમાં ઓન રેકોર્ડ એવો ગંભીર આરોપ લગાવ્યો કે કેનેડિયન નાગરિક નિજ્જરની હત્યામાં ભારતીય એજન્સીઓનો હાથ છે. જો કે ભારતે તેનો ઈન્કાર કરીને મામલો હવે એ સ્તરે પહોંચ્યો છે કે ભારતે કેનેડિયન્સ નાગરિકની ભારતમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે.

આજદિન સુધી ભારતની સામે કેનેડા તો છીક પરંતુ દુશ્મન દેશ પાકિસ્તાન દ્વારા પણ આવો ગંભીર આરોપ મૂકવામાં આવ્યો નથી. કેનેડા દેશમાં સૈથી વધુ શીખ સમુદાયના લોકો વસ્યા છે. અને હજુ પણ મોટી સંખ્યાં શીખ સમુદયના સભ્યો કેનેડાને પ્રથમ અગ્રતા આપે છે અને કેનેડામાં શીખ સમુદાયની એટલી વસ્તી થઈ ગઈ છે કે ત્યાંના રાજકારણમાં તેનો અસરકાર પ્રભાવ છે. કેનેડામાં કેટલાય સાંસદો, વિધાનશબ્યો, મેટરો અને નગરપાલિકાઓમાં કાઉન્સિલર તરીકે શીખ સમુદાયના લોકો ચૂંટાઈને આવે છે.

કેનેડાની સરકારમાં પણ શીખ સમુદાયને પૂરતા પ્રમાણમાં પ્રતિનિધિત્વ મળે એની કાળજી રાજકિય પક્ષો દ્વારા લેવાય એ જ બતાવે છે કે કેનેડમાં શીખો રાજકીય રીતે કેટલા શક્તિશાળી બની ગયા છે. કેનેડામા એનડીપી પાર્ટી વિપક્ષમાં છે અને તેના નેતા શીખ સમુદાયમાંથી જગમીતસિંગ છે. એ

મ કહેવાય છે કે કેનેડામાં 2025માં આવનારી ફેડરલ ચૂંટણીઓમાં ફરીથી જીતવા કરતાં બહુમતિ મેળવવા માટે જસ્ટીન ટ્રુડોએ નિજ્જરનો મામલો આગળ ધરીને કેનેડામાં રહીને ભારતવિરોધી ખાલિસ્તાની પ્રવૃતિઓ ચલાવનાર શીખ સમુદાયને મતોના રાજકારણમાં દબાણ હેઠળ આવીને ભારતની સામે આજદિન સુધી નથયા હોય એવો આરોપ મૂકીને વિશ્વમાં રાજકીય સંકટ પેદા થાય એવી વિચિત્ર સ્થિતિ સર્જી દીધી છે.

કેટલાક શીખ સંગઠનો પાક્સ્તાનના ઈશારે પંજાબને ભારતથી અલગ કરીને પાકિસ્તાનના સરહદી પ્રાંતને જોડીને શીખો માટે અલગ દેશ બનાવવાના કાવતરાં કરી રહ્યાં છે. પંજાબમાં છેલ્લાં એક વર્ષથી જ આ મામલો ફરી ચગ્યો છે. તે અગાઉ તેમને દબાવીને રાખવામાં આવ્યાં હતા. પણ એક વર્ષથી પંજાબમાં એવી ઘટનાઓ બની કે જે ઘણાંને 1980ના પંજાબની યાદ અપાવે.

જેમ કાશ્મિરી પંડિતોને કાશ્મિર ખીણ પ્રદેશ છોડવાની ફરજ પડી તેમ પંજાબમાંથી હિન્દુ સમુદાયને હાંકી કાઢવા શીખ આતંકીઓ દ્વારા હુમલાઓ, હત્યાઓ કરવામાં આવતી હતી અને હિન્દુઓને પંજાબમાંથી જતા રહેવાની સરેઆમ ધમકીઓ અપાતી હતી. એવી ધંમકી હાલમાં જ કેનેડામાં રહેતા હુનિદુ સમુદાયને કોઈ ખાલિસ્તાની નેતા પન્નુ દ્વારા આપવામાં આવી છે. કેનેડામાં ગંભીર સ્થિતિ સર્જાઈ શકે છે અને ત્યાંના હિન્દુઓ પર ખાલ્સ્તાનીઓ દ્વારા હિંસક હુમલાની શકયતાને નકારી શકાય તેમ નથી.

કોઈ એક દેશ બીજા દેશના ટુકડા કરીને ચોક્કસ સમુદાય માટે અલગ દેશ બને એવી ગેરકાયદે ગતિવિધિઓને શા માટે પ્રોત્સાહન આપે..? કેનેડામાં આવુ જ થઈ રહ્યું છે અને મતોના રાજકારણમાં કેનેડા પોતાના જ પગ ઉપર કુહાડો મારી રહ્યું છે. બન્ને દેશો વચ્ચે કંઈપણ થઈ શકે એવી સ્થિ માટે કેનેડા જ જવાબદાર હશે તે સાફ દિવા જેવુ સ્પષ્ટ છે. અને કાંઈ ગુમાવવાનું હશે તો તે કેનેડાએ જ ગુમાવવાનું છે, ભારતને નહીં.



# શું આર્કિટેક્ટ એડવિન લુટિયેન્સે પ્રાચીનતમ મંદિરની બાંધણીમાંથી પ્રેરણા લીધી હશે..?

## મધ્યપ્રદેશમાં ગ્વાલિયરથી 100 કિ.મી. દૂર આજે પણ સ્થિત છે એ ભવ્ય મંદિરનું માળખુ...

# જૂની સંસદ અને ચોસઠ યોગિની મંદિરની ડિઝાઇન વચ્ચે છે અદભૂત સમાનતા...!!

સાપ્તાહિક ગુજરાત વંદન

ભારતની આઝાદી પહેલાં 1927માં નિર્માણ પામેલ દેશની સંસદ ભવન ઈમારતને 2027માં સો વર્ષ પૂરા થશે. જો કે તે જીવંત સંસદને બદલે હવે કોઈ મ્યુઝિયમના રૂપમાં એકસોમા વર્ષમાં પ્રવેશ કરશે. કેમ કે 18 સપ્ટે. 2023નો દિવસ ગોળાકાર સંસદનો સંસદીય કાર્યવાહીનો છેલ્લો દિવસ હતો. 19 સપ્ટેમ્બરથી નવી ત્રિકોણાકાર સંસદમાં કાર્યવાહી શરૂ થઈ છે. તે સાથે જ જુની સંસદની દિવાલો હવે શાંત થઈ ગઈ છે. એ દિવાલોના કાને હવે કોઈ સાંસદ કે મંત્રીઓ કે વડાપ્રધાન કે અધ્યક્ષનો અવાજ નહીં પડે.તે હવે ભવ્ય ભૂતકાળમાં ફેરવાઈ ગઈ છે.

4 વર્ષ પછી જે ઐતિહાસિક ઈમારત સદી પૂર્ણ કરશે એ ઈમારતનું નિર્માણ અંગ્રેજ આર્કિટેકટ એડવિન લુટિયન્સ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમને આ ગોળાકાર ઈમારતની પ્રેરણા વિદેશની કોઈ પ્રાચીનતમ ધરોહરમાંથી નહીં પણ ભારતના મધ્યભાગમાં સ્થિત એક પ્રાચીનતમ ગોળાકાર મંદિરની ડિઝાઈન પરથી મળી હતી. આ મંદિર આજે પણ મોજૂદ છે. જે ચોસઠ યોગિની મંદિર તરીકે ઓળખાય છે.

મિતાઓલીનુ ગામ મધ્યપ્રદેશમાં ગ્વાલિયરથી 90 મિનિટના અંતરે છે. બટેશ્વર ખાતેના મંદિર સંકુલ અને પડાવલીના કિલ્લાની સાથે , ચૌસથ યોગિની મંદિર એ ત્રણ સ્થળોમાંથી એક છે જેને તમે ગ્વાલિયરથી એક દિવસની સફરના ભાગરૂપે આવરી શકાય છે.

મિતાઓલીમાં ચૌસઠ યોગિની મંદિર સિસ્મિક ઝોન 3 વિસ્તારમાં છે. સને 1300 ના દાયકામાં તેનું નિર્માણ થયું ત્યારથી, મંદિરે ઘણા ભૂકંપનો સામનો કર્યો તેમ છતાં લગભગ કોઈ દેખીતું નુકસાન થયું નથી.

એક નાની ટેકરી પર બનેલું, મિતાઓલીમાં ચૌસથ યોગિની મંદિર કદાચ બીજી, વધુ જાણીતી ઈમારતની યાદ અપાવશેઃ અને તે છે ભારતીય સંસદ. સ્વીકાર્યપણે, સામ્યતા અસ્પષ્ટ છે. પરંતુ ભારતીય સંસદની ઈમારતના આર્કિટેક્ટ એડવિન લુટિયન્સે ક્યારેય આ મંદિર પર નજર નાખી હતી તે સાબિત કરવા માટે બહુ ઓછા કે કોઈ પુરાવા નથી. પણ સંસદની ડિઝાઈન અને ચૌસઠ યોગિની મંદિરની ડિઝાઈન એકસમાન છે.

64 યોગીની અથવા સ્ત્રીની આત્માઓને સમર્પિત, મિતાઓલીનું ચૌસઠ યોગિની મંદિર નારીની મહિમા દર્શાવે છે..મિતાઓલીમાં ચૌસથ યોગિની મંદિર ભારતમાં તેના પ્રકારનું એકમાત્ર નથી. સમગ્ર ભારતમાં 11 ચૌસથ યોગિની મંદિરો છે. તેમાંથી પાંચ એકલા મધ્યપ્રદેશમાં છે.

મિતાઓલીનું ચૌસઠ યોગિની મંદિર 125 ફૂટના વ્યાસ સાથેનું ગોળાકાર માળખું છે, એક મંડપ અને મધ્યમાં એક મંદિર છે. બાહ્ય દિવાલ થાંભલા દ્વારા આધારભૂત છે. ભારતીય સંસદની ઈમારતથી વિપરીત જ્યાં સ્તંભો બહારથી દેખાય છે, જ્યારે તમે મંદિરની અંદર પ્રવેશ કરો ત્યારે જ સ્તંભો અને કોરિડોર જોઈ શકાય છે.

ચોસઠ ખંડ, બધા સમાન કદ અને આકારના અને પ્રત્યેક યોગિનીને સમર્પિત છે, સમગ્ર પરિઘને ટપકાવે છે. કેન્દ્રીય મંદિરમાં એક શિવલિંગ છે, જે કેટલાક માને છે કે તે પછીનો ઉમેરો હતો.

ચૌસથ યોગિની મંદિરમાં છત કેમ નથી તે અંગે તેની આસપાસ અનેક સિદ્ધાંતો છે. તેમાંથી મુખ્ય એવી માન્યતા છે કે યોગિનીઓ પાસે ઉડવાની શક્તિ હતી, અને છતનો અભાવ તેમને તેમના ચેમ્બરમાં સરળતાથી પ્રવેશ આપવા માટે હતો. વધુ વાજબી સિદ્ધાંત સૂચવે છે કે મંદિર જ્યોતિષ અને ગણિતના શિક્ષણના કેન્દ્ર તરીકે પણ કામ કરતું હતું, અને તે કારણ આપે છે કે આવી રચના છત વિના સારી રીતે કરી શકે છે.

**ચૌસઠ યોગિનીઓ કોણ છે?**

દંતકથા છે કે એક સમયે રક્તબીજ નામનો એક રાક્ષસ રાજા રહેતો હતો જે શિવ પાસેથી મેળવવામાં સફળ થયેલા વરદાનને કારણે અજેય હતો. પૌરાણિક કથાઓ તમને કહેશે કે કોઈ પણ ભગવાન, ભલે ગમે તેટલા શક્તિશાળી હોય, તેને અમરત્વ આપવાની મંજૂરી નથી. પરંતુ ભગવાન હોવાના કારણે તેના વિશેષાધિકારો સાથે આવે છે, તેઓ અમર-સંલગ્ન એવા વરદાન આપવાનું વલણ ધરાવે છે.

રક્તબીજનું વરદાન એ હતું કે જો કોઈ તેને મારી નાખે, તો વહેતું લોહીનું એક-એક ટીપું સેંકડો રાક્ષસને જન્મ આપશે. આ રક્તબીજ માટે થોડા સમય માટે અદ્ભુત રીતે કામ કર્યું જ્યાં સુધી દુર્ગાએ તેની સામેની લડાઈમાં, 64 યોગિનીઓ અથવા નારી જીવોને મુક્ત કર્યા કે જેઓ જમીનને સ્પર્શે તે પહેલાં તેનું લોહી પી ગયા.

જેના પગલે ચૌસઠ યોગિનીઓના સંપ્રદાયનો જન્મ થયો હતો. યોગિનીઓને જાદુગરી તરીકે પણ જોવામાં આવે છે અને તેથી ક્યારેક ઘણાંને ડર લાગે છે. પરંતુ તેમની પૂજા કરનારાઓએ 64 યોગિનીઓ માટે મંદિરો પણ બનાવ્યા. આ મંદિરો સમગ્ર દેશમાં પથરાયેલા છે - હાલના તમિલનાડુ, ઓડિશા, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશના રાજ્યોમાં છે..

ગ્વાલિયર જેવા શહેરની નજીક હોવા છતાં, મિતાઓલી આજે પણ મધ્ય પ્રદેશમાં ઓછા જાણીતા સ્થળોમાંનું એક છે. તેથી તે અસંભવિત છે કે લ્યુટિયન્સે અહીં એકલા મુસાફરી કરી હતી તે સ્થળ વિશે પણ સાંભળ્યું હતું. મિતાઓલીના ચૌસઠ યોગિની મંદિર અને ભારતીય સંસદ ભવન વચ્ચેની સમાનતા આશ્ચર્યજનક છે.

સને 1300 ના દાયકામાં તેનું નિર્માણ થયું ત્યારથી, મંદિરે લગભગ કોઈ દેખીતું નુકસાન વિના ઘણા ભૂકંપનો સામનો કર્યો છે. એક સિદ્ધાંત સૂચવે છે કે આ કારણ હોઈ શકે છે કે લ્યુટિયન્સે આવા અસામાન્ય આકારની ઈમારતમાંથી સંદર્ભ અથવા પ્રેરણા લીધી હશે.



### મિતાઓલીમાં ચોસઠ યોગિની મંદિર કોણે બંધાવ્યું...

**ઇતિહાસ કહે છે કે, તત્કાલિન રાજા દેવપાલે મિતાઓલીમાં ચૌસથ યોગિની મંદિરનું નિર્માણ કાર્ય સોંપ્યું હોવાનું કહેવાય છે. દેવપાલ 10મી અને 12મી સદી વચ્ચે શાસન કરનાર કચ્છપઘાટા વંશના હતા. કચ્છપઘાટ અંબરના કચ્છવાહા રાજપૂતોના પૂર્વજો હતા. મિતાઓલીમાં ચૌસઠ યોગિની મંદિર 1323 ની આસપાસ બાંધવામાં આવ્યું હતું.**



### ચોસઠ યોગિની મંદિર અન્યથી કઇ રીતે અનન્ય છે...

**મિતાઓલીનું ચૌસઠ યોગિની મંદિર, અન્ય તમામ ચૌસઠ યોગિની મંદિરોની જેમ તેના અનન્ય સ્થાપત્યને કારણે અલગ છે. અન્ય હિંદુ મંદિરોથી વિપરીત કે જેમાં અમુક પ્રકારના શિખર હોય છે, પણ બધા ચૌસઠ યોગિની મંદિરો હાઇપેથ્રલ સ્ટ્રક્ચર છે. જેનો અર્થ એ છે કે તેમની પાસે છત નથી. ઉપરથી ખુલ્લા છે.**



## ધર્મ

# હિંદુ ધર્મમાં પિતૃ પક્ષનું ધાર્મિક મહત્ત્વ

હિંદુ ધર્મમાં પિતૃપક્ષ દરમિયાન પૂર્વજોની વિશેષ પૂજા કરવામાં આવે છે અને તેમના મોક્ષની કામના કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે પૂર્વજોનું શ્રાદ્ધ શ્રદ્ધાપૂર્વક કરવાથી વ્યક્તિને પૂર્વજોની સંપૂર્ણ કૃપા પ્રાપ્ત થાય છે.

પિતૃ પક્ષ માત્ર ધાર્મિક દ્રષ્ટિકોણથી જ નહીં પરંતુ જ્યોતિષની દૃષ્ટિએ પણ ઘણું મહત્વ ધરાવે છે. કારણ કે પિતૃઓની પૂજા કરવાથી ન માત્ર તેમના આશીર્વાદ મળે છે, પરંતુ કુંડળી સાથે સંબંધિત પિતૃદોષ પણ દૂર થાય છે. ચાલો જાણીએ પિતૃ પક્ષ, જેને શ્રાદ્ધ પક્ષ તરીકે પણ ઓળખવામાં આવે છે.

જેના કારણે તેને જીવનમાં દરેક પ્રકારના સુખ અને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. બીજી તરફ પૂર્વજોની ઉપેક્ષા કરવાથી વ્યક્તિને પિતૃ દોષ લાગે છે જેના કારણે તેને જીવનમાં દરેક પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો



પડે છે.

હિંદુ માન્યતા અનુસાર પિતૃ પક્ષ દરમિયાન કોઈ શુભ કાર્ય કરવામાં આવતું નથી. આ દરમિયાન પિંડદાન, તર્પણ વગેરે પિતૃઓ માટે જ કરવાનો નિયમ છે. જે અંતર્ગત પરિવાર સાથે સંબંધિત મૃત વ્યક્તિની તિથિએ બ્રાહ્મણ પુરુષ કે સ્ત્રીને સન્માન સાથે બોલાવીને સાત્વિક ભોજન કરાવવું જોઈએ. સાથે તેમને ક્ષમતા અનુસાર દાન કરીને સન્માનપૂર્વક વિદાય આપો. પિતૃપક્ષ દરમિયાન તામસિક વસ્તુઓ ભૂલીથી પણ ન ખાવી જોઈએ અને પિતૃઓ માટે કંઈ પણ દાન કરતી વખતે કોઈ પ્રકારનું અભિમાન અને પ્રદર્શન ન કરવું જોઈએ.

## પુસ્તક પરિચય



▪ રિપલકુમાર પરીખ

સાપ્તાહિક ગુજરાત વંદન

# કચ્છ-વાગડના વિશિષ્ટ વ્યક્તિઓનો પરિચય

**શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત. વરખામાં વાગડ ભલો, કચ્છડો બારેમાસ.**

કચ્છનો પશ્ચિમોત્તર અને ગુજરાત વચ્ચેનો વિસ્તાર એટલે વાગડ. વાગડ મોટાભાગે રેતાળ છે પરંતુ આ રેતાળ પ્રદેશોમાં રત્નોની ખાણ છે, એવાં રત્નો કે જેમણે વાગડનું ઉપરાંત પોતાનાં સમાજનું, દેશનું નામ રોશન કર્યું છે. વાગડનો શાબ્દિક અર્થ ભલે હવા અને પથ્થર થાય પણ આ હવા અને પથ્થરને જ્યારે યોગ્ય દિશા મળે ત્યારે તે દુનિયાને પોતાની તાકાતથી હલાવી નાંખે છે. બસ, આવાં જ વીરલાઓની વાતો અને તેમનો પરિચય આપતું એક ક્લાસિક પુસ્તક એટલે 'દૃષ્ટિકોણ'.

વાગડનાં ખારોઈ, ભચાઉ, નૂતનત્રંબો, મનફરા, શિવલખા, સામખીયારી, લાકડીયા, આધોઈ અને સુવઈ ગામનાં સામાન્ય વ્યક્તિઓ મુંબઈ જઈને કેવી રીતે ખાસ બન્યાં? તેમનો જીવનસંઘર્ષ કેવો હતો? તેઓ કેવી રીતે સફળતાની ટોચે પહોંચ્યા? તે આ પુસ્તકમાં ખૂબ જ અદ્ભુત રીતે તમામ વાતોને રજૂ કરવામાં આવી છે. તેને શબ્દોમાં પ્રસ્તુત કરનાર લેખિકા પણ એટલાં જ નિષ્ઠાવાન છે. લેખિકા હેતલ નિમિષ ગાલાની કલમે, શ્રી વાગડ કલા કેન્દ્રનાં મુખપત્ર 'વાગડ સંદેશ'માં નિયમિત રીતે પ્રગટ થતાં લેખોનો સંગ્રહ એટલે આ પુસ્તક 'દૃષ્ટિકોણ'.

વાગડ સંદેશનાં તંત્રીશ્રી અને શ્રી વાગડ કલા કેન્દ્ર, મુંબઈના પ્રમુખ શ્રી જગશી વેરશી દેઢિયા પોતાનો રાજીપો વ્યક્ત કરતાં લખે છે,'વાગડ સંદેશમાં પ્રકાશિત આ સોળ વિશિષ્ટ વ્યક્તિઓનાં પરિચયના લેખોનું પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે. આ બધા લેખોમાં જે તે વ્યક્તિની વિશેષતાઓ ખૂબ જ અસરકારક રીતે વ્યક્ત થઈ છે. જે સિદ્ધહસ્ત લેખિકા તરીકેની હેતલબેનની ઉપલબ્ધિ કહી શકાય.'

આદરણીય શ્રી પોપટલાલ નંદુ, શ્રી જગશી ગાલા, શ્રી પ્રવીણ ગાલા, ડૉ. ધીરજ શાહ, શ્રી ચંદુલાલ સાવલા, શ્રી વિનોદ ગડા, ડૉ. મનહર શાહ, શ્રી નીતિન છાડવા, ડૉ. નાગજી રીટા, શ્રી રમણીક છાડવા, સૌ. પાનબાઈ ગાલા, ડૉ. રસીક ગીંદરા, ડૉ. હિતેશ છાડવા, શ્રી વાડીલાલ સાવલા, શ્રી તલકશી ફુરીયા અને લેખક તથા સંપાદક ડૉ. હેમરાજ શાહની સફળતાની ગાથા, તેમનો જીવનપ્રત્યેનો સકારાત્મક દૃષ્ટિકોણ રજૂ કરતું આ પુસ્તક ફક્ત કચ્છ-વાગડ જ નહીં પરંતુ સફળતાની જડીબુટ્ટી શોધતાં દરેક યુવાનો માટે પ્રેરણાદાયી છે. સુંદર તસવીરોથી




સુશોભિત તથા ગ્લોસી પેપર પર પ્રકાશિત આ પુસ્તક ખરેખર વાંચવા જેવું છે.

## રસદર્શન

# ...અને આવા ચોક્કસ લાઇનમાં સાંજ ઉતરે કેવી અદભૂત કલ્પનાની વાત કરી છે કવિએ!

સાપ્તાહિક ગુજરાત વંદન

### ગીત સાંજ

**ખરતાં પીંછાં જેવાલયમાં સાંજ ઊતરતી જાય**
**કોઈ વીરડામાંથી છેલ્લો ઘૂંટ ભરી**
**ગાડાને કેડે સરસર સરતી જાય-**
**અને ખેડુના ડચકારાના તાલે પડતી ખરીઓ**
**પૈડાંના રવથી ઘૂઘવતો રહે ધૂળનો દરિયો**
**અધારાંનું ધણ છૂટ્યું ને**
**ગોરજટાણું ગામ શેરીએ રહી રહી ઊભરાય -**
**ખરતાં પીંછાં જેવાલયમાં સાંજ ઊતરતી જાય**
**કોઈ વીરડામાંથી છેલ્લો ઘૂંટ ભરી**
**ગાડાને કેડે સરસર સરતી જાય-**
**ખેતરનાં ડૂંડેથી ઊડ્યું ભરર આભનું ટોળું**
**ટગર ટગર લોચન પીતાં હું આખ્ખે મારગ કોળું**
**લહેરાતી આ હવાસમી વાતુંના ટહુકા**
**પાદરાના નાકામાં થઈને ફળિયામાં છલકાય -**
**ખરતાં પીંછાં જેવાલયમાં સાંજ ઊતરતી જાય**
**કોઈ વીરડામાંથી છેલ્લો ઘૂંટ ભરી**
**ગાડાને કેડે સરસર સરતી જાય-**

**- મનોહર ત્રિવેદી**

ગુજરાતી ભાષામાં અત્યારે ગઝલકારો ઘણા છે, છંદના માપમાં ઘણી લખી નાખે છે પણ ગીતોના લયમાં ઓટ આવી ગઈ છે ત્યારે ગીતકારોમાં શૂન્યાવકાશ દેખાઈ રહ્યો છે. ગીત કવિઓ બહુ ઓછા જણાઈ રહ્યા છે ત્યારે એક જાજરમાન ગીત કવિની કલમમાંથી પ્રસરતા લયબદ્ધ ગીતો એટલે જ મનોહર ત્રિવેદી તેમના પ્રત્યેક સર્જનમાં ગ્રામ્ય જીવન ભાષામાં ઓળઘોળ થઈને અત્યંત સુંદરતાથી પ્રાકૃતિક રીતે બહાર આવે છે.

ગામડાના પ્રત્યેક ખેતરમાં સુંદર મજાનો મોલ વાયરાથી ઝોલા ખાતો હોય અને ખેડૂત અત્યંત ખુશ થતાં મહેનતથી ઉગાડેલા આ મોલને તૈયાર કરતા હોય અને તેની રખેવાળી કરીને સાંજે ઘરે જતા હોય અને તે સમયનું દેખાતું કુદરતી વાતાવરણનું સાંજનું દ્રશ્ય આ ગીતમાં રજૂ કરેલું દ્રશ્ય હોય તેવી અનુભૂતિ થઈ રહી છે. આ ગીતમાં એટલી જ ઉત્કૃષ્ટ વાતાવરણની ગૂંથણી આપણને જોવા મળે છે શરૂઆત એવી કલ્પનાથી થાય છે કે કોઈ ઝાડ ઉપર બેઠેલા પંખીનું પીછું જ્યારે ખરતું હોય અને જમીન ઉપર આવતું હોય તો તેની કોઈ ચોક્કસ સીધી લીટીમાં ગતિ નથી હોતી પરંતુ ઘડિયાળના લોલકની જેમ હાલકડોલક ચોક્કસ લયબધ્ધતાથી નીચે આવતું હોય છે..... અને એ લયબધ્ધતાના ચોક્કસ દ્રશ્યને રૂપક બનાવીને ઢળતી સાંજનો અલ્હાદક ઉલ્લેખ કર્યો છે અને આવા ચોક્કસ લાઈનમાં સાંજ ઉતરે કેવી અદભૂત કલ્પનાની વાત કરી છે કવિએ!

હજુ આનાથી પણ વધુ કોમળ પ્રાકૃતિક દ્રશ્ય .....એ સાંજ લયમાં ઉતરી અને કોઈ વીરડામાંથી છેલ્લો ઘૂંટડો ભરી ને આથમી છે એટલે કે આધુનિકતામાં જ્યારે આપણે પાઈપોમાંથી પાણી મેળવીએ છીએ તેના ઉપર કવિએ ખૂબ જ સુંદર વીરડાનો પ્રયોગ કરીને આપણને ગ્રામ્ય જીવનની તાદશ્યતા તાજી કરાવી છે અને .....આપણા સૌની દ્રષ્ટિમાં અત્યંત સજાગ રીતે ગ્રામ્ય જીવન ની ઝાંખી તાજી કરાવી છે, અને અત્યંત સરળતાથી રસના સર્વોચ્ચ શિખર ઉપર લઈ જતા કવિ ગોરજટાણું શબ્દથી પ્રથમ અંતરાને આથમતો બતાવે છે. શહેરના આસ્ફાલ્ટની સડકો પર જીવન વિતાવતા આપણે સૌને વૈશાખી વાયરામાં સાંજ કોઈક વાર આવી પણ મળી હોય અને જે અનુભૂતિ જન્મે તે કોઈ બીજા સ્તરની જ હોય ગ્રામ્ય જીવનની ભરપૂરતા ભારોભાર સદેહે નિહાળવી હોય તો આ કાવ્ય,



આ ગીત ખૂબ જ મજા આપશે. ખેતરના ડુંડે થી આભનું ટોળું ઉડે કેવી સફળતાપૂર્વક સજીવારોપણ ની કલ્પના છે, અને ખેતરથી ઘર સુધી જતા આખા રસ્તે મન ભરીને આ દ્રશ્ય માણતા માણતા જ્યારે સ્વયં પોતે જ ગામનું પાદર બની પોતાના ફળિયા સુધી પહોંચે અને તે અનુભૂતિ પોતાના જ માધ્યમથી કોઈ કરે તો પ્રકૃતિને આનાથી સુંદર બીજી કોઈ અવસ્થા ન હોઈ શકે. અંતરામાં કવિ ખૂબ જ સુંદર રીતે ખેડાણમાં થતી પ્રક્રિયાઓની ખૂબ જ સુંદર આબેહૂબતાથી રજૂઆત કરીને ગ્રામ્યદ્રશ્યને જીવંત કરવામાં સફળ નીવડ્યા છે. એક એક શબ્દ એક મજાનું ચિત્ર ઊભું કરે છે એટલું જ નહીં પણ ગીતની સાથે શરીર પણ તન્મય થઈ જાય છે. ગુજરાતી સાહિત્યમાં પદ્ય શ્રેણીમાં ગીત શૈલીમાં એક અદમ્ય ભાવ ઉત્પન્ન કરનાર મનોહરભાઈ ત્રિવેદી.

- હરીશ શાહ

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

અમરાઈવાડી વોર્ડમાં સૂચિત આંગણવાડીના બાળકોની હેરાનગતિ નહીં થાય એની શી ખાતરી?

# કોર્પોરેશન અસામાજિક તત્ત્વોના શરણે?, આખરે લાઈબ્રેરી ફેરવાશે આંગણવાડીમાં!

ગુજરાત | વંદન

શહેરના અમરાઈવાડી વોર્ડમાં ત્રણ વર્ષ અગાઉ બનાવવામાં આવેલી લાયબ્રેરી અસામાજિક તત્વોની હેરાનગતિના નામે બંધ કરી તેના સ્થાને આંગણવાડી બનાવવા સ્ટેન્ડિંગ કમિટીએ દરખાસ્ત મંજુર કરી છે. આંગણવાડીમાં નાની વયના બાળકોને રાખવામાં આવતા હોય છે. જોકે, આ બાળકોની સલામતીની ચિંતા પણ સ્ટેન્ડિંગ કમિટીએ કરી નથી. જો લાયબ્રેરીમાં આવનાર વાંચકોને હેરાન કરવામાં આવતા હોય તો બાળકોને હેરાન નહીં કરે એની શી ખાતરી એવા સવાલો પણ થઈ રહ્યા છે.




એમ.જે. પુસ્તકાલય હસ્તક અમરાઈવાડી વોર્ડમાં ત્રણ વર્ષ અગાઉ શામળભટ્ટ પુસ્તકાલય શરુ કરવામાં આવ્યુ હતુ. આ પુસ્તકાલય ખાતે અસામાજિક તત્વોની કનડગત થતી હોવાના કિસ્સાને ધ્યાનમાં લઈ કાયમી ધોરણે તેને બંધ કરી આંગણવાડી શરુ કરવા તેનુ પઝેશન પૂર્વ ઝોન એસ્ટેટ વિભાગ દ્વારા હયાત પરિસ્થિતિમાં બાળ વિકાસ યોજના અધિકારી,આઈ.સી.ડી.એસ.ને સોંપવા અંગે મંજુરી માંગતી વિવાદાસ્પદ દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટીએ મંજુર કરી હતી.

ચેરમેને પાંગળો બચાવ કરતા કહયુ,આ પુસ્તકાલયમાં માંડ પાંચથી આઠ એન્ટ્રી નોંધાતી હોવાથી આ નિર્ણય કરવામાં આવ્યો છે.

જો કે પુસ્તકાલયમાં વાંચવા માટે પહોંચતા વાંચકોને અસામાજિક તત્વોની કનડગત થતી હોવાનુ મા.જે.પુસ્તકાલય વ્યવસ્થાપન મંડળના ધ્યાન ઉપર આવ્યુ હોય તો પોલીસ ફરિયાદ કયા કારણથી કરવામાં ના આવી. આંગણવાડી શરુ કરાશે તો બાળકોની સલામતીની શું વગેરે જેવા જવાબ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન આપી શકયા નહોતા.

નાગરિકોની માંગણીને ધ્યાનમાં રાખીને કોર્પોરેશને કર્યો નિર્ણય

# સુવિધા : હવે શહેરમાં તમામ 80 અર્બન હેલ્થ સેન્ટરમાંથી આયુષ્યમાન કાર્ડ મેળવી શકાશે

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરમાં તાજેતરમાં જ અઢી વર્ષ માટે પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ સ્ટેન્ડિગ કમિટીનાં ચેરમેનની નિમણૂંક કરવામાં આવી હતી. નિમણૂક થયેલ સ્ટેન્ડિંગ કિમિટીનાં ચેરમેન દેવાંગ દાણીનાં અધ્યક્ષ સ્થાને સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી હતી. આ બેઠકમાં સ્ટેન્ડિંગ કિમિટીનાં ચેરમેન એક્શન મોડમાં જોવા મળ્યા હતા. બેઠકમાં મહત્વનો નિર્ણય લેવામાં આવ્યા છે. જેમાં હવે PMJAY કાર્ડ AMC સંચાલિત તમામ સેન્ટર પરથી નીકળશે તેવો નિર્ણય બેઠકમાં કરાયો હતો.

અમદાવાદ શહેરના લોકોને હાલાકી ન ભોગવવી પડે તે માટે




AMC સંચાલિત તમામ 80 હેલ્થ સેન્ટર પરથી PMJAY કાર્ડ નીકળી શકશે તેવો નિર્ણય આજે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં લેવામાં આવ્યો છે. જોકે સાંપ્રદ સમયમાં 40 હેલ્થ સેન્ટરમાં PMJAY ની કામગીરી થાય છે. ટે તમામ સેન્ટર પર PMJAY કાર્ડ કાઢવાની કામગીરી શરૂ કરવામાં આવશે.

આ બાબતે કોર્પોરેશનનાં સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, હાલ કોર્પોરેશન સંચાલિત 80 જેટલા અર્બન હેલ્થ સેન્ટરો આવેલા છે. હાલ 39 જેટલા અર્બન હેલ્થ સેન્ટર પર PMJAY કાર્ડ નીકળતું હોય છે. બીજા વિસ્તારનાં લોકોમાં પણ ડિમાન્ડ હતી. જેનાં આધારે આજે સ્ટેન્ડિંગ કમિટીની અંદર કોર્પોરેશન બધા જ અર્બન હેલ્થ સેન્ટર પર PMJAY કાર્ડ નીકળશે. જેથી લોકો PMJAY કાર્ડનો લાભ લઈ શકશે.

આ ઉપરાંત બેઠકમાં વધુ એક નિર્ણય લેવામાં આવ્યો છે. જે મુજબ ટૂંક સમયમં AMCનાં કર્મચારીઓ ચોક્કસ ડ્રેસ કોડમાં જોવા મળશે. AMC નાં તમામ કર્મચારીઓ માટે કેટેગરી પ્રમાણે ડ્રેસ કોડ અલગ હશે. વર્ગ-1 થી વર્ગ-4 નાં તમાામ કર્મચારીઓ ચોક્કસ ડ્રેસ કોડમાં જોવા મળશે. હાલ એએમસીમાં 20 હજાર જેટલા કર્મચારીઓ ફરજ બજાવે છે.

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
આ સપ્તાહે તમને કેટલાક સમયથી ચાલી રહેલી સમસ્યામાંથી રાહત મળશે, ઘરની વ્યવસ્થા અને જાળવણી પ્રવૃત્તિઓ અંગે કુટુંબના લોકો સાથે વાતચીત થશે. કોઈપણ કાર્ય કરતા પહેલા સંપૂર્ણ આયોજન તમને કોઈપણ ભૂલો કરવાથી બચાવશે. સંબંધોમાં મધુરતા જાળવો.

**વૃષભ** (બ.વ.ઉ)
તમે ઘરની સુખ-સુવિધા સંબંધિત કોઈ ખાસ વસ્તુ ખરીદી શકો છો. સ્વજનોને મળવાથી તમને આનંદ થશે. અને પરસ્પર વાતચીતથી અનેક પ્રકારની માહિતી મળશે. કેટલાક લોકો તમારા સરળ સ્વભાવનો અયોગ્ય ફાયદો ઉઠાવી શકે છે. તેથી, અજાણ્યા લોકો પર વધુ વિશ્વાસ ન કરવો.

**મિથુન** (ક.છ.ઘ)
સંબંધી સાથે ચાલી રહેલી કોઈપણ ગેરસમજ દૂર થશે અને સંબંધો સુધરશે. પ્રતિષ્ઠિત લોકો સાથે તમારો સંપર્ક વધશે, જે તમારા માટે લાભદાયી સાબિત થશે. રાજકીય અથવા સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા લોકોને કોઈ વિશેષ જવાબદારી મળી શકે છે.

**કર્ક** (ડ.હ)
કેટલાક લાંબા સમયથી રાહ જોવાતા કામનો ઉકેલ આવવાની સંભાવના છે. જેના કારણે તમે અન્ય પ્રવૃત્તિઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરી શકશો. ઉતાવળમાં કે આવેશમાં કોઈ નિર્ણય લેવાનું ટાળો. આ સમયે લોન લીધેલા પૈસા પરત કરવા પણ મુશ્કેલ છે.

**સિંહ** (મ.ટ)
આ સપ્તાહે પ્રફુલ્લિત અને ઉર્જાવાન રહેશો, મહત્વપૂર્ણ કામ પણ તમારી ઈચ્છા મુજબ પૂર્ણ થશે. તમારું કુટુંબ અને પારિવારિક જવાબદારીઓ સારી રીતે નિભાવવામાં સફળ રહેશો. જો જમીન કે પ્રોપર્ટી સંબંધિત કોઈ સમસ્યા હોય તો તેનો ઉકેલ આજે મળી શકે છે.

**કન્યા** (પ.ઠ.ણ)
પરિવારના કોઈ સભ્યની સિદ્ધિને કારણે ઘરમાં ખુશીઓ રહેશે. ઘર સુધારણા સંબંધિત યોજનાઓ પણ બનાવવામાં આવશે. રાજકીય અથવા અનુભવી વ્યક્તિના માર્ગદર્શન હેઠળ કોઈ અંગત પેન્ડિંગ કામ ઉકેલાઈ શકે છે. કામના ભારે બોજને કારણે તમારી દિનચર્યાને વ્યવસ્થિત રાખો.

**તુલા** (ર.ત)
કેટલાક પડકારો તો હશે જ પરંતુ ઉકેલ પણ મળશે. તમારી દિનચર્યાની સાથે સાથે દેશ-વિદેશ સાથે સંબંધિત માહિતી પણ મેળવવામાં આવશે. પોતાની ક્ષમતા મુજબ કોઈ ખાસ કામ કરવું. તમારી જાત પર નિયંત્રણ રાખો અને નકારાત્મક શબ્દોનો ઉપયોગ કરશો નહીં.

**વૃશ્ચિક** (ન.ય)
આયોજનબદ્ધ કામ સમયસર પૂરા થવાથી ઉત્સાહ રહેશે. મિત્રો અને સ્વજનો સાથે ભાવનાત્મક જોડાણ વધશે. વિદ્યાર્થીઓ અને યુવાનોને તેમના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે, માતા-પિતા અને અનુભવી લોકોનું માર્ગદર્શન લેવું ઉપયોગી થશે.

**ધન** (ભ.ધ.ફ)
જો તમે ઘરની જાળવણી અથવા સુધારણાનું કોઈ આયોજન કરી રહ્યા છો, તો સંબંધોના નિયમોનો પણ ઉપયોગ કરવો યોગ્ય રહેશે, આ સપ્તાહે બીજી બાજુ કેટલીક સમસ્યાઓ ઊભી થઈ શકે છે, પરંતુ તમે તમારા આત્મવિશ્વાસ અને ક્ષમતાથી તેને દૂર કરી શકો છો.

**મકર** (ખ.જ)
સમય અનુસાર તમારા વ્યવહારમાં ફેરફાર કરવો જરૂરી છે. સાસરી પક્ષમાં થોડી વિખવાદની સ્થિતિ પણ સર્જાઈ રહી છે. વ્યાપાર વ્યવસ્થા સુધરશે અને આવકની સ્થિતિમાં પણ સુધારો થશે. કર્મચારીઓ અને સહકર્મીઓનું પણ યોગ્ય યોગદાન રહેશે. વૈવાહિક સંબંધો મધુર રહેશે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
કોઈપણ સમસ્યાને સરળતાથી દૂર કરવામાં સક્ષમ રહેશો, સ્થાનાંતરણ સંબંધિત કોઈપણ યોજના પર ચર્ચા થઈ શકે છે અથવા વડીલોપાર્જિત મિલકતને લગતી કોઈ સમસ્યા ઉકેલાય તેવી ઉચિત સંભાવના છે. કોઈપણ નજીકના મિત્રની સલાહને અનુસરીને તમારા માટે કોઈ રસ્તો સૂચવી શકે.

**મીન** (દ.ચ.ઝ)
આ અઠવાડિયે મિત્રની મદદથી તમને નવી યોજનામાં સામેલ થવાની તક મળશે. લાંબા અંતરની મુસાફરીની પણ સંભાવના છે. ચોક્કસ કાર્ય માટે સમર્પણ અને મહેનતથી આજે અણધાર્યો લાભ મળવાનો છે. પ્રોપર્ટી કે વાહનના ખરીદ-વેચાણ સંબંધિત કામમાં કેટલીક સમસ્યાઓ આવી શકે છે. વિવાદને બદલે વાતચીત દ્વારા કોઈપણ સમસ્યાનો ઉકેલ લાવવો. ભાગીદારીમાં પારદર્શિતા જાળવવી.

જંકફૂડ ખાવાના શોખીનો હવે રહો સાવધાન, ક્યાંક આવા જીવડાં તમારા પેટમાં જતા ન રહે...

# લાપિનોઝ પીઝાનું બોકસ ખોલતા જ ૧૦થી ૧૫ જીવડાં જીવતા નિકળ્યા

ગુજરાત | વંદન

શહેરમાં વિવિધ જંકફૂડના આઉટલેટ આવેલા છે. જેમાં પીઝા બર્ગર વગેરેને લોકો હોંશે હોંશેમાં ખાય છે. કેટલાક વળી ઓનલાઈન ઘરે મંગાવતા હોય છે. પરંતુ જો ધ્યાન આપવામાં ન આવે તો તેમાંથી કંઈ પણ નીકળી શકે છે. આવા જ એક કિસ્સામાં લાપિનોઝ પીઝના બોક્સમાંથી મૃત હાલતમાં નહીં પરંતુ 10થી 15 જીવતા જીવડા ખદબદતા નીકળ્યા હતા.

શહેરના પરિમલ ચાર રસ્તા પાસે આવેલા લાપિનોઝ પીઝાનુ બોક્સ ખોલતા ૧૦થી ૧૫ જીવતા જીવડાં નિકળતા યુનિટને તાત્કાલિક અસરથી મ્યુનિ.ના ફુડ હેલ્થ વિભાગ દ્વારા સીલ કરાયુ હતુ.બોક્સમાંથી જીવતા જીવડા નિકળ્યા હોવા અંગેનો વિડીયો સોશિયલ મિડીયામાં વાઈરલ થયા બાદ ફુડ હેલ્થ વિભાગ દોડતુ થયુ હતુ. આ યુનિટ ખાતેથી લેવામાં આવેલુ પીઝા બોકસ ખોલતાની



સાથે જ ૧૦થી ૧૫ જીવતા જીવડાં નિકળતા ખરીદનાર વ્યકિત દ્વારા તેનો વિડીયો બનાવી સોશિયલ મિડીયા ઉપર વાઈરલ કરતા ફુડ-હેલ્થ વિભાગે યુનિટ ઉપર જઈ યુનિટને સીલ કરવાની કામગીરી કરી હતી.

અમદાવાદ શહેરમાં અનેક હોટલ અને રેસ્ટોરાંમાં લોકોનાં સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવામાં આવે છે. હોટલના રસોડામાં ગંદકીના કારણે ખાવામાં જીવાત વગેરે વસ્તુ પડી જતી હોય છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગની કામગીરી સામે હવે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. કારણ કે આવા મોટા બ્રાન્ડેડ કંપનીના પિત્ઝા સેન્ટરોમાં આવરનવાર આવી ઘટનાઓ બનતી હોય છે. હોટલના રસોડાઓમાં પણ ગંદકી હોય છે છતાં પણ ત્યાં કોઈપણ પ્રકારની કાર્યવાહી થતી નથી. મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગના ઈન્સ્પેક્ટરો માત્ર સામાન્ય દંડ લઈને કાર્યવાહી કરી હોવાનું બતાવી દે છે, પરંતુ જે રીતે કડક કાર્યવાહી અને ચેકિંગ થવું જોઈએ એ કરવામાં આવતું નથી.

મ્યુ. કોર્પો.માં છેલ્લા અઢી વર્ષના સમય દરમિયાન

# અમદાવાદમાં વિવિધ બ્રિજના 1542 કરોડના કામ મંજૂર કરવામાં આવ્યાં

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિ.માં છેલ્લા અઢી વર્ષના સમય દરમિયાન બ્રિજના ૧૫૪૨.૫૮ કરોડના કામ મંજુર કરવામાં આવ્યા હતા. મંજુર કરવામાં આવેલા બ્રિજના કામ પૈકી સાત બ્રિજનું કામ પુરુ કરાયુ છે. ૧૬ બ્રિજના કામ હાલ પ્રોગ્રેસ હેઠળ છે.

મ્યુનિ.શાસક પક્ષના હોદ્દેદારોની પુરી થયેલી અઢી વર્ષની ટર્મ દરમિયાન મંજુર કરવામાં આવેલા વિવિધ કામ પૈકી રોડ એન્ડ બિલ્ડિંગ કમિટી દ્વારા મંજુર કરવામાં આવેલા રુપિયા ૨૫૦૦ કરોડથી વધુના કામનો સમાવેશ થાય છે. અઢી વર્ષના સમયમાં રુપિયા ૮૦૮.૮૫ કરોડના રોડના કામ મંજુર કરવામાં આવ્યા હતા. મંજુર કરવામાં આવેલા રોડના કામ પૈકી રુપિયા ૩૮૩.૭૦ કરોડના કામ પુરા કરાયા છે.રુપિયા ૨૮૦.૫૬ કરોડના ૧૨૯ કામ પ્રોગ્રેસમાં છે. બિલ્ડીંગ પ્રોજેકટ હેઠળ ૬૦ કામને મંજુરી આપવામાં આવી હતી. મંજુર કરાયેલ કામ પૈકી નવ બિલ્ડિંગના કામ પુરા કરાયા છે.અઢી વર્ષના સમયમાં રોડની કામગીરી માટે ૧૫૦૬૯૨૯ મેટ્રીકટન હોટમિકસનો વપરાશ થયો હતો.કમિટી દ્વારા બ્રિજ અને બિલ્ડિંગને લગતા ૨૫૪૭.૬૧ કરોડના કામ મંજુર કરાયા હતા. આ પૈકી રુપિયા ૫૧૫ કરોડના ખર્ચથી ૨૫૧ કામ પુરા કરાયા છે.૧૭૪ કામ પ્રગતિમાં છે.જેમાં રોડના ૧૨૯,બ્રિજના ૧૬ તથા બિલ્ડિંગના ૨૯ કામનો સમાવેશ થાય છે.

ઇદ કમિટીના સભ્યો દ્વારા પોલીસ સાથેની બેઠકમાં લેવાયો નિર્ણય

# કોમી એકતા : ગણેશ વિસર્જન અને ઈદ એક જ દિવસે હોવાથી ઝુલુસની તારીખ પાછી ઠેલાઈ

ગુજરાત | વંદન

હિન્દુ સમાજનું ગણપતિ વિસર્જન અને મુસ્લિમ સમુદાયનું ઈદનું ઝુલુસ બંને તહેવાર સાથે છે. જે પગલે બંને સમુદાય સમજી અને એક નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં મુસ્લિમ સમુદાયે ઝુલુસ માટેની તારીખ આગળ વધારી છે. આવું માત્ર અમદાવાદમાં નહીં પરંતુ રાજસ્થાનના જોધપુરમાં પણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ વખતે ગણેશ વિસર્જન અને ઈદ એક જ દિવસે હોવાથી અમદાવાદમાં ઈદ કમિટીના સભ્યોએ પીલીસ કમિશનર સાથે બેઠક કરી અને નિર્ણય કર્યો છે કે, ઈદની ઉજવણી 28મીએ થશે પણ ઝુલુસ 29મીએ નીકળશે. જેમાં 15 હજાર પોલીસનો બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

મહારાષ્ટ્ર, હૈદરાબાદ, સુરત, વડોદરામાં અને આણંદમાં 29 તારીખે જુલુસ યોજાવાનું છે. જે જાણ અમદાવાદ પોલીસ કમીશનરે ઈદે મિલાદુન્નબી સેન્ટ્રલ સમિતિને કરતાં સમિતિએ સંમતી આપી છે. આ આપણું ભારત છે. જે અનોખા ઉદાહરણ પૂરા પાડે છે. હિન્દુ મુસ્લિમ એકતા જે અમદાવાદમાં જોવા મળી તે રાજસ્થાનના જોધપુરમાં પણ મળી જ્યાં મુસ્લિમ સમુદાયે ગણેશ વિસર્જનને કારણે ઈદ-એ-મિલાદ-ઉન-નબીના જુલૂસની તારીખ મોકૂફ રાખી છે. હવે બીજા દિવસે અહીં ઈદ-એ-મિલાદ-ઉન-નબીનું જુલુસ કાઢવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

વાસ્તવમાં 28મી સપ્ટેમ્બરે અનંત ચતુર્દશીના રોજ દેશભરમાં ગણપતિ વિસર્જન થશે. આ જ દિવસે ઈદ-એ-મિલાદ-ઉન-નબી પણ મુસ્લિમ સમુદાયનો તહેવાર છે. જેના કારણે શાંતિ અને ભાઈચારાને ધ્યાનમાં રાખીને મુસ્લિમ સમાજે અનંત ચતુર્દશી નિમિત્તે 28 સપ્ટેમ્બરના બદલે 29 સપ્ટેમ્બરે ઈદ-એ-મિલાદ-ઉન-નબીનું જુલુસ કાઢવાનો નિર્ણય કર્યો છે. આ અંગે જોધપુર પોલીસ કમિશ્નર રવિ દત્ત ગૌર અને ડીસીપી ઈસ્ટ અમૃતા દુહાનની હાજરીમાં ધાર્મિક નેતાઓની બેઠક યોજાઈ હતી.

હવે બ્લડ સેમ્પલથી માલુમ પડશે હાર્ટ અટેક કે કેન્સરની બીમારીના લક્ષણો

# સિવિલ હોસ્પિટલે અદ્યતન મશીન વસાવ્યું, જિનેટિક સમસ્યા જાણી શકાશે

ગુજરાત | વંદન

અમદાવાદની સિવિલ હોસ્પિટલ પરિસરમાં આવેલી ઈન્સ્ટિટ્યુટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રીસર્સ સેન્ટર (IKDRC) ખાતે વસાવવામાં આવેલા અદ્યતન મશીનથી બ્લડ સેમ્પલ દ્વારા હાર્ટ એટેક કે કેન્સર જેવી બીમારી થશે કે નહીં તે પ્રકારનું પરિક્ષણ શક્ય છે. આ માટે સિવિલ હોસ્પિટલમાં જીનોમ મશીન વસાવાયું છે.

કોઈપણ વ્યક્તિના પરિવારમાં હાર્ટ એટેક કે કેન્સરને લગતી હિસ્ટ્રી હોય તો તેને તેનું જોખમ છે કે કેમ? બાળકના જન્મ બાદ તેનામાં કોઇ જિનેટિક સમસ્યા કે અન્ય કોઇ ગંભીર બિમારીનો ઓછાયો રહેશે કે કેમ તે જાણવા માટે IKDRC ખાતે નેક્સ્ટ જનરેશન સિક્વન્સિંગ (NGS) એસ-ફાઈવ પ્લસ નામનું મશિન વસાવાયું છે. આ પ્રકારનું મશિન હોય તેવી આ ગુજરાતની સૌપ્રથમ સરકારી હોસ્પિટલ છે. જેમાં કોઇ પણ વ્યક્તિનું બ્લડ સેમ્પલ લઇને તેને મશિનમાં મૂકવામાં આવશે અને જેના આધારે તે વ્યક્તિના સ્વાસ્થ્યને લગતી સમગ્ર પ્રોફાઇલ ઓછામાં ઓછા ૩ દિવસમાં આવી જશે.

કોઇ વ્યક્તિને હાર્ટ એટેક કે કેન્સરનું જોખમ છે કે કેમ તેને અલગ-અલગ સ્કોરમાં વહેંચવામાં આવશે. આ અંગે માહિતી આપતા IKDRCના ડિરેક્ટર ડો. વિનીત મિશ્રાએ જણાવ્યું કે, વ્યક્તિને કોઇ બિમારીનું જોખમ છે કે કેમ તેને રિસ્ક સ્કોર્સમાં દર્શાવાશે. 95થી વધુનો સ્કોર હોય તો તેને હાઇ રિસ્ક, 5થી 94 વચ્ચેનો સ્કોર હોય તો તેને ઈન્ટરમીડિયેટ (મધ્યમ) અને પાંચથી ઓછો સ્કોર હોય તો તેને લો રિસ્ક (નહિવત્ જોખમ) કેટેગરીમાં મૂકવામાં આવે છે. આ પ્રકારના ટેસ્ટનો ફાયદો એ છે કે કોઇ વ્યક્તિ દાખલા તરીકે હાર્ટ એટેકના હાઇ રિસ્ક કેટેગરીમાં આવે તો તે કોલેસ્ટ્રોલ ધરાવતા ફૂડ લેવાનું ટાળવાથી માંડીને કસરત કરીને તંદુરસ્ત જીવનશૈલી જીવવા ઉપર શરૂઆતથી ધ્યાન આપવાનું શરૂ કરી શકે છે. ફોરેન્સિક પેટર્નિટી ટેસ્ટ, તમામ પ્રકારના કેન્સર ટેસ્ટ, રીપ્રોડક્ટિવ હેલ્થ, કોઇ રોગ થવાની




સંભાવના અગાઉથી જ જાણી શકાય છે. અમે આ પ્રકારના ટેસ્ટથી મળનારા રીપોર્ટને જીનોમ પત્રિકા નામ આપ્યું છે.' સમગ્ર રાજ્યમાં અત્યારસુધી ખાનગી હોસ્પિટલોમાં આ મશીનથી 1 હજાર જેટલા ટેસ્ટ થયાનો દાવો કરાયો છે.

## શબ્દોની સંતાકૂકડી 80 — ગુજરાત વંદન સાપ્તાહિક

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | | 2 | | ■ | 3 | 4 |
| | ■ | | ■ | 5 | ■ | |
| 6 | | | | ■ | 7 | |
| | ■ | | ■ | 8 | ■ | |
| ■ | 9 | ■ | 10 | | | ■ |
| 11 | | | ■ | | ■ | 12 |
| 13 | | ■ | 14 | ■ | 15 | |

**ઊભી ચાવી**

(1) વનસ્પતિનો આહાર, અન્નાહાર [4]
(2) ઓળખીતું, જાણીતું [4]
(4) જેમાં વાટ પરોવાયેલી હોય તેવો મીણનો દીવો કરવાની સળી [4]
(8) તપ કરનાર [3]
(9) દૃઢ, અચળ, અડગ [3]
(11) પાણીમાં રહેનારું એક પ્રાણી, મગર [2]
(12) દાણો, ઘણો નાનો ભાગ [2]

**આડી ચાવી**

(1) ડહાપણ, ચતુરાઈ [4]
(3) માતાના ભાઈની વહુ [2]
(5) એક પ્રકારની રમત જે શબ્દ બોલીને રમાય છે [1]
(6) હાસ્ય ઉપજાવે તેવું ચિત્ર, કાર્ટૂન [4]
(7) મનોરંજન અને મળવા માટે રચાતું મંડળ [2]
(10) દગાબાજ, કપટભર્યું [3]
(11) પોલું નહિ તેવું, મજબૂત, સૉલિડ [3]
(13) એક પછી એક આવી રહેવું એ, શ્રેણી [2]
(14) છાસ કરતી વેળા તરી આવતા માખણને ઉકાળી કરેલ સત્ત્વ, ઘૃત [1]
(15) પાંડવો અને કૌરવોના ગુરુ [2]

શબ્દોની સંતાકૂકડી-79નો ઉકેલ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 ક | ■ | 2 મ | સા | 3 લે | 4 દા | ર |
| 5 ર | 6 વે | શી | ■ | 7 ખ | ર | ■ |
| 8 ચ | ણ | ■ | 9 હ | ■ | 10 ક | 11 દ |
| લી | ■ | 12 ગ | સ | જા | ■ | ગો |
| ■ | 13 કો | ત | ર | ■ | 14 દા | ■ |
| 15 ઘા | ટ | ■ | 16 ત | 17 ક | દી | ર |
| ■ | 18 ડી | ન | ■ | 19 ર | મા | ■ |

શબ્દોની સંતાકૂકડી-80 નો ઉકેલ આવતા અંકે

## સુડોકુ — કોયડો નં. 82 — ગુજરાત વંદન સાપ્તાહિક

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 6 | | | | 1 | 9 | | 7 |
| 1 | | | | | 7 | 2 | 3 | 8 |
| | 8 | | | | | 4 | | 6 |
| | 1 | 8 | | | 2 | | | 4 |
| | 7 | | | 4 | | | 9 | |
| 9 | | | 1 | | | 7 | 8 | |
| 6 | | 7 | | | | | 4 | |
| | 5 | 1 | 6 | | | | | 9 |
| 8 | | 9 | 3 | | | | 2 | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-82નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 9 | 3 | 2 | 8 | 1 | 6 | 5 | 7 |
| 1 | 9 | 5 | 4 | 6 | 7 | 2 | 3 | 8 |
| 7 | 8 | 2 | 5 | 3 | 9 | 4 | 1 | 6 |
| 5 | 1 | 8 | 7 | 9 | 2 | 3 | 6 | 4 |
| 2 | 7 | 6 | 8 | 4 | 3 | 1 | 9 | 5 |
| 9 | 3 | 4 | 1 | 5 | 6 | 7 | 8 | 2 |
| 6 | 2 | 7 | 9 | 1 | 8 | 5 | 4 | 3 |
| 3 | 5 | 1 | 6 | 2 | 4 | 8 | 7 | 9 |
| 8 | 4 | 9 | 3 | 7 | 5 | 6 | 2 | 1 |

### સુરતમાં તેજીનો સપાટો - મિલકતોની લે-વેચ વધી

# જંત્રીના દર વધ્યા છતાં એક જ મહિનામાં 20 હજાર દસ્તાવેજની નોંધણી થઈ

ગુજરાત | વંદન



સરકારે જંત્રીના દર વધાર્યા બાદ એક શક્યતા એવી હતી કે સ્ટેમ્પ ડ્યૂટીના ડબલ ડોઝથી દસ્તાવેજની નોંધણી પર અસર થશે, પરંતુ શહેરમાં રીઅલ એસ્ટેટની તેજીથી આ આશંકા ખોટી પડી છે. જંત્રી વધારાના એક મહિનામાં શહેરમાં 20 હજાર દસ્તાવેજ નોંધાઈ ચુક્યા છે. અલબત્ત, કોટ વિસ્તારમાં બજાર ભાવ કરતાં જંત્રીનો દર વધુ છે ત્યાં નોંધણીનો દર 28 ટકાથી ઓછો થઈ ગયો છે.

શહેરના વિસ્તાર અનુસાર જો જંત્રી વધ્યા બાદ દસ્તાવેજની વાત કરીએ તો કતારગામમાં 3800, અઠવામાં 3100, ઉધનામાં 1900, ઓલપાડમાં 1400 અને કામરેજમાં 2100 દસ્તાવેજ નોંધાયા છે. આ દરમિયાન દસ્તાવેજ ફી અને સ્ટેમ્પ ડ્યૂટીની આવક પણ 141 કરોડ જેટલી થાય છે. તેની સામે જ ગત વર્ષના આ જ પિરિયડ એટલે કે 16 ઓગષ્ટથી 15 સપ્ટેમ્બર સુધીમાં કુલ 19772 દસ્તાવેજ નોંધાઈ ગયા છે. એટલે શહેરમાં હાલ કુલ 673 દસ્તાવેજ જંત્રી વધારા બાદ વધુ નોંધાયા હોવાનું જોવા મળ્યું છે.

જૂની જંત્રીના હિસાબે દસ્તાવેજ કરાવવાના છેલ્લા મહિને 23 હજાર દસ્તાવેજ થયા હતા અને કુલ આવક 224 કરોડ હતી. વધારાના બાદના પહેલા મહિને કુલ આવક 141 કરોડ થઈ છે. આ જ પિરિયડમાં (ઓગસ્ટ થી સપ્ટેમ્બર-22)માં આવક 149 કરોડ હતી અને જુલાઈથી ઓગસ્ટ-22માં આવક 114 કરોડ હતી.

# સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં 27થી 30 સુધીમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની શકયતા

ગુજરાત | વંદન

ચાલુ સપ્તાહના પ્રારંભે સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ ધડબળાટી બોલાવ્યા બાદ છેલ્લા બે દિવસથી ફરી સર્વત્ર વરસાદનું જોર ઘટી ગયું છે. અને મોટા ભાગનાં સ્થળોએ બે દિવસથી તડકાં-છાંયડા વચ્ચે ભેજ વાળુ હવામાન પ્રવર્તી રહ્યું છે. ત્યારે ચાલુ સપ્તાહમાં સૌરાષ્ટ્ર-ગુજરાતમાં માત્ર છૂટોછવાયો હળવો વરસાદ પડશે તેમ રાજય હવામાન કચેરીના ડાયરેકટર ડો. મનોરમા મોહંતીએ જણાવ્યું હતું.

તેઓના જણાવ્યા અનુસાર હાલમાં કોઈ વરસાદી સિસ્ટમ કાર્યરત નથી. પરંતુ ભેજ અને ગરમીનાં કારણે લોકલ ફોર્મેશન સર્જાતા અમૂક સ્થળોએ માત્ર છુટોછવાયો હળવો વરસાદ પડશે. રાજયના મોટાભાગનાં



જિલ્લાઓમાં આવો વરસાદ જ પડશે.વધુમાં ડો. મનોરમા મોહંતીએ જણાવેલ હતું કે તા.27થી ફરી રાજયમાં વરસાદનું જોર વધશે અને તા.27થી 30 સુધીમાં ખાસ કરીને ઉતર ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની શકયતા છે.જયારે તા.27થી 30 વચ્ચે દક્ષીણ ગુજરાતનાં અમુક ભાગોમાં ભારે વરસાદ પડી શકે છે. દરમ્યાન આજરોજ પણ સવારથી રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં મિશ્ર હવામાન વચ્ચે છુટોછવાયો હળવો વરસાદ પડયો હતો.

### SDRF નોર્મ્સ પ્રમાણે હેક્ટર દીઠ 8,500ની સહાય ચુકવાશે

# બાગાયતી પાકોને થયેલા નુકસાન માટે ખાસ કૃષિ રાહત પેકેજ જાહેર

ગુજરાત | વંદન

રાજ્યમાં ૧૬ થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન ભરૂચ, નર્મદા અને વડોદરા જિલ્લામાં ભારે વરસાદ તથા ઉપરવાસના ભારે વરસાદને કારણે નર્મદા નદીમાં પુર આવતા આ જિલ્લામાં ખેતી બાગાયતી પાકોને થયેલા નુકસાન અન્વયે રાજ્ય સરકારે ખાસ કૃષિ રાહત પેકેજ ૨૦૨૩ જાહેર કર્યું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજ્ય સરકારે આ વિસ્તારોના અસરગ્રસ્ત ખેડૂતોને થયેલા નુકસાન પ્રત્યે સંવેદનાત્મક અભિગમ દાખવીને આ કૃષિ રાહત પેકેજની જાહેરાત કરી છે.

આ અંદાજ અહેવાલોના સંદર્ભમાં રાજ્ય સરકારે જે તે જિલ્લાના ખેડૂતોને થયેલ નુકસાન સામે સહાય રૂપ થવા માટે SDRF ઉપરાંત રાજ્ય બજેટમાંથી ખાસ કૃષિ રાહત પેકેજ આપવાનું નક્કી કર્યું છે. આ પેકેજનો લાભ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જાહેર કરાયેલ



નુકસાનગ્રસ્ત ગામોમાં કૃષિ અને બાગાયતી પાકોમાં 33% કે તેથી વધુ નુકસાન થયું હોય તેવા ખેડૂત ખાતેદારોને મળશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના દિશાનિર્દેશનમાં રાજ્યના કૃષિ વિભાગે કૃષિ મંત્રી રાઘવજી પટેલના પરામર્શમાં રહીને જાહેર કરેલા આ સહાય પેકેજ અનુસાર ખરીફ ૨૦૨૩-૨૪ ઋતુના વાવેતર કરેલા બિન પિયત ખેતી પાકોમાં 33% કે તેથી વધુ નુકસાન માટે SDRF નોર્મ્સ પ્રમાણે હેક્ટર દીઠ ૮,૫૦૦ની સહાય વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં અપાશે આ ખરીફ ઋતુ ૨૦૨૩-૨૪ ના વાવેતર કરેલા પિયત ખેતી પાકો અને વર્ષાયુ બાગાયતી પાકોમાં પણ ૩૩% કે તેથી વધુ નુકસાન માટે SDRFના નિયમાનુસાર હેક્ટરદીઠ મળવા પાત્ર રૂપિયા ૧૭ હજારની સહાય ઉપરાંત રાજ્ય ભંડોળમાંથી વધારાની સહાય હેકટર દીઠ ૮,૦૦૦ પ્રમાણે મળીને કુલ રૂપિયા ૨૫,૦૦૦ સહાય હેકટર દીઠ મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં મળવા પાત્ર થશે.

# PM મોદીનો ડ્રીમ પ્રોજેકટ : આઈકોનીક સિગ્નેચર બ્રિજની કામગીરી 95 ટકા પૂર્ણ

ગુજરાત | વંદન

સરકાર દ્વારા અનેક બ્રિજનું ખાતમુહૂર્ત અને લોકર્પણ કરવામાં આવ્યા છે. જેમાં આ પ્રોજેક્ટ એ કેન્દ્ર અને રાજ્ય સરકારનો ડ્રીમ પ્રોજેક્ટ છે. જે ઓખા- બેટ દ્વારકા સિગ્નેચર બ્રિજ કહે છે. જેની કામગીરી આશરે 95 ટકા પૂર્ણ થઈ ગઈ છે. થોડા સમયમાં આ પ્રોજેક્ટએ લોકો માટે ખુલ્લો મૂકવામાં આવશે. રાજયના ઐતિહાસિક અને પ્રવાસનની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ કેન્દ્રોના વિકાસ માટે રાજ્ય સરકારે મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ અમલમાં મૂકયા છે. તે પૈકીનો એક આ બ્રિજ છે જેની કામગીરી હાલ પૂર્ણતાને આરે છે.



**બ્રિજની લંબાઈ અને સુવિધા**

આ બ્રિજ 2320 મીટરની લંબાઈનો છે. જે માટે અંદાજિત રૂ. 978 કરોડનો ખર્ચ થયો છે. અહીં દર્શનાર્થીઓ માટે વ્યુઈંગ ગેલેરી સહિતની વિશેષ સુવિધાઓ ઉપલબ્ધ રહેશે.

બેટ દ્વારકાએ હિન્દુ ધર્મના પ્રમુખ તીર્થસ્થાન હોવાની સાથે સાથે ભૌગોલિક રીતે ટાપુ પર આવેલ તીર્થસ્થાન છે. અહીં દરરોજ હજારોની સંખ્યામાં તીર્થયાત્રીઓ આવતા હોવાથી અહીં પહોંચવા માટે ઓખા - બેટ દ્વારકા વચ્ચે આવવા જવા માટે એકમાત્ર ફેરીબોટ સર્વિસ ઉપલબ્ધ છે. હાલમાં નિર્માણાધીન સિગ્નેચર બ્રીજ બન્યા બાદ દર્શનાર્થીઓ રોડ માર્ગે બેટ દ્વારકા જઈ શકશે.

**ખર્ચ અને લંબાઈ**

આ બ્રિજ રૂ. 978 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ નિર્માણાધીન સિગ્નેચર બ્રીજની લંબાઈ 2320 મીટર છે. આ બ્રીજ પર દરિયાઈ બાર્જ ક્રેનથી સમુદ્રમાં 38 પીલર્સ ઊભા કરવામાં આવ્યા છે. આ બ્રીજની કામગીરી વર્ષ 2018 માં શરૂ કરાઈ હતી. જેને ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની હતી. પરંતુ કોરોનાકાળ અને અન્ય અંતરાયોને લીધે વિલંબ થયા બાદ હાલ 95 ટકા કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. હવે સંભવતઃ આગામી ઓકટોબર અથવા નવેમ્બર માસમાં આ બ્રીજ સંપૂર્ણ રીતે તૈયાર થઈ જાય તેવી પૂરી શકયતાઓ જોવા મળી રહી છે.

**સિગ્નેચર બ્રીજની આગવી વિશેષતાઓ**

- બ્રીજની લંબાઈ 2320 મીટર રહેશે જેમાં 900 મીટર કેબલ સ્ટેયડ ભાગ રહેશે.
- ઓખા - બેટ દ્વારકા બંને તરફ 2452 મીટર એપ્રોચ રોડ બનાવવામાં આવશે.
- બ્રીજના મુખ્ય ગાળાની લંબાઈ 500 મીટર છે. દેશમાં સૌથી વધુ લંબાઈ ધરાવતો ગાળો છે.
- વાહનો પાર્ક કરવા ઓખા તરફ પાર્કિંગ બનાવવામાં આવશે.
- બ્રીજના મુખ્ય ગાળામાં 130 મીટર ઊંચાઈ ધરાવતા બે પાયલોન છે.
- આ ફોરટ્રેક બ્રીજની પહોળાઈ 2720 મીટર છે.
- બંને તરફ 2.5 મીટરનો પણ બનાવવામાં આવશે.
- ફૂટપાથ પર લગાવેલ સોલાર પેનલથી 1 મેગાવોટ વિજળીનું ઉત્પાદન થશે જેનો ઉપયોગ બ્રીજ પરની લાઈટીંગ માટે કરવામાં આવશે.
- વધારાની વિજળી ઓખા ગામની જરૂરીયાત માટે આપવામાં આવશે.
- બ્રીજ પર કુલ 12 લોકેશન પર પ્રવાસીઓ માટે વ્યુ ગેલેરીનું આયોજન કરવામાં આવ્યું છે.
- બ્રીજ પર રાત્રિ દરમ્યાન ડેકોરેટીવ લાઈટીંગની વ્યવસ્થા કરવામાં આવી.

આ ડ્રીમ પ્રોજેક્ટનું લોકાર્પણ ટૂંક સમયમાં કરવામાં આવશે. કામગીરી પૂર્ણતાને આરે છે. જેમાં એવા એંધાણ છે કે દિવાળીના તહેવાર પછી pm મોદી દ્વારા આ બ્રિજને લોકો માટે ખુલ્લો મૂકવામાં આવશે.

### પોશ ગણાતા અમીન માર્ગ પર ચાલુ વરસાદે યોગાસનો કર્યા

# રંગીલા રાજકોટમાં જાહેર રસ્તા પર યોગ કરવાનું ભારે પડ્યું, પોલીસ કેસ



ગુજરાત | વંદન

રાજકોટ શહેરમાં ચાલુ વરસાદમાં જાહેર રસ્તા વચ્ચે એક મહિલા યોગ ટ્રેનરને યોગ કરવાનું ભારે પડ્યું હતું અને તેમની સામે પોલીસ કેસ કરવામાં આવ્યો હતો. સોશ્યલ મિડિયમાં જે જેનો વીડિયો વાઈરલ થયો છે તે રાજકોટ શહેરના પશ્ચિમ વિસ્તારનો પોશ ગણાતો અમીન માર્ગ પરનો છે. વીડિયોમાં અમીન માર્ગના મધ્યમાં રેડ યોગ આઉટફિટમાં મહિલા યોગા ટ્રેનર યોગ આસન કરતી જોવા મળી રહી છે. જેને પગલે વાહન ચાલકોને પોતાના વાહનની ગતિ ધીમી કરવી પડી હતી.

રોડ પર ચાલુ વરસાદમાં યોગ કરવાને કારણે વાહનચાલકોને ભારે હાલાકી પડી હતી.

આ વીડિયો તેજ ગતિએ સોશિયલ મીડિયા પર વાયરલ થતા પોલીસ તાત્કાલિક એક્શન મોડમાં આવી ગઈ અને ભારતીય દંડ સંહિતાની કલમ 283 હેઠળ તે યોગા ટ્રેનર વિરૂદ્ધ કેસ નોંધી તેની અટકાયત કરી હતી. પોલીસે આ યોગા ટ્રેનર રૈયા રોડ સ્થિત જીનિયસ હાઈટ્સની 40 વર્ષીય દીના પરમાર હોવાનું જણાવ્યું છે. આ મહિલા યોગા ટ્રેનર વિરૂદ્ધ કોન્સ્ટેબલ અંકિત નિમાવતની ફરિયાદના આધારે માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

માલવિયાનગર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી.જાડેજાએ જણાવ્યું હતું કે, 'દિયા પરમાને આ રીતે રોડ પર યોગ કરતા ધરપકડ કરી માલવિયાનગર પોલીસ સ્ટેશન લાવવામાં આવી હતી. આ દરમિયાન દિયાએ કહ્યું હતું કે, તે 18 સપ્ટેમ્બરે સવારે 9 વાગ્યા આસપાસ અમીન માર્ગ પર સાગર ટાવર પાસે યોગ કરીને રીલ બનાવી હતી. આ રીલને તેણે સોશિયલ મીડિયા પર શેર કરી હતી.'

અનુસંધાન પેજ 01 પરથી...

### ભારતનો લલકાર...

પેટલે કહ્યું કે,' દુનિયાનાં સૌથી મોટા લોકતંત્ર પર આંગળી ઊઠાવવાનો અધિકાર કોઈને નથી. UN ફોરમનો દુરુપયોગ કરવાની આદત પાકિસ્તાનને પડી ગઈ છે. તે વારંવાર વૈશ્વિક મંચનો ખોટો ઉપયોગ કરે છે. તે વારંવાર ભારત વિરોધી પાયાવિહોણા આરોપ માત્ર એટલા માટે જ લગાડે છે જેથી પાકિસ્તાનમાં થઈ રહેલા માનવાધિકારોનાં ઉલ્લંઘન પર દુનિયાની નજર ન જાય. આ મામલામાં પાકિસ્તાનનો રેકોર્ડ ઘણો ખરાબ છે. ખાસ કરીને મહિલાઓ અને અલ્પસંખ્યકો પર અત્યાચારનાં અનેક મામલાઓ સામે છે. પાકિસ્તાને સૌથી પહેલાં પોતાની આંતરિક સ્થિતિને સુધારવું જોઈએ.' પાકિસ્તાનનાં જરાંવાલામાં ઑગસ્ટમાં ઈસાઈઓ વિરોધી થયેલ હિંસાનો મુદો ઊઠાવતાં પેટલે કહ્યું કે હિંસામાં કુલ 19 ચર્ચ પર હુમલો કરવામાં આવ્યો અને 89 ઈસાઈ ઘરોમાં આગ લગાડી દેવામાં આવી. આવો જ અપરાધ પાકિસ્તાનમાં અહમદિયા સમુદાયનાં લોકો પર પણ થતો હોય છે જેમના ઈબાદતગાહને પાકિસ્તાનમાં તોડી દેવામાં આવે છે.

### પીએમ મોદીએ...

બાદ પ્રથમવાર પીએમ મોદી કાશી સ્થિત સંપૂર્ણાનંદ સંસ્કૃત યુનિવર્સિટીમાં પાંચ હજાર મહિલાઓ સાથે સંવાદ કર્યો હતો.

નારી શક્તિ વંદન એક્ટ પર મહિલાઓ સાથે વાતચીત કરી હતી. જે બાદ પીએમ મોદીએ રોડ માર્ગે સિગરા સ્થિત રૂદ્રાક્ષ કન્વેન્શન સેન્ટર પહોંચ્યા હતા. જ્યાં અટલ આવાસીય વિદ્યાલયના વિદ્યાર્થીઓનાં પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું હતું.

### નાગપુરમાં...

તળાવ છલકાઈ ગયું છે. આ સાથે જ જિલ્લા અને મહાનગર વહીવટીતંત્રની મેનેજમેન્ટની ટીમ કામ કરી રહી છે. કલેક્ટર અને કોર્પોરેશન કમિશનરે આજે વહેલી સવારે અનેક વિસ્તારોનું નિરીક્ષણ કર્યું હતું. આ સિવાય ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ પણ સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે. ભારે વરસાદને પગલે જિલ્લાની તમામ શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી. ધોધમાર વરસાદના પગલે નાગપુરના હાલ બેહાલ થઈ ગયા હતા.મોર ભવન એસટી બસ સ્ટેન્ડ પાણીમાં ગરકાવ થયું હતું. એસટી બસો પાણીમાં ડૂબી જતા અંદાજીત લાખો રૂપિયાનું નુકસાન પહોંચ્યું છે.

### શેરબજારમાં..

રોકવા માટે સીસ્ટમ બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. છેલ્લા કેટલાંક સમયમાં ઘણા ફ્રીક (શંકાસ્પદ) સોદા માલુમ પડયા હતા તે પાછળનૂં કારણ સ્ટોપલોસ વિથ માર્કેટ કંડીશન સીસ્ટમનું જ હતું.

# સમરસ ગામમાં જ સમરસતા નથી-દલિત રાશન દુકાનદારનો બહિષ્કાર કરાયો...!

### પાટણના કાનોસણમાં દલિત દુકાનદાર સામે આક્ષેપ કે તેઓ એટ્રોસીટીના કેસ કરાવે છે

ગુજરાત | વંદન

એક સમરસ ગામનો એવો કિસ્સો બહાર આવ્યો છે કે એ ગામમાં રાશનની દુકાન ધરાવનાર દલિત પાસેથી ગામના કોઈ કાર્ડધારકો રાશન ખરીદતા નથી. પરિણામે કાર્ડધારકોની વિનંતીના પગલે પાટણ જિલ્લા કલેક્ટરે નિર્દેશ આપ્યો છે કે, જિલ્લાના સરસ્વતી તાલુકાના કાનોસણ ગામના તમામ 436 રેશનકાર્ડ ધારકો હવે પડોશી ગામ એડલામાંથી રાશન ખરીદી શકશે અને તેઓએ તેમના ગામની દલિત સંચાલિત વાજબી ભાવની દુકાન (FPS) માંથી રાશન ખરીદવું પડશે નહીં...!

કલેક્ટર અરવિંદ વિજયને, 12 સપ્ટેમ્બરના આદેશમાં, કાનોસણના 436 પરિવારોના રેશન કાર્ડ એડલાના FPSમાં ટ્રાન્સફર કર્યા છે.ગામના મોટાભાગના રેશનકાર્ડ ધારકો - કનોસણમાં ઠાકોર સમુદાય (બિન-દલિત) નું વર્ચસ્વ છે. લગભગ દોઢ વર્ષ પહેલાં કાંતિ પરમાર (દલિત) દ્વારા સંચાલિત FPS (વ્યાજબી ભાવની દુકાન) માંથી તેમનું માસિક રાશન ખરીદવાનું બંધ કરી દીધા બાદ આ આદેશ આવ્યો છે. કાનોસણ એ ગુજરાતના સમરસ ગામો પૈકીનું એક ગામ છે. રાજ્ય સરકારની સમરસ યોજના હેઠળ ગ્રામજનો તેમના વોર્ડના સભ્યો અને સરપંચને સર્વાનુમતે ચૂંટે છે. આવા ગામોને રાજ્ય તરફથી વિશેષ પ્રોત્સાહન મળે છે. સમરસની સ્થિતિ ગામમાં "સામાજિક સદ્ભાવ" સૂચવે છે. તેમ છતાં આવી વિચિત્ર પરિસ્થિતિ બની છે. જિલ્લા વહીવટીતંત્રે કાનોસણના 268 રહેવાસીઓના નિવેદનો નોંધ્યા હતા. તેમાંથી 260 લોકોએ પડોશી FPS પાસેથી રાશન ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરી. આઠ રહેવાસીઓએ કાંતિના FPS માંથી તેમનું રાશન મેળવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. અન્ય આરોપો સિવાય, ઠાકોરે વ્યાજબીભાવની દુકાન ચલાવનાર કાંતિ પર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ હેઠળ ખોટા કેસ દાખલ કરવાની ધમકી આપવાનો આરોપ મૂક્યો છે - જે સામાન્ય રીતે એટ્રોસિટી એક્ટ તરીકે ઓળખાય છે. જોકે, કાંતિ અને તેના પરિવારે આરોપોને નકારી કાઢ્યા છે અને હવે તેઓ કલેક્ટરના આદેશને કોર્ટમાં પડકારવાનું વિચારી રહ્યા છે. કલેક્ટરના આદેશમાં કાનોસણના રહેવાસીઓની રજૂઆતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમણે જણાવ્યું છે કે, તેઓએ લગભગ દોઢ વર્ષ પહેલાં કાંતિના FPSમાંથી માસિક રાશન ખરીદવાનું બંધ કરી દીધું હતું અને તેના બદલે પડોશના એડલા, વાગડોદ અને નૈતા ગામની દુકાનોમાંથી ખરીદી કરી રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે,ગુજરાતમાં દલિતો પર અત્યાચારના બનાવ વધી ગયા છે. છેલ્લા કેટલાક સમયથી સૌરાષ્ટ્ર તથા ઉત્તર ગુજરાતના દલિતો પર અત્યાચાર ગુજરવામાં આવી રહ્યા છે દલિતોને મંદિરોમાં પણ પ્રવેશ આપવામાં આવતો નહીં. એવા એવા અનેકોવખત સામે આવી ચુક્યા છે.

અનુસંધાન પેજ 10 પરથી...

### ભારત 2047...

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ) એ વર્ષ 2023 થી 2028 સુધી વાર્ષિક આર્થિક વૃદ્ધિ 6 ટકાથી થોડી વધુ રહેવાનું અનુમાન કર્યું છે, જેમાં માથાદીઠ જીડીપી આના કરતાં લગભગ એક ટકા ઓછી ગતિએ વૃદ્ધિ પામશે. વુલ્ફે કહ્યું કે જો વૈશ્વિક અથવા સ્થાનિક સ્તરે કોઈ મોટા આંચકા ન આવે તો આ વૃદ્ધિ છેલ્લા ત્રણ દાયકાની સરેરાશ જેટલી હશે. ભારતના સંદર્ભમાં જોઈએ તો, તે યુવા વસ્તી ધરાવતો દેશ છે, જેમાં માનવશક્તિની ગુણવત્તા સુધારવાની ક્ષમતા છે. ભારતનો બચત દર ઘણો ઊંચો છે અને વધુ સમૃદ્ધિની વ્યાપક અપેક્ષાઓ છે. 2050 સુધીમાં ભારતની માથાદીઠ જીડીપી (ખરીદી શક્તિ પર આધારિત) એ જ સ્તરે હશે જે ચીનમાં આજે છે. ભારતની વાર્ષિક વૃદ્ધિ 5 ટકા અને અમેરિકાની 1.4 ટકા હોવાના આધારે આ અનુમાન લગાવ્યું છે. ભારતની વસ્તી પણ અમેરિકા કરતા 4.4 ગણી હશે. આવી સ્થિતિમાં એ કલ્પના કરવી મુશ્કેલ નથી કે 2050 સુધીમાં ભારતીય અર્થવ્યવસ્થાનું કદ અમેરિકા જેટલું જ હશે.

# નર્મદા નદી ઉપર 225 કરોડના ખર્ચે બનેલા બ્રિજનું PM મોદીના હસ્તે લોકાર્પણ થશે

ગુજરાત | વંદન

વડોદરા જિલ્લાને બે જિલ્લા, ભરૂચ અને નર્મદાને ટૂંકા અંતરથી જોડતા ડભોઇ, શિનોર, માલસર, અશા રોડ પર નર્મદા નદી ઉપર રૂ. ૨૨૫ કરોડના ખર્ચથી નિર્માણ પામેલા પૂલનું આગામી તા. ૨૭ ના રોજ વડાપ્રધાન મોદી તથા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં છોટા ઉદેપુર ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન લોકાર્પણ થશે. આ બ્રિજ બનતા વડોદરાથી નેત્રંગ ઉપરાંત ડેડિયાપાડ, મહારાષ્ટ્ર જવા માટે ૨૦ કિલોમિટરનું અંતર ઓછું થઇ ગયું છે. પૂલ બનવાથી બીજો મોટો લાભ એ થશે કે કપરા ચઢાણ, ડુંગરાળ વિસ્તારનો માર્ગ એક તરફ થઇ જશે. એક રસપ્રદ વાત એ પણ છે કે, છેક મધ્યપ્રદેશના અમરકંટકથી પ્રગટી ખંભાતની ખાડીમાં સાગરને મળતા મા નર્મદાના ૧૩૧૨ કિલોમિટરના લાંબા પ્રવાહના ઉપરથી વાહનો પસાર કરવા માટે અત્યાર સુધી કૂલ ૫૫ બ્રિજ બનાવવામાં આવ્યા છે.

અનુસંધાન પેજ 12 પરથી...

### જય રણછોડ..

અગાઉ ઠાસરા તાલુકાના સરપંચ અને હિન્દૂ સંગઠનોએ વિરોધ કર્યો હતો. જોકે અંતે હવે મંદિર ટ્રસ્ટ દ્વારા આ નિર્ણય પાછો ખેંચવામાં આવ્યો છે.

અગાઉ ડાકોરમાં મંદિરની કમિટી દ્વારા વિવાદિત નિર્ણય લેવાયો હતો. જેમાં હવે ભક્તોએ રણછોડ રાયના નજીકથી દર્શન માટે રૂ.500 ચૂકવવા પડશે. આ સાથે મહિલાઓની લાઈનમાં પુરૂષે જઈ દર્શન કરવા હોય તો 250 રૂપિયા ચાર્જ વસૂલાશે. આ સાથે મહિલાઓ માટેની દર્શનની જાળીએથી પુરુષે દર્શન કરવા હોય તો 250 રૂપિયા ન્યોછાવર પેટે ચાર્જ વસુલાશે. જેને લઈને ભક્તોમાં રોષ જોવા મળ્યો હતો.

### વધુ એક...

ત્રીજી ફરિયાદ અંજાર પાસે આવેલ વેલસ્પન કંપનીને બજાર મૂલ્ય કરતાં ઓછાં દરે જમીન બિનખેતી કરી આપવાનો આરોપ પણ પ્રદીપ શર્મા પર મૂકવામાં આવ્યો હતો.

### નાગરિકોને કરાતી...

તમને જે સૂચનો કર્યા છે, તે પરત્વે શું કરવા માગો છો તે મુદ્દે 22 સપ્ટેમ્બર સુધીમાં જવાબ રજૂ કરવાનો નિર્દેશ કર્યો છે. કોર્ટે એવી ટકોર કરી હતી કે, પોલીસ સામે ફરિયાદ હોય તો કોઈ નાગરિક ફરિયાદ કરી શકતો નથી, તેના માટે અલગ બોર્ડ બનાવવા અને જિલ્લા કક્ષાએ જજની અધ્યક્ષતામાં તેની રચના કરવાના સૂચન કર્યા હતા. ડીવાયએસપી અને ઉચ્ચ અધિકારીઓ સામે ફરિયાદ માટે અલગ વ્યવસ્થા કરવી જોઈએ. પોલીસ સત્તાવાળા સામે ફરિયાદનો એક અલગ હેલ્પલાઈન નંબર હોવો જોઈએ.

આ હેલ્પલાઈન નંબર અન્ય હેલ્પલાઈન નંબર સાથે જોડાયેલો હોવો જોઈએ તે વાતનું રાજ્ય સરકારે ધ્યાન રાખવું જોઈએ. રાજ્યમાં દરેક જિલ્લા કક્ષાએ નિવૃત ડિસ્ટ્રીક જજની અધ્યક્ષતામાં બોર્ડની રચના કરવામાં આવે. જિલ્લા કક્ષાએ ડીવાયએસપી કક્ષાના અધિકારી અને રાજય સ્તરે એસપી કે તેનાથી ઉપરી અધિકારી સામે ફરિયાદ કરી શકાય તેવી વ્યવસ્થા હોવી જોઈએ. લોકો દ્વારા પોલીસ કે ઓથોરિટી વિરુદ્ધ જે કોઇ ફરિયાદ કરવામાં આવી હોય તેનો ઝડપી નિકાલ થાય તે માટે ચોક્કસ સમય મર્યાદામાં પણ નક્કી કરવી જોઈએ.

### ગુજરાતનું...

સાથે ગુજરાતના સહયોગથી ભારતનો પ્રથમ પ્લગ-એન્ડ-પ્લે પાર્ક એટલે કે જાપાનીઝ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક બન્યો છે. 2017 માં, MG મોટર્સે રૂા.2000 કરોડના પ્રારંભિક રોકાણ અને વાર્ષિક 80,000 યુનિટ્સની ઉત્પાદન ક્ષમતા સાથે GM ઈન્ડિયાનો હાલોલ પ્લાન્ટ હસ્તગત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ભારતમાં આ MGની એકમાત્ર મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી છે.

ત્રણ બિલિયન ડોલરના રોકાણો સાથે, માંડલ-બેચરાજી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (MBSIR) એ ઓટોમોબાઈલના ઉત્પાદન માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર છે અને અહીંયા મારુતિ સુઝુકી અને હોન્ડા જેવી જાણીતી કંપનીઓ સ્થાપિત થયેલી છે. તે વાર્ષિક 1 મિલિયનથી વધુ વાહનોની સંયુક્ત ઉત્પાદન ક્ષમતા ધરાવે છે. આ ઉપરાંત, ઈન્ટરનેશનલ ઓટોમોબાઈલ સેન્ટર ઓફ એક્સેલન્સ (iACE) એ ગુજરાત સરકાર અને મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ વચ્ચેના સહયોગની સાક્ષી પૂરે છે. આ નવીન સંયુક્ત સાહસ ઓટોમોટિવ ક્ષેત્ર માટે એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન છે.

ગુજરાતમાં સ્થિત iACE એ ઓટોમોબાઈલ સેક્ટરમાં સંશોધન, વિકાસ અને નવીનીકરણ માટેની અદ્યતન સુવિધા છે. તે અત્યાધુનિક ટેકનોલોજીના હબ તરીકે કામ કરે છે, તેમજ ઓટોમોટિવ એડવાન્સમેન્ટ્સ માટે અનુકૂળ વાતાવરણને પ્રોત્સાહન આપે છે. હંમેશાં શ્રેષ્ઠ જ આપવાની પ્રતિબદ્ધતા સાથે iACE નો ઉદ્દેશ્ય ઉદ્યોગને આગળ ધપાવવાનો તેમજ નવીનીકરણ, ટકાઉપણું અને કૌશલ્ય વિકાસને આગળ વધારવાનો છે અને તેના દ્વારા વૈશ્વિક મંચ પર ભારતીય ઓટોમોટિવ ક્ષેત્રના વિકાસ અને સ્પર્ધાત્મકતામાં યોગદાન આપવાનો છે.

વધુમાં, 2020-21ના નાણાકીય વર્ષમાં 8 લાખ વાહનોની નિકાસ સાથે ગુજરાત ઓટોમોબાઈલ અને ઓટો કોમ્પોનેન્ટ્સનું એક નોંધપાત્ર નિકાસકાર બન્યું છે. ઈલેક્ટ્રિક મોબિલિટી તરફના વૈશ્વિક પરિવર્તનને ધ્યાનમાં રાખીને, ગુજરાત ઈલેક્ટ્રીક વાહન (EV)ના ઉત્પાદનને સક્રિયપણે પ્રોત્સાહન આપી રહ્યું છે. રાજ્ય સરકારે EV બેટરી પ્લાન્ટ સ્થાપવા માટે ટાટા ગ્રુપ સાથે રૂા.13,000 કરોડના મહત્વપૂર્ણ એમઓયુ (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. આ સસ્ટેનેબલ મોબિલિટી માટે ભારતની પ્રતિબદ્ધતા સાથે એકીકૃત રીતે સુસંગત થાય છે અને ગુજરાતને EV ઉત્પાદન માટે અગ્રણી હબ તરીકે પ્રસ્થાપિત કરે છે.

ઓટોમોબાઈલ ઉદ્યોગમાં શૂન્યમાંથી 3 બિલિયન યુએસ ડોલરના ઓટોમોટિવ પાવરહાઉસ બનવા સુધીની ગુજરાતની સફર દૂરંદેશી નેતૃત્વ, ઉદ્યોગોને અનુકૂળ વાતાવરણ અને વ્યૂહાત્મક સહયોગનો ઉત્તમ ઉદાહરણ છે. જેમ જેમ ગુજરાત 2024માં 10મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ માટેની તૈયારી તરફ આગળ વધી રહ્યું છે, એક વાત સ્પષ્ટ છે કે ઓટોમોટિવ સેક્ટરમાં રાજ્યની વૃદ્ધિ અને નવીનતાનો માર્ગ સતત આગળ વધતો રહેશે.

### કોર્ટના જામીન ...

પણ જેલમાંથી મોબાઈલ મળવાને લઈને પણ સાબરમતી જેલ વિવાદમાં આવી ચૂકી છે. હાઈકોર્ટે મહેસાણાના એક આરોપીને 3 વર્ષ પહેલા જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યા બાદ પણ સાબરમતી જેલના સત્તાધિશોએ આરોપીને જેલમુક્ત કર્યો ન હતો. જેને લઈ હવે જેલ સત્તાધીશોએ હાઈકોર્ટમાં કહ્યું છે કે, કોરોનાકાળ હોવાથી હાઈકોર્ટના હુકમ પર ધ્યાન ન ગયું. આ તરફ હવે ગુજરાત હાઈકોર્ટે કહ્યું કે, જેલ સત્તાધીશોએ યુવકના 3 વર્ષ બગાડ્યા હોવાથી 14 દિવસમાં વળતર ચૂકવો. આ સાથે હાઈકોર્ટે બેદરકારીની નોંધ લઇ રૂ. 3 લાખનો દંડ ફટકાર્યો હોવાનું સામે આવ્યું છે. આ સાથે આવા કેસની યાદી બનાવી હાઈકોર્ટ સમક્ષ રજૂ કરવા રજિસ્ટ્રીને આદેશ કર્યો છે.

# ક્રુડતેલ 'ખેલ' બગાડશે: મોંઘવારી મામલે ફરી અગ્નિ પરીક્ષા

■ વૈશ્વિક ક્રૂડનો ભાવ 95 ડોલરે 10 મહિનાની ઉંચી સપાટીએ

ગુજરાત | વંદન

લાંબા વખતથી ખાદ્ય સહીતની ચીજોમાં મોંઘવારીનો માર સહન કરતી પ્રજાની સાથોસાથ હવે સરકારની પણ અગ્નિ પરીક્ષા થવાના એંધાણ છે. વૈશ્વિક ક્રૂડનો ભાવ 95 ડોલરે 10 મહિનાની ઉંચી સપાટીએ પહોંચી જતા પેટ્રોલ-ડીઝલનાં ભાવ વધારાનું જોખમ સર્જાવાની ભીતિ છે. જોકે, ચૂંટણીને ધ્યાને રાખીને તેલ કંપનીઓ ગ્રાહકો પર કદાચ બોજો નહિં નાખે પરંતુ ફુગાવાને કાબુમાં લેવાનું સરકાર માટે પડકારજનક બનશે.ઉપરાંત રિઝર્વ બેન્કનું વ્યાજદરમાં રાહત આપવાનું ગણિત પણ બગડી શકે છે.

સાઉદી અરેબીયા તથા રશિયાએ ઉત્પાદન કાપનો ગાળો ડીસેમ્બર સુધી લંબાવવાનું જાહેર કરતા તથા અમેરીકાનુ ક્રુડ ઉત્પાદન મે મહિના પછીના સૌથી નીચા સ્તરે પહોંચતા વૈશ્વીક સ્તરે ક્રુડમાં તેજી થઈ છે.તેલ કંપનીઓનો પડતર ખર્ચ વધ્યો હોવા છતાં ચૂંટણીને કારણે સરકાર તેઓને ભાવ વધારા માટે મંજુરી આપી તેમ નથી. ફૂગાવો વધે તો સરકાર વિપક્ષોનું નિશાન બની શકે તેવુ પણ જોખમ ઉભુ થાય. મે 2022 થી પેટ્રોલ-ડીઝલના રીટેઈલ ભાવમાં કોઈ બદલાવ થયો નથી.



જાણકારોનાં કહેવા પ્રમાણે આવતા વર્ષે લોકસભા ચૂંટણી પૂર્વે ચાલુ વર્ષે મધ્યપ્રદેશ, રાજસ્થાન, છતીસગઢ સહીતના રાજયોમાં વિધાનસભા ચૂંટણી થવાની છે.પેટ્રોલ-ડીઝલમા ભાવ વધારો ન કરાય તો સરકારી તેલ કંપનીઓએ નુકશાની ભોગવવી પડશે. ગત નાણા વર્ષનાં પ્રથમ છ માસમાં તેલ કંપનીઓને 21000 કરોડની જંગી ખોટ થઈ હતી. એક તબકકે પ્રતિલીટર, 12 થી 14 રૂપિયાનું નુકશાન હતુ. છેલ્લા મહિનાઓમાં ક્રુડ 80 ડોલર આસપાસ રહેતા રાહત થઈ હતી. પરંતુ ફરી વખત તેજીથી સરકારની અગ્નિ પરીક્ષાની આશંકા છે.

ક્રુડનો ભાવ ઉંચો જ રહેવાના સંજોગોમાં ટુંકા તથા લાંબા ગાળાએ પણ વ્યાપક અસર થઈ શકે છે. ચૂંટણી પૂર્વે મોંઘવારી કાબુમાં દર્શાવતાં રીઝર્વ બેન્ક વ્યાજદર ઘટાડશે તેવી અટકળો હતી. પરંતુ તે ઉંધી પડી શકે છે. લોકોને લોનના હપ્તામાં કોઈ રાહત નહી મળે આ સંજોગોમાં લાંબા ગાળે મોંઘવારી-ફૂગાવો વધવાનું જોખમ વધશે. જાણીતા અર્થશાસ્ત્રી ડી.કે.જોશીનાં કહેવા પ્રમાણે ક્રુડ નીચે ન આવે તો ફરી વખત મોંઘવારીનુ ચકકર શરૂ થઈ શકે છે. ત્યાર સુધી ઈંધણ અને કોર શ્રેણીનો ફૂગાવો પાંચ ટકાથી નીચે છે. જુલાઈ-ઓગસ્ટમાં ફૂગાવાના વધારા પાછળનું કારણ મોંઘી ખાદ્યચીજોનું હતું.

# યુએસનું દેવું ભારતના GDP કરતા અંદાજે 10 ગણું વધારે



■ ભવિષ્યની મંદીનો સામનો કરવાની અમેરિકાની ક્ષમતા ઘટી જશે....

ગુજરાત | વંદન

જગતના જમાદાર ગણાતા અમેરિકાનું રાષ્ટ્રીય દેવું પહેલી વખત 33 હજાર અબજ ડોલર એટલે કે 33 ટ્રિલિયન ડોલરને પાર કરી ગયું છે. અમેરિકા માટે જંગી દેવું મોટી સમસ્યા સાબિત થઈ શકે છે અને 2019 પછી ફરીથી યુએસમાં ફેડરલ શટડાઉનની શક્યતા છે. ભારતનું જીડીપી હજુ 3.75 ટ્રિલિયન ડોલરની આસપાસ છે ત્યારે અમેરિકાનું દેવું જ ભારતના જીડીપી કરતા લગભગ 10 ગણું વધારે છે. અમેરિકાની ઋણ લેવાની ક્ષમતાની હવે મર્યાદા આવી ગઈ છે. આ મર્યાદા વધારવા અને વધુ દેવું કરવા માટે યુએસ કોંગ્રેસ દ્વારા લગભગ એક ડઝન બિલ પસાર કરવા પડશે. આમ કરવામાં નહીં આવે તો તેની ફેડરલ કામગીરી ઠપ થઈ જશે.

વર્ષ 2001થી અમેરિકાનું રાષ્ટ્રીય દેવું દર વર્ષે વધતું ગયું છે કારણ કે સરકારે ટેક્સ અને અન્ય આવકની સરખામણીમાં વધારે ખર્ચ કર્યો છે. ઉચ્ચ રાષ્ટ્રીય દેવાનો અર્થ એ થયો કે સરકારે દેવા પર વ્યાજ ભરવા માટે વધુ ખર્ચ કરવો પડે છે. તેના કારણે ભવિષ્યની મંદીનો સામનો કરવાની તેની ક્ષમતા ઘટી જાય છે.

અમેરિકામાં ફેડરલ સ્પેન્ડિંગના મુદ્દે સરકારમાં વિવાદ ચાલે છે ત્યારે સરકારે ગેમ તેમ કરીને તેની દેવું કરવાની લિમિટ વધારવી પડે તેમ છે. 30 સપ્ટેમ્બર સુધીમાં સરકારે આ અંગેના તમામ કામ નિપટાવી દેવા પડશે નહીંતર શટડાઉન લાગુ થઈ જશે. બાઈડેનના વહીવટીતંત્ર દ્વારા કેટલાક ફેડરલ ખર્ચના કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યા હતા જેમાં ધારણા કરતુ વધુ ખર્ચ થાય તેવી શક્યતા છે. 2022માં ઈનફ્લેશન રિડક્શન એક્ટ પસાર કરવામાં આવ્યો હતો જેનાથી એક દાયકામાં 400 અબજ ડોલરનો ખર્ચ થાય તેવો અંદાજ હતો. પરંતુ ક્લિન એનર્જી ટેક્સ ક્રેડિટની એટલી બધી ડિમાન્ડ છે કે સરકારને આ પ્લાન 400 અબજ ડોલરના બદલે 1 ટ્રિલિયન ડોલર (એક લાખ કરોડ ડોલર)માં પડે તેવી સંભાવના છે.

### ટોપ-100માં સામેલ થનારી આઈટી જાયન્ટ ઈન્ફોસીસ એકમાત્ર ભારતીય કંપની

# ટાઈમ મેગેઝીનની 'વર્લ્ડ બેસ્ટ કંપનીઝ 2023'ની ટોપ-100માં ઈન્ફોસીસ સામેલ

ગુજરાત | વંદન

ટાઈમ મેગેઝીનની 'વર્લ્ડ બેસ્ટ કંપનીઝ 2023'ની ટોપ-100 યાદીમાં સામેલ થનારી આઈટી જાયન્ટ ઈન્ફોસીસ એકમાત્ર ભારતીય કંપની છે. બેંગલુરુ સ્થિત ઈન્ફોસિસ 88.38ના એકંદર સ્કોર સાથે 750 વૈશ્વિક કંપનીઓમાં 64મા ક્રમે છે.

1981માં રચાયેલ ઈન્ફોસિસ એ એનવાયએસઇ લિસ્ટેડ વૈશ્વિક કન્સલ્ટિંગ અને આઈટી સેવાઓ કંપની છે. જેમાં કંપનીની વેબસાઈટ મુજબ 3,36,000થી વધુ કર્મચારીઓ છે. 40 વર્ષથી વધુ



સમયથી ચાલી રહેલી કંપની દાવો કરે છે કે તેણે કેટલાક મોટા ફેરફારો કર્યા છે જેના કારણે ભારત સોફ્ટવેર સર્વિસ ટેલેન્ટ માટે ગ્લોબલ ડેસ્ટિનેશન તરીકે ઉભરી આવ્યું છે.

ઈન્ફોસિસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટ શેર કરી છે ટાઈમ એન્ડ સ્ટેટિસ્ટા દ્વારા તૈયાર કરાયેલી 'વર્લ્ડ બેસ્ટ કંપનીઝ 2023'ની ટોપ-4 યાદીમાં સમાવિષ્ટ સંસ્થાઓ તમામ મોટી ટેક કંપનીઓ છે અને તે અમેરિકા સ્થિત છે. ટાઈમએ વિશ્વની ટોચની કામગીરી કરતી કંપનીઓને ઓળખવા માટે આ પરિમાણો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે - એમ્પ્લોય સેટિફેક્શન, રેવેન્યૂ ગ્રોથ, સસ્ટેનેબિલીટી, એનવાયરમેન્ટલ, સોશિયલ એન્ડ કોર્પોરેટ ગવર્નન્સ.

ટાઈમે અહેવાલ આપ્યો છે કે માઈક્રોસોફ્ટ, જે ટોચ પર હતી, તેણે તેના સૌથી તાજેતરના નાણાકીય વર્ષમાં $ 72 બિલિયન એટલે કે રૂ. 5.98 લાખ કરોડની કમાણી કરી, જે 2020થી 63% ની વૃદ્ધિ છે, જ્યારે કંપનીના ઓવરઓલ એમિશનમાં 0.5% ઘટાડો થયો છે.

### અમેરિકામાં વ્યાજદરમાં સતત વધારો થતાં

# છેલ્લા 16 મહિનામાં ઓગસ્ટમાં ગોલ્ડ ETFમાં સૌથી વધુ 1,028 કરોડનું રોકાણ

ગુજરાત | વંદન

અમેરિકામાં વ્યાજદરમાં સતત વધારો થતાં ગોલ્ડ ઈટીએફમાં (ગોલ્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ) માં ઓગસ્ટમાં રૂ. ૧,૦૨૮ કરોડનું રોકાણ જોવા મળ્યું છે, જે ૧૬ મહિનાની ઊંચી સપાટી છે. અમેરિકામાં વ્યાજદરમાં વધારાને કારણે આર્થિક વૃદ્ધિની ગતિને અસર થઈ છે.

એસોસિયેશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયાના ડેટા અનુસાર આ સાથે આ કેટેગરીમાં વાર્ષિક પ્રવાહ રૂ. ૧,૪૦૦ કરોડને વટાવી ગયો છે. ગોલ્ડ ઈટીએફમાં



નાણાપ્રવાહ ઉપરાંત, તેનો એસેટ બેઝ અને રોકાણકારોના ખાતા (ફોલિયો)ની સંખ્યામાં પણ સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન વધારો થયો છે.ડેટા અનુસાર ઓગસ્ટમાં ગોલ્ડ ઈટીએફમાં રૂ. ૧,૦૨૮ કરોડનું રોકાણ કરવામાં આવ્યું હતું. અગાઉ જુલાઈમાં તેમાં માત્ર રૂ. ૪૫૬ કરોડનું રોકાણ થયું હતું.

અગાઉ, ગોલ્ડ ઈટીએફમાં સતત ત્રણ ત્રિમાસિક ગાળાના વેચાણ બાદ એપ્રિલ-જૂન સમયગાળા દરમિયાન રૂ. ૨૯૮ કરોડનો પ્રવાહ જોવા મળ્યો હતો. માર્ચ ક્વાર્ટરમાં આ કેટેગરીમાંથી રૂ. ૧,૨૪૩ કરોડ, ડિસેમ્બર ક્વાર્ટરમાં રૂ. ૩૨૦ કરોડ અને સપ્ટેમ્બર ક્વાર્ટરમાં રૂ. ૧૬૫ કરોડનો ઉપાડ થયો હતો.

ગોલ્ડ ઈટીએફમાં એપ્રિલ, ૨૦૨૨ પછી ઓગસ્ટ, ૨૦૨૩માં સૌથી વધુ માસિક પ્રવાહ જોવા મળ્યો હતો. એપ્રિલ ૨૦૨૨માં રશિયા-યુક્રેન યુદ્ધના કારણે આ કેટેગરીમાં ૧,૧૦૦ કરોડ રૂપિયાનું રોકાણ થયું હતું.

# ઈટાલી આખરે ચીનના બેલ્ટ એન્ડ રોડ પ્રોજેક્ટની ચુંગાલમાંથી બહાર આવશે



■ જી-20માં ઈટાલીના વડાપ્રધાને ભારત પ્રેરિત પ્રોજેક્ટમાં જોડાવાની વ્યક્ત કરી હતી ઈચ્છા

ગુજરાત | વંદન

ચીનના બેલ્ટ એન્ડ રોડ ઈનિસિયેટીવ (બીઆરઆઈ)માંથી આખરે ઈટાલીનો હટી જવાનો ઈરાદો વ્યકત કર્યો છે. ઈટાલીના વડા પ્રધાન જિયોર્જિયા મેલોનીએ ચાઈનીઝ પ્રીમિયર લી ક્વીઆંગને ખાનગીમાં આનો નિર્દેશ આપી દીધો છે. ભારતમાં ૯ સપ્ટેમ્બરે યોજાઈ ગયેલી ઈન્ડિયા-મિડલ ઈસ્ટ-યુરોપ ઈકોનોમિક કોરીડોર (આઈએમઈસી) પ્રોજેક્ટ માટેના સમજૂતીના કરાર પર સહી કરનારાં રાષ્ટ્રોમાં એક ઈટાલી પણ હતું. તેના પગલે હવે ઈટાલી ભારત પ્રેરિત આઈએમસી પ્રોજેક્ટમાં જોડાઈ તેવી શક્યતા છે.

આઈએમસીઈએ ભારત તેમજ ગલ્ફ વિસ્તારને જોડતો ઈસ્ટન કોરીડોર છે અને નોર્ધન કોરીડોર ગલ્ફ વિસ્તારને યુરોપ સાથે જોડે છે. તેમાં રેલવે, શિપ-રેલ ટ્રાન્સીટ નેટવર્ક અને રોડ ટ્રાન્સપોર્ટ રૂટનો સમાવેશ થાય છે. ચીનનો બીઆરઆઈ પ્રોજેક્ટ મધ્યમ અને ઓછી આવક ધરાવતાં રાષ્ટ્રોને સાંકળતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે પણ તેના કારણે અમુક રાષ્ટ્રો દેવાની જાળમાં સપડાઈ ગયાં હતાં.

આ વર્ષના પ્રારંભે બ્લૂમવર્ગે એવો અહેવાલ આપ્યો હતો કે હોમ બીઆરઆઈમાંથી નીકળી જવાની યોજના ધરાવે છે, પણ વડા પ્રધાન મેલોનીએ અવઢવમાં છે કે ચીન જોડેના વેપાર સંબંધો ખરાબ કર્યા વગર ચીનને આની જાણ કઈ રીતે કરવી? જી20 બાદની પત્રકાર પરિષદમાં મેલોનીએ બીઆરઆઈ સંબંધિત ચાઈનીઝ પ્રીમિયર જોડે વાત કર્યાનું જણાવ્યું હતું.

# કેનેડામાં ભારતની 30 કંપનીઓ, 40,000 કરોડનું રોકાણ ખતરામાં?

■ કેનેડા-ભારત વચ્ચે તણાવના કારણે વ્યાપાર જગતમાં ચિંતા વધી

ગુજરાત | વંદન

કેનેડા અને ભારત વચ્ચે વધી રહેલા તણાવના કારણે વ્યાપાર જગતમાં ચિંતા વધી છે. હકીકતમાં, બંને દેશો વચ્ચે મોટી વ્યાવસાયિક ભાગીદારી ધરાવતા રાજદ્વારી સ્તરે ચાલી રહેલા વિવાદને કારણે કેનેડામાં કામ કરતી ભારતીય કંપનીઓ માટે મુશ્કેલી ઊભી થઈ શકે છે અને તેમના દ્વારા ત્યાં કરવામાં આવેલા જંગી રોકાણને અસર થઈ શકે છે. જો આમ થશે તો ભારતીય કંપનીઓ તેમજ કેનેડાની અર્થવ્યવસ્થા માટે ચિંતાનો વિષય બનશે, કારણ કે આ કંપનીઓમાં હજારો લોકો નોકરી કરે છે.

કેનેડામાં ભારતીય કંપનીઓનું શું મહત્વ છે અને ત્યાં આ કંપનીઓનું રોકાણ કેટલું મોટું છે? આ માહિતી આ વર્ષે મે ૨૦૨૩ માં એક અહેવાલમાં ડેટા સાથે શેર કરવામાં આવી હતી. કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) દ્વારા 'ફ્રોમ ઈન્ડિયા ટુ કેનેડાઃ ઈકોનોમિક ઈમ્પેક્ટ એન્ડ એન્ગેજમેન્ટ' શીર્ષક ધરાવતો આ અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો અને કેન્દ્રીય



વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પિયુષ ગોયલ ટોરોન્ટોની મુલાકાતે હતા ત્યારે આ અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો.

સીઆઈઆઈના રિપોર્ટમાં ડેટા સાથે એ વાત પર પ્રકાશ પાડવામાં આવ્યો છે કે ભારત માત્ર શ્રીલંકા, બાંગ્લાદેશ, નેપાળ અને ખાડી દેશો માટે જ નહીં, પરંતુ કેનેડા જેવા દેશો માટે પણ કેટલું મહત્વનું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે કેનેડાની અર્થવ્યવસ્થામાં ભારતીય પ્રતિભાનું યોગદાન અને કેનેડામાં ભારતના રોકાણમાં વધારો થયો છે. તેમાં કેનેડામાં ભારતીય ઉદ્યોગોની વધતી જતી હાજરી અને એફડીઆઈ, રોજગારીના સર્જનમાં ત્યાં ઉપસ્થિત ભારતીય કંપનીઓના મહત્ત્વ પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.

'ફ્રોમ ઈન્ડિયા ટુ કેનેડાઃ ઈકોનોમિક ઈમ્પેક્ટ એન્ડ એન્ગેજમેન્ટ'ના રિપોર્ટ પર નજર કરવામાં આવે તો આજના તણાવની બિઝનેસ સેક્ટર પર શું અસર થશે તેનો અંદાજ લગાવી શકાય છે. રિપોર્ટ અનુસાર કેનેડામાં ભારતની 30 કંપનીઓ હાજર છે અને તેમના દ્વારા દેશમાં કરવામાં આવેલું રોકાણ 40,446 કરોડ રૂપિયા છે.

એટલું જ નહીં, બંને દેશો વચ્ચેના આ તાજેતરના તણાવ પહેલાં વ્યાપારી સંબંધો વિશેનો એક સર્વે અહેવાલ દર્શાવે છે કે ત્યાં હાજર આ ભારતીય કંપનીઓમાંથી ૮૫ ટકા કંપનીઓ ભવિષ્યમાં નવીનતા માટે ભંડોળમાં વધારો થવાની અપેક્ષા રાખે છે.

### ભારતના સંદર્ભમાં અમેરિકાની સંસદમાં રજૂ થયો ખરડો

# ભારતમાં સંવેદનશીલ US ટેક્નોલૉજીની મુક્ત નિકાસને પ્રોત્સાહન મળશે

ગુજરાત | વંદન

અમેરિકાના પ્રમુખ જૉ બાયડન નવી દિલ્હીની મુલાકાતે આવ્યા હતા ત્યારે અમેરિકાના બે સાંસદોએ, ભારતમાં ઉચ્ચ કક્ષાની ટેક્નૉલૉજીની નિકાસ પરના પ્રતિબંધો હટાવી લેવા માટેનો એક ખરડો અમેરિકન સંસદમાં રજૂ કર્યો હતો. અમેરિકાના આ પગલાંને કારણે ભારતમાં સંવેદનશીલ અમેરિકન ટેક્નૉલૉજીની મુક્ત નિકાસને પ્રોત્સાહન મળશે. બંને દેશો વચ્ચેનો ટેક્નૉલૉજિકલ સહકાર વધુ ગાઢ બનશે.

શુક્રવારે રેંકિંગ મેમ્બર ઓફ ધી હાઉસ ફૉરેન અફેર્સ કમિટીના કૉંગ્રેસમૅન ગ્રેગરી મિક્સ અને વાઈસ ચૅર ઓફ ધી હાઉસ ઈન્ડિયા કોકસના એન્ડી બારે આ ખરડો



રજૂ કર્યો હતો. 'ટેક્નૉલૉજી એક્ષપોર્ટ ટુ ઈન્ડિયા ઍક્ટ', ઉચ્ચ ગુણવત્તાવાળા કૉમ્પ્યુટર અને તેના સંબંધિત ભાગોનું વેચાણ આસાન બનાવવામાં અને ભારત-અમેરિકાના ટેક્નૉલૉજિકલ સહકારને મજબૂત બનાવવામાં મદદરૂપ બનશે.

અમેરિકન સંસદમાં જે બિલ રજૂ થયું તેના કારણે ભારતમાં ડિજિટલ કૉમ્પ્યુટર્સ અને ઈલેક્ટ્રોનિક એસેમ્બલીઝનું વાણિજ્ય વિભાગના લાઈસન્સ વિના વેચાણ કરવા પરનો પ્રતિબંધ હટી જશે. તેના કારણે અમેરિકા ભારત વચ્ચેનો ટેક્નૉલૉજિકલ વેપાર ભારતની ટેક્નૉલૉજિકલ કંપનીઓ વચ્ચેનું લિંકેજ વધશે. આ વ્યૂહાત્મક ઉદ્યોગ માટે સ્થિતિસ્થાપક પુરવઠાની સાંકળ ઊભી થઈ શકશે.

### આયાત નિકાસના વ્યવહારો પર અસર પડશે : WTO

# યુરોપના કાર્બન બોર્ડર ટેક્સ અંગે વિશ્વ વ્યાપાર સંસ્થાનો વિરોધ

ગુજરાત | વંદન

વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુટીઓ)એ યુરોપ અને અમેરિકાના પર્યાવરણ સંબંધિત એકપક્ષીય નીતિ અને પગલાં બાબત ચિંતા વ્યક્ત કરી છે. ઈયુના કાર્બન બોર્ડર ઍડજસ્ટમેન્ટ મિકેનિઝમ અને અન્ય પર્યાવરણીય પગલાં તથા અમેરિકાના ઈન્ફ્લેશન રિડક્શન ઍક્ટ જેવા એકપક્ષીય પગલાં વિશે ડબ્લ્યુટીઓએ ચિંતા દર્શાવી હતી. યુરોપિયન યુનિયનના કાર્બન બોર્ડર ઍડજસ્ટમેન્ટ મિકેનિઝમ (સીબીએએમ)નો કાયદો 1 ઓક્ટોબરથી અમલમાં આવશે તે પહેલાં આ બાબત ચિંતા વ્યક્ત થઈ હતી. વૈશ્વિક વ્યાપાર સંસ્થા




ડબ્લ્યુટીઓએ તેમના અહેવાલમાં જણાવ્યું હતું કે ઈયુના પ્રસ્તાવિત સીબીએએમના કાયદાની આયાત નિકાસના વ્યવહારો પર સંભવિત ભેદભાવ ભરેલી અસર પડશે અને એકંદરે નિયમ પાલનનો ખર્ચ વધશે. આ બાબત ડબ્લ્યુટીઓના કેટલાક સભ્યોએ ચિંતા વ્યક્ત કરી છે.

સીબીએએમ 1 જાન્યુઆરી 2026થી અમલમાં આવશે, જેના કારણે ઈયુમાં થતી કેટલીક પસંદગીની આયાત પર 20થી 35 ટકા જકાત લાગશે. જોકે, યુરોપિયન યુનિયન એમ કહે છે કે, સીબીએએમ પર્યાવરણ સંબંધિત પગલાં છે, જ્યારે ભારત જેવા દેશોનું એવું માનવું છે કે આ વેપાર સંબંધિત પગલાં છે. વિશ્વના અન્ય દેશો પણ સીબીએએમ અથવા તેના જેવા અન્ય પગલાં લેશે.

# ટેકસચોરો પર તવાઈ : દેશભરની સવા લાખ કંપનીઓની GST ચોરીની તપાસ હાથ ધરાઈ

ગુજરાત | વંદન

જીએસટી ચોરી રોકવા કાયદા પ્રક્રિયામાં શ્રેણીબદ્ધ સુધારા-ફેરફારો છતાં ગેરરીતી-કૌભાંડોનો સિલસિલો અટકતો નથી ત્યારે હવે એક સવા લાખ કંપનીઓ-કરદાતા પર તવાઈ ઉતારવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે આ કંપનીઓએ ઈનપુટ ટેકસ ક્રેડીટ મેળવવાનાં બોગસ દાવા કર્યાનો ભાંડો ફૂટતા ઝીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી છે.ડીસેમ્બર સુધીમાં આ તમામ તપાસ આટોપી લેવાનો ટારગેટ નકકી કરવામાં આવ્યો છે.

કેન્દ્રીય આડકતરા કરવેરા વિભાગનાં સુત્રોએ કહ્યું કે બોગસ ઈનપુટ ટેકસ ક્રેડીટનાં દાવા રજુ કરીને સરકારને ચુનો ચોપડવા માંગતી દેશભરમાં સવા લાખ કંપનીઓની ઓળખ મળી છે. આ પૈકી મોટાભાગની કંપનીઓ બનાવટી હોવાની શંકા છે.અમુક સરકારી કંપનીઓ તથા પ્રતિષ્ઠિત નામો પણ સામેલ છે.આ તમામ કંપનીઓ સામે તપાસ અને કેન્દ્ર તથા રાજયોનાં તંત્રોને કામે લગાડી દેવામાં આવ્યા છે.એક કિસ્સામાં દિલ્હીની એક બનાવટી કંપનીએ મધ્યપ્રદેશ,બિહાર, છતીસગઢ જેવા અન્ય રાજયોમાં પણ કારસ્તાનો આચર્યા હોવાનો ખુલાસો થયો છે.

કેન્દ્રીય આડકતરા કરવેરા બોર્ડે તાજેતરમાં બે મહિનાની ખાસ ઝુંબેશ ચલાવી હતી. બોગસ કંપનીઓ-કૌભાંડીઓને પકડવા 14મેથી 14 જુલાઈ સુધીની દેશવ્યાપી ઝુંબેશમાં 77200 કરદાતાઓની તપાસ કરવામાં આવી હતી. તેમાંથી 20800 બનાવટી હોવાનું ખુલ્યુ હતું અને ત્યારબાદ તપાસનો વ્યાપ વધારીને હવે સવા લાખ કંપનીઓ પર ઘોંસ શરૂ કરવામાં આવી છે.

સુત્રોના કહેવા પ્રમાણે કરવેરા બોર્ડનાં ડેટા વિશ્લેષણ તથા અન્ય એજન્સીઓની માહીતીનાં આધારે શંકાસ્પદ કંપનીઓનું લીસ્ટ બનાવવામાં આવ્યુ છે. જીએસટી રજીસ્ટ્રેશનનાં આંકડા સાથે કરદાતાઓનાં કોર્પોરેટ રીટર્ન, આવકવેરા રીટર્ન વગેરેનાં આંકડાકીય વિશ્લેષણનાં આ ખુલાસો થયો છે. નાણાંકીય વર્ષ 2022-23 માં 1.01 લાખ કરોડથી અધિકની જીએસટી ચોરી પકડવામાં આવી હતી. જે આગલા વર્ષની સરખામણીએ ડબલ હતી. નાણા વર્ષ 2021-22 માં 54000 કરોડની જીએસટી ચોરીનો પર્દાફાશ થયો હતો.ગત વર્ષનાં કરચોરીનાં 14000 જેટલા કેસ કરાયા હતા.

કૌભાંડ કેવી રીતે થાય છે?

ઈનપુટ ટેકસ ક્રેડીટ અંતર્ગત જીએસટી કરદાતાને ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાતાં કાચા માલ પર ચુકવાયેલ ટેકસ મજરે લેવાની છુટ્ટ હોય છે.અનેક કંપનીઓ બોગસ બીલ કે બોગસ ચલણનાં આધારે ઈનપુટ ટેકસ ક્રેડીટ મેળવી લે છે. વાસ્તવમાં કોઈપણ પ્રકારનાં માલની આયાત કરાતી નથી. પરંતુ બોગસ બીલ મારફત લેવડદેવડ દર્શાવીને ઈનપુટ ટેકસ ક્રેડીટનો દાવો રજુ કરી દેવાય છે તેના કારણે સરકારી તિજોરીને મોટુ આર્થિક નુકશાન થાય છે.

### અદાણી રિયલ્ટીએ વાર્ષિક FIST - 2023 એવોર્ડ જીત્યો

# અદાણી શાંતિગ્રામની અદ્યતન સુરક્ષા વ્યવસ્થા તેમજ વિશેષતાઓ ધરાવતા માળખાને સન્માન

ગુજરાત | વંદન

અદાણી રિયલ્ટી દ્વારા 630 એકરમાં ફેલાયેલી ટાઉનશિપ અદાણી શાંતિગ્રામને પ્રતિષ્ઠિત FIST 2023 એવોર્ડથી નવાજવામાં આવી છે. આ એવોર્ડ તેમાં 10,000 થી વધુ રહેવાસીઓ માટે સુરક્ષા, સલામતી અને કટોકટીની સજ્જતાના ઉચ્ચતમ ધોરણોને સુનિશ્ચિત કરવા માટે ટાઉનશીપની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

ફાયર એન્ડ સિક્યુરિટી એસોસિએશન ઓફ ઈન્ડિયા (FSAI) સુરક્ષા દ્વારા સલામતી, અગ્નિશામક અને કટોકટી પ્રતિસાદના ક્ષેત્રોમાં અસાધારણ યોગદાનને નવાજવા વાર્ષિક ધોરણે FIST એવોર્ડ આપવામાં આવે છે. આ પુરસ્કાર ઉદ્યોગના




ધોરણોને ઉન્નત કરવાની સાથે સલામતીને અસર કરે છે. FIST 2023 પુરસ્કાર મેળવવો એ વિશિષ્ટતા અને ગૌરવની બાબત છે કારણ કે તેના માટે ઝીણવટભરી મૂલ્યાંકન પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. થર્ડપાર્ટી સંસ્થાઓના વ્યાવસાયિકોની નિષ્પક્ષ અને તટસ્થ ટીમના જ્યુરી બેન્ચના સભ્યો નિર્ણાયક પેનલની રચના કરે છે.

કેટલાક માનનીય જ્યુરી સભ્યોમાં ડી.કે. શમી, ગૃહ મંત્રાલયના ભૂતપૂર્વ ફાયર સલાહકાર, મહારાષ્ટ્રના નિવૃત્ત પોલીસ મહાનિર્દેશક ડી. શિવાનંદન, મહારાષ્ટ્ર મુખ્યમંત્રીના અગ્ર સચિવ બ્રિજેશ સિંઘ અને FSAIના રાષ્ટ્રીય અધ્યક્ષ અજીત રાઘવનનો સમાવેશ થાય છે. FIST પુરસ્કાર એ અદાણી શાંતિગ્રામના અદ્યતન ભૌતિક સુરક્ષા નિયંત્રણ માળખાનું ઉદાહરણ છે. તેમાં નીચે દર્શાવેલ નવીન વિશેષતાઓ આવરી લેવામાં આવી છે.

# 43 પાઇલોટના એકાએક રાજીનામા બાદ અકાસા એરની ઉડાન મુશ્કેલીમાં

ગુજરાત | વંદન

43 પાયલટોના રાજીનામા બાદ અકાસા એર મુશ્કેલીમાં છે. તેણે પોતાનું ઓપરેશન બંધ કરવું પડી શકે છે. પાઈલટ્સના અચાનક રાજીનામાના કારણે કંપનીએ સપ્ટેમ્બરમાં દરરોજ 24 ફ્લાઈટ્સ કેન્સલ કરવી પડી હતી. એરલાઈને દિલ્હી હાઈકોર્ટમાં આ જાણકારી આપી. એરલાઈનના વકીલે જસ્ટિસ મનમીત પ્રીતમ સિંહ અરોરાને કહ્યું, 'પાઈલટોએ ફરજિયાત નોટિસ પીરિયડ પૂરો ન કર્યો હોવાથી અકાસા એરને દરરોજ અનેક ફ્લાઈટ્સ કેન્સલ કરવાની ફરજ પડી હતી. પ્રથમ અધિકારીઓ માટે નોટિસનો સમયગાળો 6 મહિના અને કેપ્ટન માટે 1 વર્ષ છે. એક અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે પાઈલોટ્સ અકાસા એરની હરીફ એરલાઈનમાં જોડાયા છે. તેણે એમ પણ કહ્યું હતું કે અકાસા એરના એક અધિકારીએ હરીફ જૂથને પત્ર લખીને ચિંતા વ્યક્ત કરી હતી અને તેને અનૈતિક ગણાવ્યું હતું. અકાસા દરરોજ 120 ફ્લાઈટ્સ ઓપરેટ કરે છે. આ મહિને 600-700 ફ્લાઈટ્સ રદ થઈ શકે છે. ઓગસ્ટમાં પણ તેને 700 ફ્લાઈટ્સ કેન્સલ કરવી પડી હતી.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ગર્ભાવસ્થા દરમિયાન આ ફૂડનું સેવન કરવું ફાયદાકારક



માતા બનવું એ દરેક સ્ત્રી માટે સૌથી સુખદ લાગણીઓમાંથી એક છે. આ તે સમય છે જ્યારે માતા પોતાનું જીવન પોતાના માટે નહીં પરંતુ બાળક માટે જીવે છે. વાસ્તવમાં ગર્ભાવસ્થા દરમિયાન મહિલાઓને ઘણા ફેરફારોનો સામનો કરવો પડે છે. આ સમય દરમિયાન તે પોતાની તેમજ ગર્ભમાં રહેલા તેના બાળકના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું પડે છે. આવી સ્થિતિમાં નિષ્ણાતો પૌષ્ટિક અને સંતુલિત ખોરાક ખાવાની સલાહ આપે છે. પરંતુ શું તમે જાણો છો કે બાળકના મગજનો વિકાસ ગર્ભાવસ્થા દરમિયાન જ શરૂ થઈ જાય છે. તેથી તમારે એવા ખોરાકની પસંદગી કરવી જોઈએ જે તમારા સ્વાસ્થ્ય તેમજ તમારા બાળકના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક હોય. ચાલો જાણીએ ગાયનેકોલોજિસ્ટ પાસેથી કેટલાક એવા સુપરફૂડ વિશે, જે ગર્ભાવસ્થા દરમિયાન ખાવાથી ગર્ભમાં રહેલા બાળકના માનસિક વિકાસમાં સુધારો થાય છે.

## અખરોટ

ગર્ભાવસ્થા દરમિયાન અખરોટ ખાવું સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. અખરોટ પ્રોટીન, વિટામિન્સ અને ચરબી તેમજ ઓમેગા 3 ફેટી એસિડનો સારો સ્ત્રોત છે. ઓમેગા 3 ફેટી એસિડ બાળકના માનસિક વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. જો તમે ઈચ્છો છો કે તમારું બાળક બુદ્ધિશાળી બને તો તમારે ગર્ભાવસ્થા દરમિયાન અખરોટનું સેવન કરવું જોઈએ.

## કોળાના બીજ

ગર્ભાવસ્થા દરમિયાન કોળાના બીજનું સેવન અવશ્ય કરવું જોઈએ. કોળાના બીજ ખાવાથી શરીરને વધુ પ્રોટીન મળે છે. આવી સ્થિતિમાં જો તમે ઈચ્છો છો કે તમારું ભાવિ બાળક સ્માર્ટ બને તો આ ચમત્કારી બીજને આહારમાં સામેલ કરવા જ જોઈએ. આ બીજમાં ઝિંક જોવા મળે છે, જે બાળકના મગજના વિકાસ માટે જરૂરી છે. ઉપરાંત એન્ટિઓક્સિડન્ટ બાળકના મગજની પેશીઓને નુકસાન થવાથી બચાવે છે.

## બદામ

નિષ્ણાતોના મતે ગર્ભાવસ્થા દરમિયાન બદામનું સેવન કરવું જ જોઈએ. કારણ કે બદામમાં સારી માત્રામાં પ્રોટીન, વિટામિન્સ અને હેલ્ધી ફેટ હોય છે. આ સિવાય તેમાં ઓમેગા 3 ફેટી એસિડ પણ હોય છે, જે બાળકના માનસિક વિકાસમાં મદદ કરે છે. આવી સ્થિતિમાં જો તમે ગર્ભાવસ્થા દરમિયાન નિયમિતપણે બદામ ખાઓ છો, તો ગર્ભમાં રહેલા બાળકનું મગજ સ્વસ્થ રહેશે.

## પાલક

ગર્ભાવસ્થા દરમિયાન લીલા શાકભાજીનું સેવન ખૂબ જ જરૂરી છે. ખાસ કરીને પાલક. પાલકમાં પ્રોટીન, વિટામિન્સ, ફાઈબર અને મિનરલ્સ હોય છે, જે બાળકના મગજના વિકાસમાં મદદ કરે છે. આહારમાં પાલકનો સમાવેશ કરવાથી આંખના સ્વાસ્થ્યને પણ ફાયદો થાય છે. આ સિવાય એનિમિયાનો ખતરો પણ ઓછો રહે છે.



# ગણપતિ મહોત્સવમાં બાપ્પાને ધરાવો કાજુ મોદકનો પ્રસાદ

ગણેશ ઉત્સવ શરુ થઇ ગયો છે. ગણેશ ઉત્સવના આ ખાસ અવસર પર ભગવાન ગણેશને જુદા-જુદા પ્રસાદ ધરાવવામાં આવે છે. ગણેશજીને સૌથી પ્રિય છે મોદક. એટલે જ ગણેશજીને મોદક અચૂક ધરાવવામાં આવે છે. મોદક ઘણા પ્રકારના બનાવવામાં આવે છે. તો આજે આપણે કાજુ મોદક ઘરે કેવી રીતે બનાવી શકાય એની રીત, આ રીતે ઘરે જ મોદક બનાવો અને ગણપતિ બાપ્પાને ધરાવો.

કાજુ મોદકની સામગ્રી • 1 કિલો કાજુ, 2 કપ પાણી, અડધો કિલો ખાંડ

## કાજુના મોદક બનાવો આ રીતે

- કાજુની પેસ્ટ તૈયાર કરો સ્વાદિષ્ટ કાજુના મોદક બનાવવા માટે સૌથી પહેલા કાજુને એક કલાક પાણીમાં પલાળી રાખો. ત્યાર બાદ તેને મિક્સરમાં નાખીને પીસી લો.
- કાજુ અને ખાંડનું મિશ્રણ તૈયાર કરો પાણીમાં ખાંડ ઉમેરો અને ચાસણી તૈયાર કરવા માટે તેને ઉકાળો. આ પછી એક પેનને ધીમી આંચ પર ગરમ કરો. તેમાં કાજુની પેસ્ટ અને ખાંડની ચાસણી 10 મિનિટ સુધી પકાવો. ત્યાર બાદ તેને બાજુ પર રાખો. મિશ્રણને ઠંડુ થવા દો.
- મિશ્રણને મોદકનો આકાર આપો જ્યારે મિશ્રણ ઠંડુ થાય ત્યારે તેને મોલ્ડની મદદથી મોદકનો આકાર આપો. મિશ્રણને 3-5 મિનિટ માટે મોલ્ડમાં રાખો. એ જ રીતે બધા મોદક તૈયાર કરો.
- મોદક સર્વ કરો હવે મોદકને ઓરડાના તાપમાને સ્થિર થવા દો. આ સ્વાદિષ્ટ મોદક ગણપતિને પ્રસાદી રૂપે ધરવા માટે તૈયાર છે.

# ચહેરા પર ડાર્ક સર્કલ દૂર કરવા મુલતાની માટીનો ઉપયોગ કરો



દરેક મહિલાઓ અને યુવતીઓ ઈચ્છે છે કે તેઓ સુંદર દેખાય, લોકો તેમની સુંદરતાની પ્રશંસા કરે છે. આ માટે યુવતીઓ ઘણી મોંઘી બ્યુટી પ્રોડક્ટ્સનો ઉપયોગ કરે છે અને તેઓ ઘણા ઘરેલૂ ઉપાયો પણ અજમાવે છે, જેથી તેઓ સુંદર દેખાય. પરંતુ યુવતીઓ માટે આ સિવાય વધુ એક વસ્તું છે જે મોટી સમસ્યાનું કારણ બને છે અને તે છે ડાર્ક સર્કલ. તંદુરસ્ત આહાર ન લેવો અને અપૂરતી ઉંઘ ના કારણે આંખની નીચે ડાર્ક સર્કલ થઇ જાય છે. જો તમે પણ ડાર્ક સર્કલને દૂર કરવા માટે માટે તમે મુલતાની માટીનો ઉપયોગ કરી શકો છો.

આંખોની નીચેના ડાર્ક સર્કલને દૂર કરવા માટે સૌથી પહેલા એક બાઉલમાં લગભગ 1થી 2 ચમચી મુલતાની માટી નાખો. આમાં એલોવેરા છોડમાંથી પાંદડા તોડીને તેમાંથી જેલ કાઢો. આ બંને વસ્તુઓને સારી રીતે મિક્સ કરો. આ મિશ્રણને આંખની નીચેની જગ્યા પર લગાવો. તેને લગભગ 15 થી 20 મિનિટ માટે આંખોની નીચે રહેવા દો. આ પછી તેને રૂની મદદથી સાફ કરો. તમે અઠવાડિયામાં 3થી 4 વખત આ અન્ડર આઈ પેકનો ઉપયોગ કરી શકો છો. તેના સતત ઉપયોગથી આંખોની નીચેના ડાર્ક સર્કલ ધીમે ધીમે ઓછા થશે.

એલોવેરા જેલમાં વિટામિન-એ, વિટામિન-સી અને વિટામિન-બી હોય છે જે ત્વચાને પોષણ આપવામાં મદદ કરે છે. તમને જણાવી દઈએ કે આ સ્કિન માટે બેસ્ટ હીલિંગ પ્રોપર્ટી છે જે ત્વચા માટે એક ડોક્ટરનું કામ કરે છે. તેમાં રહેલા એન્ટીઓક્સીડેન્ટ ગુણ ત્વચાને હાઈડ્રેટ કરવામાં મદદ કરે છે. તેમાં એન્ટી-બેક્ટેરિયલ ગુણ હોય છે જે ત્વચાને તમામ પ્રકારના ઈન્ફેક્શનથી બચાવે છે. મુલતાની માટીમાં રહેલા એન્ટીઓક્સીડેન્ટ તત્વો ત્વચા પર હાજર ટેનિંગને દૂર કરવામાં મદદ કરે છે. તેમાં રહેલા તત્વો ત્વચાની કાળાશને દૂર કરવામાં મદદ કરે છે. મુલતાની માટી ત્વચાને ડીપ ક્લિન કરવામાં ખૂબ અસરકારક સાબિત થાય છે.

# ઓક્ટોબર મહિનામાં ઓછા બજેટમાં આ સ્થળોએ ફરવા જવાનો બનાવો પ્લાન





ઓક્ટોબરનો મહિનો એટલે કે ઠંડીની શરૂઆત. જોકે હરવા-ફરવા માટે ઓક્ટોબરનો મહિનો બેસ્ટ કહેવાય છે. આ સીઝનમાં વરસાદની અને ગરમીની ચિંતા હોતી નથી. દરમિયાન જો તમે ઓક્ટોબરમાં એક નાનો ટ્રાવેલ બ્રેક લેવા ઈચ્છો છો તો એવા 5 ટૂરિસ્ટ ડેસ્ટિનેશન છે. જ્યાં તમે ઓછા ખર્ચમાં ફરવાનો આનંદ ઉઠાવી શકો છો. આ સ્થળો સુંદર છે અને ઓક્ટોબરમાં તેનું હવામાન પણ ખુશનુમા થઈ જાય છે.

- **મેકલૉડગંજ :** હિમાચલ પ્રદેશનું મેકલૉડગંજ ઓક્ટોબરમાં ફરવા માટે પરફેક્ટ સ્થળ છે. વાંકાચૂકા પહાડી માર્ગો અને ચીડ-દેવદારના ઊંચા વૃક્ષો, એક અલગ રોમાંચ પેદા કરે છે. ત્યાંની તિબેટીયન આબોહવામાં તમે ખૂબ રિફ્રેશ અનુભવ કરશો. ત્યાં દલાઈ લામા પર રહે છે અને આસપાસ ઘણા રેસ્ટોરન્ટ, શોપિંગ એરિયા, પેરાગ્લાઈડિંગ વગેરેની મજા પણ તમે લઈ શકો છો. મેકલૉડગંજ જાવ તો ત્યાંના નામગ્યાલ મઠ, ભાગસુ વોટરફોલ, ત્સુગલગખાંગ, ત્રિઉંડ, ધર્મશાળા અને હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ જેવા સ્થળોની ચોક્કસ મુલાકાત લો.
- **ચિત્તોડગઢ :** ચિત્તોડગઢ એક જૂનુ શહેર છે જ્યાંનો કિલ્લો જોવો જોઈએ. આ કિલ્લો લગભગ 700 એકરમાં ફેલાયેલો છે જેનો ઈતિહાસ મધ્યકાલીન યુગની ખૂની લડતનો સાક્ષી પણ રહ્યો છે. આ કિલ્લો સાહસ અને બલિદાનનું પ્રતીક છે. આ સ્થળ શ્રીકૃષ્ણના ભક્ત મીરાબાઈ સાથે પણ જોડાયેલુ છે અને રાણી પદ્માવતી સાથે પણ. ઓક્ટોબર મહિનામાં તમે ત્યાં પણ ફરવા જઈ શકો છો.
- **ઉદયપુર :** સરોવરનું શહેર ઉદયપુર. ભારતના સૌથી રોમેન્ટિક સ્થળોમાંનું એક છે આ શહેર. ત્યાં મોટી સંખ્યામાં ટુરિસ્ટ દર વર્ષે જાય છે અને ત્યાંની પ્રાચીન સંરક્ષિત હવેલીઓ, મહેલો, ખીણો અને મંદિરોને જોવા આવે છે. ત્યાંનું સિટી પેલેસ, મહારાણા પ્રતાપ સ્મારક, જગ મંદિર, ફતેહ સાગર સરોવર અને પિછોલા સરોવર વગેરે જોઈ શકો છો. ઓક્ટોબર મહિનામાં ત્યાં ફરવાની મજા જ કંઈક અલગ હોય છે. ઠંડી હવામાં ફરવાની મજા બમણી થઈ જાય છે. ત્યાં રહેવા, ફરવા અને ખાવા માટે ઘણા વિકલ્પ છે અને તમે ઓછા બજેટમાં સરળતાથી આ સ્થળને એન્જોય કરી શકો છો.
- **મસૂરી :** મસૂરી દિલ્હીથી લગભગ 279 કિલોમીટરના અંતરે છે. તમે ઓછા ખર્ચમાં મસૂરી સરોવર, કેમ્પ્ટી ફોલ્સ, દેવ ભૂમિ વેક્સ મ્યૂઝિયમ, ધનોલ્ટી, સોહમ હેરિટેજ એન્ડ આર્ટ સેન્ટર, જ્યોર્જ એવરેસ્ટ હાઉસ, એડવેન્ચર પાર્ક, ક્રાઈસ્ટ ચર્ચ, ભટ્ટા ફોલ્સ, મોસી ફોલ્સ, ગન હિલ, લાલ ટિબ્બા, કેમલ્સ બેક રોડ, જબરખેત નેચર રિઝર્વ વગેરે સ્થળો પર ફરી શકો છો.

# કિડની માટે નાળિયેર પાણી ખુબ લાભદાયક

નાળિયેર પાણી સ્વાસ્થ્ય માટે ખુબ ફાયદાકારક છે. તેને દરરોજ પીવાથી શરીરમાંથી ઘણી સમસ્યા દૂર કરી શકાય છે. નાળિયેર પાણી શરીર માટે લાભદાયક હોય છે. જેમાં ઘણા પોષક તત્વો હાજર હોય છે, જે શરીરને મજબૂતી પ્રદાન કરે છે. નાળિયેર પાણીમાં એક નહીં પરંતુ અનેક બીમારીઓ દૂર કરવાની ક્ષમતા છે.

નાળિયેર પાણીમાં ઈલેક્ટ્રોલાઈટ્સ, લોરિક એસિડ, પોટેશિયમ, મેગ્નીશિયમ અને ઝિંક ભરપૂર માત્રામાં હોય છે, જે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે.


નાળિયેર પાણી પીવાથી વજન પણ ઘટે છે. નાળિયેરમાં પોટેશિયમ હોય છે, જે કેલેરી ઘટાડવામાં મદદ કરે છે. જો તમે દરરોજ નાળિયેર પાણીનું સેવન કરશો તો તમારો વજન કંટ્રોલમાં રહેશે.

નાળિયેર પાણીથી શરીર હાઈડ્રેટ રહે છે. કારણ કે તેમાં પોટેશિયમ, સોડિયમ અને મેગ્નીશિય જેવા પોષક તત્વો હોય છે, જે સ્વાસ્થ્ય માટે લાભદાયક હોય છે. તેનાથી શરીરમાં તાજગી રહે છે.

કિડની માટે નાળિયેર પાણી ખુબ ફાયદાકારક છે. જો તમે કિડની સ્વસ્થ રાખવા ઈચ્છો છો તો નાળિયેર પાણી પીવાનું શરૂ કરી દીધો. એક કપ નાળિયેર પાણીમાં 600 મિલીગ્રામ પોટેશિયમ હોય છે, જેનાથી કિડનીને લાભ પહોંચે છે.

નાળિયેર પાણી પીવાથી સ્કિનને પણ લાભ પહોંચે છે. નાળિયેર પાણી પીવાથી ચહેરાની સુંદરતા વધે છે. પાણીની વધુ માત્રાને કારણે સ્કિનને હાઈડ્રેટ રાખવામાં મદદ મળે છે.

નાળિયેર પાણી પીવાથી બ્લડ પ્રેશર કંટ્રોલમાં રહે છે, કારણ કે તેમાં પોટેશિયમ હોય છે. બ્લડ પ્રેશર કંટ્રોલ કરવા માટે નિયમિત નાળિયેર પાણીનું સેવન કરવું જોઈએ.



# નારંગીની છાલ સ્કિનની સાથે સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ દૂર કરવા માટે ઉપયોગી

નારંગી વિટામિન-સીથી ભરપૂર એક પૌષ્ટિક ફળ છે. જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. નારંગીની છાલ પણ ખૂબ જ હેલ્ધી હોય છે. જે સ્કિનની સાથે સ્વાસ્થ્ય સંબંધિત ઘણી સમસ્યાઓને દૂર કરવા માટે ઉપયોગી છે. શુગરના દર્દીઓ માટે પણ ખૂબ જ ફાયદાકારક છે, સાથે જ પાચનતંત્રને સ્વસ્થ રાખે છે. નારંગીની છાલમાં વિટામિન-સી, કેલ્શિયમ, ફાઈબર, ફોલેટ જેવા પોષક તત્ત્વો મળી આવે છે. જે શરીરને વિવિધ રીતે ફાયદો પહોંચાડે છે.



- **હાર્ટને સ્વસ્થ રાખે છે :** નારંગીની છાલમાં ફ્લેવોનોઈડ હેસ્પરિડિનની માત્રા હોય છે, તે બેડ કોલેસ્ટ્રોલના લેવલને ઓછું કરવામાં મદદ કરે છે. જેનાથી હાર્ટ સંબંધિત બીમારીઓથી બચી શકાય છે.
- **બ્લડ શુગરને કરે છે કંટ્રોલ :** નારંગીની છાલમાં હાજર પેક્ટિન બ્લડ શુગર લેવલને કંટ્રોલ કરે છે.
- **પાચનતંત્ર :** નારંગીની છાલ પાચનતંત્ર માટે ફાયદાકારક છે. તેમાં હાજર પેક્ટિન પેટમાં સારા બેક્ટેરિયાને વધારવામાં મદદ કરે છે. પાચન સંબંધી સમસ્યાઓ દૂર કરવા માટે નારંગીની છાલની ચા પી શકાય છે. તેને ખાલી પેટ પીવી ફાયદાકારક છે.
- **સ્કિન માટે ફાયદાકારક :** નારંગની છાલ સ્કીન કેર રૂટીન માટે સામેલ કરી શકાય છે. આની છાલમાંથી ઘણા પ્રકારના ફેસ પેક બનાવી શકાય છે.
- **વજન ઘટાડવામાં મદદગાર :** નારંગીની છાલમાં કેલરી ઓછી હોય છે, તેમાં ફાઈબર ભરપૂર માત્રામાં હોય છે. જે ભૂખને કંટ્રોલ કરે છે. વેટ લોસ ડાયટમાં નારંગીની છાલની ચા સામેલ કરી શકાય છે. તેનાથી વજન ઓછું કરવામાં મદદ મળશે.

# ક્રિકેટપ્રેમીઓ માટે વર્લ્ડ કપ જીતવા પ્રતિબદ્ધ છીએ: કોહલી

■ છેલ્લે 2011માં મહેન્દ્રસિંહ ધોનીની ટીમે ટાઈટલ જીત્યું હતું

ગુજરાત | વંદન

એશિયા કપની સફળતા બાદ ઉત્સાહમાં આવી ગયેલી ભારતીય ક્રિકેટ ટીમના સુપર સ્ટાર ખેલાડી વિરાટ કોહલીએ ભારતમાં યોજાનારા વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપ જીતવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેણે જણાવ્યું હતું કે તે અને તેના સાથીઓ ભારતના ક્રિકેટપ્રેમીઓ માટે વર્લ્ડ કપ જીતવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

ભારતે અત્યાર સુધીમાં બે વખત વર્લ્ડ કપ જીત્યો છે જેમાં છેલ્લે 2011માં મહેન્દ્રસિંહ ધોનીની ટીમે ટાઈટલ જીત્યું હતું. એ વખતે ભારત, બાંગ્લાદેશ અને શ્રીલંકામાં સંયુક્તપણે વર્લ્ડ કપનું આયોજન થયું હતું. વિરાટ કોહલી એ વખતે રમ્યો હતો. વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી ફાઈનલમાં ભારતે શ્રીલંકા સામે છ વિકેટે વિજય હાંસલ કર્યો હતો.

જોકે વિરાટ કોહલી વર્લ્ડ કપના 12 વર્ષના દુકાળનો અંત આણવા માટે આતુર છે. 2015 અને 2019માં અનુક્રમે ઓસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડ અને ઈંગ્લેન્ડમાં યોજાયેલા વર્લ્ડ કપમાં ભારતને અપેક્ષા મુજબની સફળતા મળી ન હતી.




કોહલીએ જણાવ્યું હતું કે ભારતમાં રમતપ્રેમીઓનો ક્રિકેટ પ્રત્યેનો લગાવ અને જે રીતનો સપોર્ટ અમને મળી રહ્યો છે તે અસામાન્ય છે. આ બાબત જ અમને વર્લ્ડ કપ જીતવા માટે પ્રતિબદ્ધ કરે છે. ભૂતકાળના વર્લ્ડ કપની સફળતાની યાદગીરી અને ખાસ કરીને 2011ની સફળતા આજે પણ અમારા હૃદયમાં વસે છે પરંતુ હવે અમે અમારા પ્રશંસકો માટે નવી યાદગીરી સર્જવા માગીએ છીએ. તેણે ઉમેર્યું હતું કે વર્લ્ડ કપ જીતવાના આ અનેરા અભિયાનનો એક ભાગ હોવા બદલ હું રોમાંચ અનુભવી રહ્યો છું. અમારા પ્રશંસકો પણ અમારી પાસેથી આવું જ પ્રદર્શન ઈચ્છી રહ્યા છે. અને તેમની અપેક્ષાઓને પાર પાડવા માટે અમે સજ્જ છીએ.

કોહલીની માફક જ ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાએ પ્રત્યાઘાત આપ્યા હતા. તેણે જણાવ્યું હતું કે એક ક્રિકેટર તરીકે તેથી વધારે કોઈ પ્રેરક બાબત હોઈ શકે નહીં કે લાખો-કરોડો રમતપ્રેમીઓ તમારી સાથે ઉભા છે અને તમારી તમામ સફળતા માટે તમને વધાવી રહ્યા છે. આ અભિયાન એ સૂચવે છે કે તમારા ફેન્સ ટીમ ઈન્ડિયાને સફળ થતા નિહાળવા આતુર છે. ઓક્ટોબરમાં ભારતમાં આ વખતના વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપનું આયોજન થશે. ભારત તેની પ્રથમ મેચ આઠમી ઓક્ટોબરે ચેન્નાઈ ખાતે ઓસ્ટ્રેલિયા સામે રમશે. તે અગાઉ પાંચમી ઓક્ટોબરે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની મેચ સાથે વર્લ્ડ કપનો પ્રારંભ થશે. 19મી નવેમ્બરે આ જ સ્ટેડિયમ ખાતે ફાઈનલ મેચ રમાશે.

# ઈજા ખેલાડીના હાથની વાત નથી, ટીમમાં પરત ફરવા આતુર: ચાહર

■ ભારતના ઝડપી બોલરના મતે ધોની પાસેથી ઘણું શીખવા મળ્યું...

ગુજરાત | વંદન



ભારતના પેસર દીપક ચાહરે લાંબા સમયથી તેની ઈજાને લઈને ખુલીને વાત કરી છે. ચાહરના મતે ઈજા ખેલાડીના હાથની વાત નથી. ચાહર સ્નાયુ ખેંચાવાની અને પીઠની ઈજામાંથી સંપૂર્ણ સ્વસ્થ થતાં હવે રાષ્ટ્રીય ટીમમાં પોતાનું સ્થાન પરત મેળવવા પ્રતિબદ્ધ છે. ચાહર ગત વર્ષે ડિસેમ્બરમાં ભારત તરફથી રમ્યો હતો. આ સિઝનના પ્રારંભે તેને સ્નાયુ ખેંચાવાની સમસ્યા થતાં તેણે આઈપીએલમાં સીએસકે તરફથી છ લીગ મેચ ગુમાવવી પડી હતી. આ ઉપરાંત ગત વર્ષે પીઠની ઈજાને પગલે તેણે સમગ્ર આઈપીએલ અને ઓસ્ટ્રેલિયામાં રમાયેલો ટી20 વર્લ્ડ કપ ગુમાવ્યો હતો.

ચાહરે પોતાની બ્રાન્ડ ડી9ના લોન્ચ પ્રસંગે જણાવ્યું કે, ખેલાડીએ ઈજાથી હતાશ થવું જોઈએ નહીં. ઈજા ખેલાડીના હાથની વાત નથી. પ્રવર્તમાન સમયે મારી પ્રાથમિકતા ફિટ રહેવું તથા ટીમ માટે તૈયાર રહેવાની છે. મને જ્યારે પણ તક મળશે ત્યારે હું ટીમ માટે 100 ટકા આપીશ.

ગત વર્ષે મને પીઠની ઈજા થઈ હતી એક ઝડપી બોલર તરીકે આ ગંભીર બાબત છે પરંતુ હવે હું ફિટ છું. મારી બોલિંગને લઈને હું ખુશ છું. તાજેતરમાં હું રાજસ્થાન પ્રીમિયર લીગ રમ્યો હતો અને નેશનલ ક્રિકેટ એકેડમી ખાતે ચીનમાં એશિયન ગેમ્સ માટેની ભારતીય ક્રિકેટ ટીમ સાથે મે પ્રેક્ટિસ કરી હતી. હું રાષ્ટ્રીય ટીમમાં પુનરાગમન માટે પ્રયત્ન કરી રહ્યો છું. ચાહરે આંતરરાષ્ટ્રીય સ્તરે 13 વન-ડેમાં 16 અને 24 ટી20માં 29 વિકેટ ઝડપી છે.

આ ઉપરાંત ચાહરે વન-ડેમાં બે અડધી સદી પણ ફટકારી છે. દેશ માટે વર્લ્ડ કપમાં રમવું અને વર્લ્ડ કપ ટ્રોફી જીતવાનું એક ક્રિકેટરનું સપનું હોય છે. મને જ્યારે પણ તક મળશે તો હું દેશ માટે વર્લ્ડ કપમાં રમવા આતુર છું. ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી રમતા મે સુકાની મહેન્દ્ર સિંહ ધોની પાસેથી ઘણું શીખ્યું છે.

માહિભાઈ સાથે સમય પસાર કરવા મળ્યો તેને હું મારું સદનસીબ માનું છું. હું તેને મારા મોટાભાઈ તેમજ આદર્શ માનું છું. એક સારા વ્યક્તિ અને ખેલાડી તરીકે હું તેમનો આદર કરું છું.

### ટી-20 વર્લ્ડકપ માટે આઈસીસીનું એલાન

# વેસ્ટઈન્ડિઝ ઉપરાંત અમેરિકાના 3 શહેરોમાં ટી-20 વર્લ્ડ કપની મેચ રમાશે

ગુજરાત | વંદન

વનડે વર્લ્ડ કપ 2023નું આયોજન 5 ઓક્ટોબરથી ભારતમાં થવાનું છે. બીજી તરફ આઈસીસીએ વર્ષ 2024માં યોજાનાર ટી-20 વર્લ્ડ કપને લઈને પણ તૈયારી શરુ કરી દીધી છે. જૂન 2024માં યોજાનાર ટી-20 વર્લ્ડ કપમાં કુલ 20 ટીમો ભાગ લેશે. ઉપરાંત આ ટી-20 વર્લ્ડ કપ વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકાની સંયુક્ત યજમાનીમાં યોજાશે. ICCએ અમેરિકાના ત્રણ શહેરોના નામ ફાઈનલ કરી લીધા છે જ્યાં ટી-20 વર્લ્ડ કપની મેચોનું આયોજન કરવામાં આવશે.

આઈસીસીએ અમેરિકાના જે ત્રણ શહેરો પસંદ કર્યા તેમાં ન્યૂયોર્ક ઉપરાંત ફ્લોરિડા અને ડલાસ સામેલ છે. આ પ્રથમ



વખત હશે જ્યારે અમેરિકામાં આટલી મોટી ક્રિકેટ ઈવેન્ટનું આયોજન કરવામાં આવશે. ન્યૂયોર્કમાં નાસાઉ કાઉન્ટી, ફ્લોરિડામાં બ્રોવાર્ડ કાઉન્ટી જ્યારે ડલાસમાં ગ્રાંડ પ્રેયરીમાં મેચ રમાશે. ટી-20 વર્લ્ડ કપમાં ભારત-પાકિસ્તાન વચ્ચેની મેચ ન્યૂયોર્ક શહેરથી 30 માઈલ દૂર 34,000 હજારની ક્ષમતા ધરાવતા આઈઝનહોવર પાર્ક સ્ટેડિયમમાં યોજાઈ શકે છે.

અમેરિકાના આ ત્રણ શહેરોના નામોની જાહેરાત કરતા ICCએ તેના નિવેદનમાં કહ્યું હતું કે, 'અમેરિકા અમારા માટે એક મહત્વપૂર્ણ બજાર છે અને આ વેન્યુ અમને વિશ્વના સૌથી મોટા સ્પોર્ટ્સ માર્કેટમાં પ્રવેશવાની મોટી તક આપે છે. આનાથી અમને ક્રિકેટને આગળ વધારવામાં પણ મદદ મળશે. આનાથી અહીં હાજર ક્રિકેટ ચાહકો ખૂબ જ ખુશ થશે અને તેમને સર્વશ્રેષ્ઠ મેચ જોવાનો મોકો પણ મળશે. અમે ડલાસ અને ફ્લોરિડામાં મેદાનોની ક્ષમતા વધારીશું જેથી વધુને વધુ ક્રિકેટ ચાહકો મેચનો આનંદ માણી શકે.'

# સિરાજ વિશ્વનો નંબર-1 બોલર બન્યો: રેન્કીંગમાં પ્રથમ સ્થાને



ગુજરાત | વંદન

એશિયાકપમાં ભારત ચેમ્પીયન બન્યા બાદ બેટર-બોલરોના રેન્કીંગમાં મોટો વધારો થયો છે. ફાઈનલ મેચમાં શ્રીલંકાને ધુળ ચાટતી કરનાર મોહમ્મદ સિરાજ વન-ડેમાં વિશ્વનો નંબર-વન બોલર બન્યો છે. એશિયાકપના ફાઈનલ મેચમાં છ વિકેટો ખેડવીને ભારતની સૌથી મોટી જીતનો પાયો નાખનારા ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજે આઈસીસી વન-ડે રેન્કીંગમાં એક જ ઝાટકે આઠ ક્રમની છલાંગ લગાવી છે અને વિશ્વના નંબર વન બોલરના ક્રમાંકે પહોંચી ગયો છે. એશિયાકપમાં સિરાજે 12.2ની એવરેજથી 10 વિકેટો ઝડપી હતી તેમાંથી 6 ફાઈનલમાં જ લીધી હતી. આ પુર્વે ગત માર્ચમાં પણ સિરાજ રેન્કીંગમાં ટોપ પર હતો.

# આસ્ટ્રેલિયાને હરાવીને ટીમ ઈન્ડિયા ત્રણેય ફોર્મેટમાં ટોપ પર પહોંચ્યું

ગુજરાત | વંદન

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મોહાલીમાં આજે. જેમાં ઓસ્ટ્રેલિયાને 5 વિકેટથી હરાવીને મેચ જીતી લીધી હતી. આમ ટીમ ઈન્ડિયા ઓસ્ટ્રેલિયા સામે મોહાલીમાં 27 વર્ષ બાદ મેચ જીતી હતી. આ અગાઉ ભારતીય ટીમે નવેમ્બર 1996માં મોહાલીમાં વનડે મેચમાં ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું. પરંતુ ત્યારથી ટીમ ઈન્ડિયા મેચ જીતી શકી ન હતી.

ઓસ્ટ્રેલિયાને પ્રથમ મેચમાં હરાવતા જ ICC ODI રેન્કિંગમાં ટીમ ઈન્ડિયા પાકિસ્તાનને પછાડીને ટોપ પર પહોંચી ગઈ છે. ભારતીય ટીમ ટેસ્ટ અને ટી20 ફોર્મેટમાં નંબર વન છે. ત્યારે આજે વન-ડે ફોર્મેટમાં



પણ નંબર વનનો તાજ પહેર્યો છે. આમ ટીમ ઈન્ડિયા ત્રણેય ફોર્મેટમાં નંબર-1 બની ગઈ છે. ICC ODI રેન્કિંગમાં ભારતીય ટીમના 116 રેટિંગ પોઈન્ટ સાથે ટોપ પર પહોંચી ગઈ છે. ટોપ-5 ટીમોમાં ભારત ઉપરાંત પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લેન્ડનો સમાવેશ થાય છે.ICC ટેસ્ટ રેન્કિંગમાં ભારતીય ટીમ 118 રેટિંગ પોઈન્ટ સાથે ટોપ પર છે. આ સાથે જ ઓસ્ટ્રેલિયાની ટીમ બીજા સ્થાને છે. ICC ટી-20 રેન્કિંગમાં ભારતીય ટીમ 264 રેટિંગ પોઈન્ટ સાથે ટોપ પર છે. ઈંગ્લેન્ડની ટીમ 261 રેટિંગ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે.

# ICCએ પિચ ક્યુરેટર્સ, ગ્રાઉન્ડ્સમેન માટે વિશેષ સૂચનાઓ જારી કરી

ગુજરાત | વંદન

ભારતમાં 5 ઓક્ટોબરથી યોજાનાર વન- ડે વર્લ્ડકપ 2023 માટે ICCએ પિચ ક્યુરેટર્સ અને ગ્રાઉન્ડ્સમેનને વિશેષ સૂચનાઓ જારી કરી છે. જેમાં ટોસની અસર ઘટાડવાથી લઈને સ્ટેડિયમની બાઉન્ડ્રી સાઈઝ સુધીની દરેક બાબતોનો સમાવેશ થાય છે. ભારતમાં ઘણી જગ્યાએ ઓક્ટોબર મહિનામાં ઝાકળ પડવાનું શરૂ થઈ જાય છે અને આવી સ્થિતિમાં મેચો





પર તેની અસર જોવા મળી શકે છે. આસીસીએ આ તમામ વસ્તુઓની અસર ઘટાડવા માટે આ સૂચનાઓ જારી કરી છે.

ભારતના 10 સ્ટેડિયમમાં વર્લ્ડ કપનું આયોજન કરવામાં આવશે અને મોટાભાગના સ્ટેડિયમની પિચ બેટિંગ માટે અનુકુળ માનવામાં આવે છે. આવી સ્થિતિમાં ઝાકળ પડવાના કારણે ટાર્ગેટનો પીછો કરવામાં સરળતા રહે છે. બીજી તરફ સ્પિનર્સની અસર પણ ઓછી થઈ જાય છે. આઈસીસીએ આને લઈને પિચ પર વધુ ઘાસ છોડવાની પણ સલાહ આપી છે. જેથી વર્લ્ડ કપમાં ભાગ લેનાર ટીમોને પોતાના સ્પિનર્સ પર વધુ નિર્ભર રહેવું પડે નહી. સ્ટેડિયમની બાઉન્ડ્રી સાઈઝ પણ 70 મીટરથી વધુ રાખવાની સૂચના આપવામાં આવી છે.

નવેમ્બર મહિનામાં દિલ્હી, ધર્મશાલા અને લખનઉમાં રમાનાર વનડે વર્લ્ડ કપની મેચોમાં ઝાકળની અસર જોવા મળી શકે છે. આવી સ્થિતિમાં આની અસરને ઓછી કરવી ગ્રાઉન્ડ્સમેન માટે સરળ કામ નહી હોય. જો કે ભારતીય ટીમની ઘરેલું મેચો દરમિયાન ઝાકળની સમસ્યાનો સામનો કરવા માટે બીજી ઈનિંગ દરમિયાન સમગ્ર મેદાન પર સ્પ્રે છાંટવામાં આવે છે. ભારતીય ટીમ લીગ સ્ટેજમાં 9 મેચ અલગ અલગ સ્ટેડિયમમાં રમવાની છે અને તેમનાં માટે આ મોટી કસોટી સાબિત થઈ શકે છે.


### પૂર્વ પત્નીએ ઘરેલુ હિંસા-ક્રૂરતાનો કેસ દાખલ કર્યો હતો

# મોહમ્મદ શમીને કોર્ટે આપ્યા જામીન

ગુજરાત | વંદન

ભારતીય ટીમના ફાસ્ટ બોલર મોહમ્મદ શમીને વર્લ્ડ કપ પહેલા રાહત મળી છે. શમીની પૂર્વ પત્ની હસીન જહાંએ મોહમ્મદ શમી પર ઘરેલુ હિંસાનો આરોપ લગાવ્યો હતો. આ કેસ મામલે મોહમ્મદ શમી કોલકાતાની અલીપુર કોર્ટમાં હાજર રહ્યો હતો. કોર્ટે જામીન આપ્યા હતા. હવે ભારતમાં ઓસ્ટ્રેલિયા સામે વનડે સીરિઝમાં રમી શકે છે અને પછી ICC ODI વર્લ્ડ કપમાં પણ મેદાન પર ઉતરશે.

મોહમ્મદ શમીની પૂર્વ પત્ની હસીન જહાંએ વર્ષ 2018માં



મોહમ્મદ શમી સામે ઘરેલુ હિંસા અને ક્રૂરતાનો કેસ દાખલ કર્યો હતો. હસીન જહાંએ મોહમ્મદ શમી પર આરોપ લગાવ્યો હતો. લગ્ન પછી ઘરેલુ હિંસા અને મારઝૂડ કરતો હતો. આ મામલે સ્થાનિક અલીપુર પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવી હતી. મહિલા ફરિયાદ સેલ તરફથી મોહમ્મદ શમી અને તેના પરિવારજનોની પૂછપરછ કરવામાં આવી હતી.

નોંધનીય છે કે, 22 સપ્ટેમ્બરના રોજ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રણ મેચની વનડે સીરિઝ રમવામાં આવશે. આ મેચ મોહાલીમાં રમવામાં આવશે. ઓસ્ટ્રેલિયા સામેની ટીમમાં મોહમ્મદ શમીને શામેલ કરવામાં આવ્યા છે, જેથી જામીન મળ્યા પછી પ્લેઈંગ 11નો પણ હિસ્સો બનશે.

### ટીમ ઈન્ડિયાએ 6 વખત વન-ડેમાં 400થી વધુ રન બનાવ્યા

# આફ્રિકા વન-ડે ઈતિહાસમાં સૌથી વધુ વખત 400+ સ્કોર કરનારી ટીમ બની

ગુજરાત | વંદન

ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચે પાંચ મેચનોની વન- ડે સિરીઝ રમાઈ હતી. જેમાં 5 મેચની વન-ડે શ્રેણી આફ્રિકાએ 3-2 જીતી લીધી હતી. ચોથી મેચમાં હેનરિક ક્લાસેનની વિસ્ફોટક ઈનિંગ્સના આધારે આફ્રિકાએ 416 રન બનાવ્યા હતા. પરિણામે દક્ષિણ આફ્રિકા વન-ડે ઈતિહાસમાં સૌથી વધુ વખત 400+ સ્કોર કરનારી ટીમ બની છે. ટીમ ઈન્ડિયાએ 6 વખત વન-ડેમાં 400થી વધુ રન બનાવ્યા છે.

સેન્ચુરિયનમાં ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બોલિંગ કરી હતી. પ્રથમ બેટિંગ કરવા આવેલી દક્ષિણ આફ્રિકાએ 50 ઓવરમાં 5 વિકેટે 416 રન બનાવ્યા હતા. જવાબમાં ઓસ્ટ્રેલિયાની ટીમ 34.5 ઓવરમાં 252 રન બનાવીને



ઓલઆઉટ થઈ ગઈ હતી. માત્ર 83 બોલમાં 174 રન બનાવનાર દક્ષિણ આફ્રિકાનો હેનરિક ક્લાસેન પ્લેયર ઓફ ધ મેચ બન્યો હતો.

દક્ષિણ આફ્રિકા વન-ડે ઈતિહાસમાં સૌથી વધુ વખત 400+ સ્કોર કરનારી ટીમ બની છે. ટીમે સાતમી વખત 400+ સ્કોર કર્યો છે. દક્ષિણ આફ્રિકાએ ભારતને પાછળ છોડી દીધું, ટીમ ઈન્ડિયાએ 6 વખત વન-ડેમાં 400થી વધુ રન બનાવ્યા છે.

નોંધનીય છે કે, દક્ષિણ આફ્રિકા સામેની વન-ડે શ્રેણીમાં 3-2થી હાર બાદ ઓસ્ટ્રેલિયાને આઈસીસી વન-ડે રેન્કિંગમાં નુકસાનનો સામનો કરવો પડ્યો હતો.. શ્રેણી પહેલા નંબર-1 પર રહેલું ઓસ્ટ્રેલિયા નંબર-3 પર પહોંચી ગયું છે. એશિયા કપ ચેમ્પિયન ભારત નંબર-2 પર પહોંચી ગયું છે જ્યારે એશિયા કપમાં 2 મેચ હારનાર પાકિસ્તાન નંબર-1 પર પહોંચી ગયું છે.

### BCCI સેક્રેટરી જય શાહે 'જેલર'ને સ્પેશિયલ ગિફ્ટ આપી

# સુપરસ્ટાર રજનીકાંતને વર્લ્ડ કપ માટે ગોલ્ડન ટિકિટ ગિફ્ટ

ગુજરાત | વંદન

ભારતમાં રમાનાર ક્રિકેટના મહાકુંભ વન ડે વર્લ્ડ કપને આરંભ થવામાં કાઉન્ડ ડાઉન શરૂ થઈ ગયું છે. જો કે, આ ટુર્નામેન્ટની પહેલા ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયા સામે 3 મેચની વન ડે સિરીઝ રમશે. ફેન્સ વર્લ્ડ કપની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ત્યારે આ પહેલા બીસીસીઆઈ સેક્રેટરી જય શાહે સાઉથ સુપરસ્ટાર રજનીકાંતને એક સ્પેશિયલ ગિફ્ટ આપી છે.

હાલમાં જ જય શાહે રજનીકાંત સાથે મુલાકાત કરી હતી અને તેમને વર્લ્ડ કપ 2023 માટે ગોલ્ડન ટિકિટ ગિફ્ટ કરી છે. આ એક એવી ટિકિટ છે જેનાથી રજનીકાંત સમગ્ર ભારતમાં કોઈપણ સ્ટેડિયમમાં ફ્રીમાં મેચ જોઈ શકશે અને તેમને ચીફ ગેસ્ટ તરીકે જગ્યા મળશે. બીસીસીઆઈએ એક્સ પર પોસ્ટ કરીને આ વાતની જાણકારી શેર કરી છે.



નોંધનીય છે કે, આ પહેલા બીસીસીઆઈ બોલિવૂડના મહાન અભિનેતા અમિતાભ બચ્ચન અને મહાન ક્રિકેટર સચિન તેંડુલકરને પણ ગોલ્ડન ટિકિટ ગિફ્ટ કરી છે. 5 ઓક્ટોબરથી ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડ વચ્ચે અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પ્રથમ મેચ રમાશે. જ્યારે ભારતની પ્રથમ મેચ ઓસ્ટ્રેલિયા સામ રમાશે.

### વર્લ્ડ કપ 2023 આગામી 5 ઓક્ટોબરથી શરૂ થઈ રહ્યો છે

# ICCએ વર્લ્ડ કપ માટે કર્યું પ્રાઈઝ મનીનું એલાન, ચેમ્પિયન ટીમને રૂપિયા 33 કરોડથી વધુ મળશે

■ ફાઈનલમાં હારનારી ટીમને 16 કરોડ 28 લાખ રુપિયાની પ્રાઈઝ મની મળશે

ગુજરાત | વંદન

વર્લ્ડ કપ 2023 આગામી 5 ઓક્ટોબરથી શરુ થવા જઈ રહ્યો છે. તો ICCએ વર્લ્ડ કપ માટેની પ્રાઈઝ મનીનું એલાન કરી દીધુ છે. જેમા વર્લ્ડ કપ જીતનારી ટીમને 4 મિલિયન અમેરિકી ડોલરનું ઈનામ મળશે. જ્યારે ફાઈનલ મેચમાં હારનારી એટલે રનર અપ ટીમને 2 મિલિયન અમેરિકી ડોલર મળશે.

જો ભારતીય રુપિયામાં આ પ્રાઈઝ મનીની વાત કરવામાં આવે તો વર્લ્ડ કપ ચેમ્પિયન ટીમને લગભગ 33 કરોડ 17 લાખ મળશે. જ્યારે ફાઈનલમાં હારનારી ટીમને 16 કરોડ 28 લાખ રુપિયાની પ્રાઈઝ મની મળશે. વર્લ્ડ કપના એક ગ્રુપમાં મેચ જીતવા પર 40 હજાર ડોલર મળશે. જ્યારે ગ્રુપ સ્ટેજ પછી બહાર થનારી ટીમને 1 લાખ ડોલર મળશે.

વર્લ્ડ કપ 2023માં છેલ્લી 4 સેમી ફાઈનલમાં પહોચનારી ટીમને 8 લાખ ડોલર મળશે. આજ રીતે લગભગ દરેક ટીમો પર પૈસાનો



વરસાદ થશે. નોંધનીય છે કે વર્લ્ડ કપ 2023માં ભારત સહિત કુલ 10 ટીમો રમી રહી છે. આ ટુર્નામેન્ટમાં પહેલી મેચ 5 ઓક્ટોબરના રોજ રમાશે. આ પહેલા 4 ઓક્ટોબરના રોજ ઓપનિંગ સેરેમની થશે. તો ભારતીય ટીમ પોતાના વર્લ્ડ કપ અભિયાનની શરુઆત ઓસ્ટ્રેલિયા સામે કરશે. ભારત અને ઓસ્ટ્રેલિયાની વચ્ચેની આ મેચ 8 ઓક્ટોબરના રોજ ચેન્નઈમાં રમાશે. તે પછી ભારતીય ટીમ 11 ઓક્ટોબરના રોજ અફઘાનિસ્તાન સામે રમશે.

ભારત અને પાકિસ્તાનની ટીમ 14 ઓક્ટોબરના રોજ સામ-સામે હશે. તો આ ટુર્નામેન્ટની ટાઈટલ મેચ 19 નવેમ્બરના રોજ અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે.

# વર્લ્ડકપ પહેલા જ ICC મેચ ફિક્સિંગનો ખુલાસો થતા ક્રિકેટ જગતમાં ખળભળાટ

■ અબુ ધાબી T-10 લીગમાં કુલ 8 લોકો પર ગડબડીનો આરોપ લગાવ્યો

ગુજરાત | વંદન

વન-ડે વર્લ્ડકપ શરૂ થવામાં ગણતરીના દિવસો બાકી છે. ત્યારે આ સ્થિતિ વચ્ચે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સીલએ એક મેચ ફિક્સિંગનો ખુલાસો કરતા ક્રિકેટ જગતમાં ખળભળાટ મચી ગયો છે. આઈસીસીએ અમીરેટ્સ ક્રિકેટ બોર્ડ હેઠળ યોજાનારી અબુ ધાબી T-10 લીગમાં કુલ 8 લોકો પર ગડબડીનો આરોપ લગાવ્યો છે. જે આરોપને લઈ ઘણા લોકો પર પ્રતિબંધ પણ લગાવવામાં આવ્યો છે.બાંગ્લાદેશના પૂર્વ ઓલરાઉન્ડર નાસિર હુસૈન સહિત કુલ 8 લોકોના નામ તેમાં સામેલ છે. જેમાં ક્રિકેટરો, સપોર્ટ સ્ટાફ અને ટીમના માલિકોનો પણ સમાવેશ થાય છે. આક્ષેપો કરવામાં આવ્યા છે કે, ક્રિકેટ ટૂર્નામેન્ટ રમતી વખતે કેટલીક ભેટ મળવાનો દાવો પણ કરવામાં આવ્યો છે તેમજ તે માહિતી છુપાવવામાં આવે છે. આઈસીસી અનુસાર આ બધી ગેરરીતિઓ અબુ ધાબી ટી-10 લીગની 2021ની એડિશમાં થઈ હતી.નાસિર હુસૈન બાંગ્લાદેશ માટે 19 ટેસ્ટ, 65 વન-ડે મેચ અને 31 ટી-20 મેચ રમ્યા છે. તેણે 2017થી કોઈ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ રમી નથી. તે બાંગ્લાદેશ પ્રીમિયર લીગ અને કેટલીક અન્ય લીગમાં સક્રિય છે. આ સિવાય અબુ ધાબી ટી-10 લીગના બે ટીમ માલિકો કૃષ્ણ કુમાર ચૌધરી અને પરાગ સંઘવી સામે પણ આરોપો લગાવવામાં આવ્યા છે.

### સસેક્સ ટીમના કેપ્ટન ચેતેશ્વર પૂજારા એક મેચ માટે સસ્પેન્ડ

ગુજરાત | વંદન

સસેક્સ ક્રિકેટ ક્લબને ચાલી રહેલી કાઉન્ટી ચેમ્પિયનશિપમાં 12 પોઈન્ટની પેનલ્ટી ફટકારવામાં આવી છે, જેના કારણે તેના કેપ્ટન



ચેતેશ્વર પૂજારાને એક મેચ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. ટીમ ઈન્ડિયાનો અનુભવી બેટર પૂજારા હાલમાં ઈંગ્લેન્ડમાં કાઉન્ટી ચેમ્પિયનશિપમાં રમી રહ્યો છે અને સસેક્સ ટીમની કેપ્ટનશીપ કરી રહ્યો છે. સસેક્સે આ વર્ષે એપ્રિલમાં પૂજારાની કેપ્ટન તરીકે નિમણૂકની જાહેરાત કરી હતી.

# દેશની અદાલતોમાં પાંચ કરોડથી વધુ કેસ પેન્ડીંગ, ન્યાય ક્યારે?

■ નીચલી અદાલતોમાં 4,44,16,735 કેસ પેન્ડીંગ છે

ગુજરાત | વંદન

સુપ્રિમ કોર્ટમાં પેન્ડીંગ કેસોનો ડેટા હવે નેશનલ જ્યુડીશ્યલ ડેટા કોડ (એનજેડીજી) પર ઉપલબ્ધ છે. જો દેશની બધી અદાલતોની વાત કરવામાં આવે તો આ સંખ્યા પાંચ કરોડને પાર કરી ચૂકી છે. દેશભરની તમામ અદાલતોમાં કુલ 5 કરોડ 5 લાખ 69 હજાર 126 કેસ પેન્ડીંગ છે રાજેશ ચૌધરી જણાવી રહ્યા છે પુરા દેશની અદાલતોમાં શુ છે પેન્ડીંગ કેસોનાં હાલ.

પૂરા દેશની અદાલતોમાં મહિલાઓની ફરીયાદ સાથે સંકળાયેલા લગભગ 36 લાખ 38 હજાર 118 કેસ પેન્ડીંગ છે. તેમાં 17 લાખ 43 હજાર 627 કેસ ક્રિમીનલ છે. જયારે સિનિયર સીટીઝન સામેના મામલા પર વિચાર કરીએ તો દેશભરની નીચલી અદાલતોમાં 6,76,149 કેસ પેન્ડીંગ છે તેમાં સિવીલ કેસ જેમ કે જમીન, મિલકત, સંપતિનાં ભાગલા સાથે જોડાયેલા 21,20,300 કેસ પેન્ડીંગ છે.

હાલના વર્ષમાં સુપ્રિમ કોર્ટ 36,164 કેસોનો નિકાલ કર્યો છે જયાં આ વર્ષે સુપ્રિમ કોર્ટમાં સિવીલનાં 62,749 અને ક્રિમીનલના 1,74,845 કેસ પેન્ડીંગ છે. આ રીતે માત્ર સુપ્રિમ કોર્ટમાં કુલ 80,344 કેસ પેન્ડીંગ છે.

દેશની 25 હાઈકોર્ટમાં કુલ 60 લાખ 72 હજાર 47 કેસ પેન્ડીંગ છે. તેમાં એકલી અલાહાબાદ હાઈકોર્ટમાં 10,49,445 કેસ પેન્ડીંગ છે.અલાહાબાદ હાઈકોર્ટમાં 30 વર્ષથી વધુ સમયથી 50,308 કેસ પેન્ડીંગ છે. વર્ષ ભરથી ઓછા સમયનાં પેન્ડીંગ કેસ 19 લાખની નજીક છે.


## મહિલાઓ સામે અપરાધો સાથે સંકળાયેલા 17 લાખ કેસ પેન્ડીંગ

જજોની વેકન્સી

સુપ્રિમ કોર્ટ :
સેકશન પદ 34
વેકેન્સી 2

હાઈકોર્ટ
સેકશન પદ: 1114
વેકેન્સી: 340

નીચલી અદાલત
સેકસન પદ: 24,000
વેકેન્સી: 5,000



5,05,69,126
પુરા દેશમાં કુલ કેસ પેન્ડીંગ

17,00,000
પેન્ડીંગ કેસ મહિલાઓ સામેના મામલાનાં

36,164
કેસ આ વર્ષે ઉકેલ્યા સુપ્રિમ

60,72,047
કેસ હાઈકોર્ટમાં પેન્ડીંગ છે

# રામમંદિરનું 95% કામ પૂર્ણ, પ્રાણ પ્રતિષ્ઠાની તડામાર તૈયારીઓ...



ગુજરાત | વંદન

ભગવાન રામના મંદિરના પ્રથમ તબક્કાનું કામ લગભગ 95 ટકા પુરુ થઈ ચુક્યું છે. મંદિર પ્રાણ પ્રતિષ્ઠા માટે બનીને તૈયાર થઈ ચુક્યુ છે. મંદિરમાં હવે બારી અને દરવાજા લગાવામાં આવી રહ્યા છે. રામ મંદિરના પ્રથમ તળમાં લગભગ 167 સ્તંભ લગાવ્યા છે. દરેક સ્તંભ પર દેવી દેવતાઓની મૂર્તિ લગાવેલી છે. તસ્વીરમાં આપ ગણપતિ બાપ્પાની પ્રતિમા જોઈ રહ્યા છો. ડિસેમ્બર 2023 સુધી પ્રથમ તબક્કાનું કામ પુરુ થઈ જશે અને મંદિર નિર્માણ હાલમાં 24 કલાક કામ ચાલી રહ્યું છે. જેથી જાન્યુઆરી 2024ના શુભ મુહૂર્તમાં ભગવાન રામ પોતાના ભવ્ય મહેલમાં વિરાજમાન થઈ શકે. દરેક રામભક્ત પોતાના આરાધ્યના બની રહેલા ભવ્ય મંદિર કેટલે સુધી બન્યું છે, તે જોવા અને જાણવા માગે છે. આ જ કારણ છે કે, શ્રી રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ મંદિર નિર્માણની પ્રગતિની તસ્વીર સોશિયલ મીડિયા પર નાખીને રામભક્તોને રુબરુ કરાવે છે. મંદિર નિર્માણના પ્રથમ તળ બાદ બીજા તળ પર પણ સ્તંભ લગાવવાનું કામ જોરશોરથી ચાલી રહ્યું છે.

### યુએસના પ્રમુખ બાયડને દિલ્હી ઘોષણા પત્રનો પણ કર્યો ઉલ્લેખ

# સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં G20ના થયા ભારોભાર વખાણ

ગુજરાત | વંદન



અમેરિકાના પ્રમુખ જો બાયડને 'સંયુક્ત રાષ્ટ્ર' (યુનો)ની મહાસભાનાં ઉદઘાટન પ્રવચનમાં દિલ્હીમાં યોજાયેલી જી-૨૦ શિખર પરિષદનો ઉલ્લેખ કરતાં તેમાં મળેલી મહત્વની સિદ્ધિઓની વાત કરી હતી. આ પરિષદ દરમિયાન ભારત-મધ્યપૂર્વ- અને યુરોપને જોડતા ઈકોનોમિક કોરિડોર તથા જી-૨૦માં આફ્રિકી સંઘને સામેલ કરાયા હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

૧૯૩ રાષ્ટ્રોના પ્રતિનિધિઓને સંશોધન કરતાં તેઓએ કહ્યું કે, 'આ મહત્ત્વપૂર્ણ પ્રયાસમાં અમે જી-૨૦માં સંયુક્ત આરબ અમીરાત, સઉદી અરબસ્તાન, જોર્ડન અને ઈઝરાયલ દ્વારા ભારતને યુરોપ સાથે જોડવાની ઘોષણા કરવામાં આવી હતી.' પરિણામે બંને મહાદ્વિપોમાં નિવેશની તકો વધવાની છે સાથે અધિક-ટકાઉ અને એકીકૃત મધ્યપૂર્વ બનાવવા તે અમારા પ્રયાસોનો ભાગ છે.

આ દર્શાવે છે કે ઈઝરાયલ કઈ રીતે પોતાના પાડોશી દેશો સાથે વધુ સામાન્ય અને આર્થિક સંબંધો સ્થાપી શકશે. જેની સકારાત્મક અને વ્યાવહારિક અસર પણ પડશે. તેમ પણ બાયડેને તેઓનાં આ ઉદઘાટન પ્રવચનમાં કહ્યું હતું.

આ નવો કોરિડોર ઈંડીયા-મિડલ ઈસ્ટ-યુરોપની ઘોષણા સંયુક્ત રીતે અમેરિકા, ભારત, સઉદી અરબસ્તાન, સંયુક્ત આરબ અમીરાત, ઈટાલી, જર્મની અને ફ્રાંસના નેતાઓએ સંયુક્ત રીતે કરી હતી. આર્થિક કોરિડોર ચીનના બેલ્ટ એન્ડ રોડ ઈનિશ્યેટિવના વિકલ્પ તરીકે જોવાઈ રહ્યો છે. તેથી એશિયા, રાતા-સમુદ્ર અને યુરોપ વચ્ચે સંપર્ક વધવા સાથે અને આર્થિક એકીકરણ દ્વારા આર્થિક વિકાસને પ્રોત્સાહન મળશે.

# કોંગ્રેસનો વ્યંગ : નવી સંસદનું નામ મોદી મલ્ટિપ્લેક્સ હોવું જોઈએ

ગુજરાત | વંદન

નવી સંસદમાં વિશેષ સત્રની કાર્યવાહી સમાપ્ત થઈ ચૂકી છે. ત્યારબાદ કોંગ્રેસ નેતાએ જૂની સંસદની સરખામણીમાં નવી સંસદની ડિઝાઈનમાં અનેક ખામીઓ હોવાનો દાવો કર્યો છે. પાર્ટી મહાસચિવ જયરામ રમેશે કહ્યું કે, જૂની સંસદની સરખામણીમાં નવી સંસદમાં ન તો સભ્યો વચ્ચે વાતચીત અને આદાનપ્રદાન માટે જગ્યા છે અને ન તો કર્મચારીઓને કામ કરવાની સુવિધા મળી રહી છે. તેમણે એમ પણ કહ્યું કે, 2024માં સરકાર બદલાયા બાદ નવી સંસદ ભવનના ઉપયોગનો શ્રેષ્ઠ રસ્તો શોધવામાં આવશે. તેમણે પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું કે, જે રીતે નવી સંસદ ભવનનું ઉદઘાટન મોટા પ્રચાર પ્રસાર સાથે કરવામાં આવ્યું હતું તે પીએમ મોદીના ઉદ્દેશ્યને સાકાર કરનારું છે. નવી સંસદનું નામ મોદી મલ્ટિપ્લેક્સ હોવું જોઈએ. 4 દિવસની કાર્યવાહી બાદ મેં જોયું છે કે સંસદમાં એકબીજા સાથે સંવાદની જગ્યા નથી બચી. જયરામ રમેશે કહ્યું કે, જો



આર્કિટેક્ચર લોકતંત્રને મારી શકે છે તો પીએમ મોદીઓ લખ્યા વગર સંવિધાનને ખતમ કરવામાં સફળતા પ્રાપ્ત કરી છે. નવી સંસદમાં સભ્યો વચ્ચેના અંતરનો દાવો કરતા રમેશે કહ્યું કે, અહીં બેઠેલા સભ્યોને એકબીજાને જોવા માટે દૂરબીનની જરૂર પડે છે કારણ કે હોલ બિલકુલ પણ આરામદાયક નથી.જૂની સંસદ ભવનનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જૂની સંસદમાં પોતાની એક અલગ જ સુંદરતા હતી. ત્યાં સભ્યો વચ્ચે સંવાદની સુવિધા પણ હતી.

### વર્તમાન વિધાનસભાની ઈમારત 100 વર્ષ જૂની થઇ

# યુપીમાં યોગી સરકાર 3000 કરોડના ખર્ચે નવી વિધાનસભા બનાવશે



ગુજરાત | વંદન

દિલ્હીમાં નવા સંસદ ભવનની જેમ જ હવે ઉત્તરપ્રદેશમાં પણ નવી વિધાનસભા બનાવવાનો નિર્ણય લેવાયો છે. માહિતી અનુસાર પૂર્વ પીએમ અટલ બિહારી વાજપાયીની જયંતિ પર નવા વિધાનસભા ભવનની આધારશિલા મૂકાઈ શકે છે. તેના નિર્માણ કાર્ય માટે આશરે 3000 કરોડનો ખર્ચો કરાશે.

માહિતી અનુસાર આ વિધાનસભાના નવા ભવનનું નિર્માણ નિરામન દારુલશફા અને આજુબાજુના ક્ષેત્રોને મિલાવીને કરાશે. યોગી સરકાર રાજધાની લખનઉમાં નવી વિધાનસભા બનાવશે. આ વર્ષના અંતે ડિસેમ્બર મહિનામાં જ નવી વિધાનસભાનો પાયો નખાઈ શકે છે અને 2027 સુધી નિર્માણકાર્ય પૂરું કરવાનું લક્ષ્ય રખાયું છે. સરકાર 25 ડિસેમ્બર 2023ના રોજ અટલ બિહારી વાજપાયીના જન્મદિવસે પીએમ મોદીના હસ્તે તેનો શિલાન્યાસ કરાવવા માગે છે. ખરેખર તો વર્તમાન વિધાનસભાની ઈમારત 100 વર્ષ જૂની થઈ ચૂકી છે. તે લખનઉના હજરતગંજમાં આવેલી છે. જ્યારે વિધાનસભાની કાર્યવાહી ચાલે છે તો અનેક જગ્યાએ ટ્રાફિક સમસ્યા પણ સર્જાય છે. ભવિષ્યમાં સભ્યોની સંખ્યા અને અન્ય જરૂરિયાતને ધ્યાનમાં રાખી નવી વિધાનસભા જરૂરી બની ગઈ હોવાના દાવા કરાઈ રહ્યા છે. ભવિષ્યમાં સીમાંકનને જોતા વર્તમાન વિધાનસભા ઘણી નાની પડશે. વર્તમાન વિધાનસભાનું ઉદ્ઘાટન 1928માં થયું હતું.

# અદભુત કલ્પના થશે સાકાર: મનમાં વિચારશો અને કોમ્પ્યુટરમાં ફટાફટ લખાશે

■ પેરેલિસિસ દર્દી પર ચિપસેટનો ટ્રાયલ શરુ કરવામાં આવશે



ગુજરાત | વંદન

21મી સદીમાં ભવિષ્યના કોમ્યુટર કેવા હશે એની કલ્પનાઓ કરતા કરતા વિજ્ઞાનીઓ એ સ્તરે પહોચ્યાં છે કે, માણસ મનમાં વિચારે અને સામે કોમ્યુટરમાં લખાઈ જાય. આ કાલ્પનિક કથા હવે વાસ્તવિક થવા જઈ રહી છે. જેનો પ્રયોગ શારિરીક રીતે વિકલાંગ કે જેઓ હલન-ચલન કરી શકતા નથી. તેમના પર થશે. જેની આગેવાની ટેસ્લા કારના નિર્માતા એલોન મસ્કને આપવામાં આવી છે.

વર્ષો પહેલા રોબોકોપ નામની ફિલ્મ આવી હતી. તેમા એક વ્યક્તિ પોતે જ ગુનેગારોનો ખાતમો બોલાવવા માટે રોબોટ બની જાય છે. હવે આ દિશામાં પગરણ મંડાઈ રહ્યા હોય તેમ લાગે છે. વિશ્વના સૌથી ધનવાન લોકોમાં એક ઈલોન મસ્કને માનવીના મગજમાં ચિપ લગાવવા મંજૂરી મળી ગઈ છે. તેમના બ્રેઈન સ્ટાર્ટઅપ ન્યુરાલિંકે આ વાત જણાવી હતું.

તેમના બ્રાઈન સ્ટાર્ટઅપે જણાવ્યું હતું કે તેને માનવીના મગજમાં ચિપ લગાવવાને લઈને પહેલી મંજૂરી મળી ગઈ છે. આ માટે મસ્કની કંપનીએ ચિપ લગાવવા તૈયાર થનારા પહેલી વ્યક્તિની શોધ શરુ કરી દીધી છે. આ વ્યક્તિને એક રિક્રુટમેન્ટ પ્રોસેસ દ્વારા ભરતી કરવામાં આવશે. આ ટ્રાયલ દરમિયાન પેરેલિસિસ દર્દી પર ચિપસેટનો ટ્રાયલ શરુ કરવામાં આવશે. આ ચિપ લગાવવાના ટ્રાયલ માટે એવી વ્યક્તિની શોધ ચાલી રહી છે જે સર્વાઈકલ સ્પાઈનલ કોર્ડના લીધે પેરેલિસિસનો ભોગ બન્યા છે અથવા અમાયોટ્રોફિક લેટરલ સ્કલેરોસિસ જેવી માંદગીની ઝપેટમાં આવી ચૂક્યા છે. આ સ્ટડીમાં કુલ કેટલા દર્દી પર ટ્રાયલ શરુ કરવામાં આવશે તેની કોઈ જાણકારી મળી નથી. આ સ્ટડીને પૂરો કરવામાં લગભગ છ વર્ષનો સમય લાગશે.

ન્યુરાલિંકે જણાવ્યું હતું કે પ્રારંભિક તબક્કામાં તેમનું ધ્યેય કમ્પ્યુટર કર્સર અને કીબોર્ડને કંટ્રોલ કરવાનું છે. આ કંટ્રોલ કમાન્ડ સીધો માનવીના મગજમાં ફિટ કરવામાં આવેલી ચિપસેટને મળશે. તેના પછી કર્સર ફરવાનું શરુ થશે અને કીબોર્ડથી ટાઈપિંગ થશે.

### G20 બાદ હવે 26 જાન્યુઆરીએ પણ વિશ્વગુરુ ભારતની ઝલક જોશે દુનિયા

# ગણતંત્ર દિવસની ઉજવણી પરેડમાં મુખ્ય અતિથિ તરીકે બાયડનને આમંત્રણ અપાયું

ગુજરાત | વંદન

ભારત અને અમેરિકા વચ્ચેના ગાઢ સંબંધોની ચર્ચા આખી દુનિયામાં થઈ રહી છે. આ દરમિયાન હવે એક એવા સમાચાર સામે આવ્યા છે કે, અમેરિકી રાષ્ટ્રપતિ જો બાયડન ફરી એકવાર ભારતની મુલાકાત લઈ શકે છે. બાયડનને જી-20 સમિટ દરમિયાન ભારત આવવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આગામી વર્ષે ગણતંત્ર દિવસની ઉજવણી પરેડમાં મુખ્ય અતિથિ તરીકે બાયડનને આમંત્રણ આપ્યું છે. જોકે બાયડન



દ્વારા હજુ સુધી કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવ્યો નથી.

આ સંદર્ભે ભારતમાં અમેરિકી રાજદૂત એરિક ગારસેટ્ટીએને માહિતી આપી છે. ગારસેટ્ટીએ કહ્યું કે, નવી દિલ્હીમાં જી20 સમિટના એક દિવસ પહેલા આયોજિત દ્વિપક્ષીય બેઠક દરમિયાન આ આમંત્રણ આપવામાં આવ્યું હતું. ગારસેટ્ટીએ વધુમાં કહ્યું કે વડાપ્રધાન મોદીનું આમંત્રણ બંને દેશો વચ્ચેના ગાઢ સંબંધોને દર્શાવે છે. તેઓ આગામી વર્ષોમાં વધુ મજબૂત સંબંધોને ઉત્તેજન આપવા આતુર છે.

મેરિકી રાજદૂત એરિક ગારસેટ્ટીને આગામી પ્રજાસત્તાક દિવસની ઉજવણી દરમિયાન ક્વાડ નેતાઓની મુલાકાત અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેમણે આ માહિતી શેર કરી હતી. તેમણે કહ્યું કે, જી20 સમિટની બાજુમાં દ્વિપક્ષીય બેઠક દરમિયાન વડાપ્રધાન મોદીએ અમેરિકી રાષ્ટ્રપતિ બિડેનને ગણતંત્ર દિવસની ઉજવણી માટે આમંત્રણ આપ્યું છે.

### ખાલિસ્તાનીઓ દ્વારા ન્યૂયોર્ક ટાઈમ્સમાં આ પ્રકારનું એલાન કરીને પોતાના મલિન ઈરાદા જાહેર કર્યા હતા

# 12 ઓક્ટો., 1971ના રોજ ખાલિસ્તાનની જાહેરાત થઈ હતી

ગુજરાત | વંદન

ખાલિસ્તાન ટાઈગર ફોર્સના ચીફ હરદીપ સિંહ નિજ્જરની હત્યા બાદ કેનેડા અને ભારત વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ છે. સોમવારે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ હત્યા પાછળ ભારતીય એજન્સીઓનો હાથ હોવાની આશંકા વ્યક્ત કરી હતી. આ પછી દેશોએ ટોચના રાજદ્વારીઓને હાંકી કાઢ્યા છે.




આક્ષેપો અને પ્રતિઆક્ષેપોનો દોર હજુ પણ ચાલુ છે. આ વિવાદને કારણે ખાલિસ્તાની આંદોલન ફરી એકવાર ચર્ચામાં છે. જે ભારતનો એક ભાગ માંગીને શીખો માટે અલગ દેશ બનાવવાનો ઈરાદો ધરાવે છે, તેઓ લાંબા સમયથી પોતાનો પ્રચાર ફેલાવવા માટે વિદેશી ધરતીનો ઉપયોગ કરી રહ્યા છે. ભારતમાં ખાલિસ્તાનની માંગણી કરતું આંદોલન તેના છેલ્લા શ્વાસો ગણી રહ્યું છે. કેટલીકવાર કેટલીક સંસ્થાઓ માથું ઊંચું કરે છે. પછી તેઓ થોડા દિવસોમાં શાંત થઈ જાય છે. જો કે, કેનેડા, યુએસએ અને યુકે જેવા દેશોમાં શીખ ડાયસ્પોરાના કેટલાક વર્ગોમાં આ માંગ હજુ પણ જીવંત છે. હકીકતમાં, ખાલિસ્તાન ચળવળ તેની શરૂઆતથી જ વૈશ્વિક ચળવળ રહી છે. વિદેશી ધરતીથી અલગ શીખ રાજ્યની પ્રથમ માંગ યુએસએમાંથી ઉઠી હતી.12 ઓક્ટોબર, 1971ના રોજ ન્યૂયોર્ક ટાઈમ્સમાં એક જાહેરાત આપીને ખાલિસ્તાનના જન્મની જાહેરાત કરવામાં આવી હતી. તે લખે છે, "આજે આપણે અંતિમ ધર્મયુદ્ધની શરૂઆત કરીએ છીએ, જ્યાં સુધી વિજય પ્રાપ્ત ન થાય. આપણે આપણી જાત માટે એક રાષ્ટ્ર છીએ."

## કેનેડામાં ખાલિસ્તાન આંદોલન કેમ ચાલુ છે?

કેનેડાની કુલ વસ્તીમાં શીખોનો હિસ્સો 2.1 ટકા છે. 2021 ની વસ્તી ગણતરી મુજબ, કેનેડામાં શીખ ધર્મને અનુસરનારા લોકોની સંખ્યા 7,70,000 છે. ભારત પછી સૌથી વધુ શીખો કેનેડામાં રહે છે. શીખ સમુદાય કેનેડામાં સૌથી ઝડપથી વિકસતો ધાર્મિક સમૂહ છે. જો કે, એ નોંધવું અગત્યનું છે કે, તમામ કેનેડિયન શીખો ખાલિસ્તાન તરફી નથી. ખાલિસ્તાન હવે મોટાભાગના વિદેશી શીખો માટે મુદ્દો નથી. કેનેડિયન પત્રકાર ટેરી મિલેવસ્કી માને છે કે, કેનેડિયન નેતાઓ શીખ મતો ગુમાવવા માંગતા નથી અને વિચારે છે કે, બધા શીખો ખાલિસ્તાન તરફી છે. તેઓનું આ વિચારવું ખોટું છે.

### સરકારનો લક્ષ્ય- આઝાદીના 100મા વર્ષ 2047 સુધીમાં ભારતને વિકસિત દેશ બનાવવો...

# ભારત 2047 સુધીમાં વિકસિત દેશ બની શકે, પણ શરત એ છે કે...

ગુજરાત | વંદન

નવી સંસદ..નવા ભારત... અને બધુ નવુ નવુ જોવા મળી રહ્યું છે જુના ભારતને. ભારતને એવુ નયા ભારત બનાવવાનું છે કે આવનારા સમયમાં નયા ભારત અમેરિકાની બરાબરી કરી શકે. નયા ભારત વિકાસશિલ નહીં પણ વિકસિત એટલે કે અમેરિકા-બ્રિટનની જેમ સંપૂર્ણ રીતે વિકસેલુ નયા ભારત હશે. વિવિધ અર્થશાસ્ત્રીઓ અને આર્થિક બાબતોની આગાહી કરનારી એજન્સીઓ દ્વારા આગાહી કરવામાં આવી છે કે ચોક્કસપણે ભારત એવુ બની શકે પણ શરત એ છે કે....

હાલમાં 140 કરોડની વસ્તી ધરાવનાર ભારતે 2047 (આઝાદીના 100 વર્ષ પૂરા થશે) સુધીમાં વિકસિત દેશ બનવા માટે આગામી 20 વર્ષ માટે વાર્ષિક 8-9 ટકાના દરે આર્થિક વૃદ્ધિ કરવાની જરૂર છે. ડેલોઈટ સાઉથ એશિયાના સીઈઓ રોમલ શેટ્ટીએ આ વાત કહી છે.


ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2047 સુધીમાં ભારતને વિકસિત દેશ બનાવવાની દિશામાં કામ કરવાનું લક્ષ્ય રાખ્યું છે. શેટ્ટી કહે છે કે 'ચીન પ્લસ વન' વ્યૂહરચનાથી ભારતને ફાયદો થઈ શકે છે કારણ કે અન્ય કોઈ દેશ અહીં ઉપલબ્ધ કામગીરીના સ્કેલ અને કદની ઓફર કરી શકશે નહીં.

તેમણે કહ્યું કે ભારતના અવકાશ ક્ષેત્રમાં પહેલેથી જ 200 સ્ટાર્ટઅપ્સ છે અને 2040 સુધીમાં તેમાં 100 બિલિયન યુએસ ડોલરનું રોકાણ આવી શકે છે. વિકસિત અર્થવ્યવસ્થા બનવા માટે આપણે ઓછામાં ઓછા 2047 સુધી 8-9 ટકાના દરે વૃદ્ધિ કરવાની જરૂર છે. આપણે મધ્યમ આવકના સ્તરથી આગળ વધવું પડશે. આ ગતિએ વિકાસ સરળ નથી. વિશ્વમાં એવા બહુ ઓછા દેશો છે જે વાર્ષિક 8-9 ટકાના દરે વૃદ્ધિ કરવા સક્ષમ છે.









## ભારતની 2050 સુધીમાં અર્થવ્યવસ્થા યુએસએની બરાબર થશે.. શું તે શક્ય છે..?

મોદીએ તાજેતરમાં સમાચાર એજન્સીઓને આપેલી વિવિધ મુલાકાતોમાં કહ્યું હતું કે ભારત નજીકના ભવિષ્યમાં વિશ્વની ટોચની 3 અર્થવ્યવસ્થાઓમાં સામેલ થશે મને ખાતરી છે કે 2047 સુધીમાં આપણો દેશ વિકસિત દેશોમાં સામેલ થઈ જશે. આપણી અર્થવ્યવસ્થા વધુ સમાવિષ્ટ હશે. ભારત હાલમાં અમેરિકા, ચીન, જાપાન અને જર્મની પછી વિશ્વની 5મી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે.

શેટ્ટીએ એમ પણ કહ્યું કે ભારત કૃષિ, અવકાશ ક્ષેત્ર, સેમિકન્ડક્ટર અને ઈવી૯ઈલેક્ટરીક વ્હીકલ્સ) જેવા અન્ય ઉભરતા ક્ષેત્રોમાં તકો શોધી શકે છે. દેશ દર વર્ષે 16,000-18,000 કિલોમીટરની ઝડપે રસ્તાઓનું નિર્માણ કરી રહ્યું છે, જે વિકાસ અને વેપારને પ્રોત્સાહન આપે છે.

બહુરાષ્ટ્રીય કંપનીઓ 'ચાઈના પ્લસ વન' પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. એમાં કોઈ શંકા નથી. જ્યારે અન્ય દેશો એવા છે કે જ્યારે કંપનીઓ તેમના ઉત્પાદનને ચીન સિવાય બીજે સ્થાનાંતરિત કરવાનું નક્કી કરે ત્યારે ભારત આવે તો ફાયદો થશે.

ભારત સામે સૌથી મોટો પડકાર ક્રૂડ ઓઈલની આયાતનો છે. એ જ રીતે, ટેક્નોલોજીએ દેશ બદલ્યો હોવા છતાં, તે વિભાજનકારી હોઈ શકે છે અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) માં પૂર્વગ્રહો છે. આ એવી બાબતો છે જેની આપણે ચિંતા કરવી જોઈએ.

એક અન્ય અર્થશાસ્ત્રી વુલ્ફ કહે છે કે ભારતની 2050 સુધીમાં અર્થવ્યવસ્થા યુએસએની બરાબર થશે, ભારતીય અર્થતંત્ર ચોક્કસપણે 'મોટી શક્તિ' બનવા માટે તૈયાર છે અને 2050 સુધીમાં તેનું કદ યુએસ જેટલું હશે, એમ જાણીતા અર્થશાસ્ત્રી અને ટીકાકાર માર્ટિન વુલ્ફે આગાહી કરતાં કહ્યું છે.

વુલ્ફનું એમ પણ માનવુ છે કે, પશ્ચિમી દેશોના નેતાઓ કાળજીપૂર્વક વિચારીને ભારત પર દાવ લગાવી રહ્યા છે. વુલ્ફે એક અંગ્રેજી આર્થિક અખબાર 'ધ ફાઈનાન્સિયલ ટાઈમ્સ'માં લખેલા લેખમાં કહ્યું કે, હું માનું છું કે ભારત 2050 સુધી માથાદીઠ ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) વૃદ્ધિને 5 ટકા અથવા તેની આસપાસ જાળવી શકે છે. વધુ સારી નીતિના કારણે આ વૃદ્ધિ વધુ થઈ શકે છે. અથવા તે આના કરતા ઓછું હોઈ શકે છે.

માર્ટિન વુલ્ફનું પણ શેટ્ટીની જેમ માનવુ છે કે, 'ચાઈના પ્લસ વન' વ્યૂહરચના અપનાવનારી કંપનીઓ માટે ભારત લોકપ્રિય સ્થળ બની ગયું છે. મોટા સ્થાનિક બજારને કારણે ભારત અન્ય હરીફોની સરખામણીમાં આ બાબતમાં ફાયદો ઉઠાવવાની સ્થિતિમાં છે. ભારત વિશ્વની 5મી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. ખરીદ શક્તિની દ્રષ્ટિએ તે ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. સંયુક્ત રાષ્ટ્રનો અંદાજ છે કે 2050 સુધીમાં દેશની વસ્તી 1.67 અબજ એટલે કે 167 કરોડ સુધી પહોંચી જશે. હાલમાં ભારતની વસ્તી 1.43 અબજ એટલે કે 143 કરોડ છે.

દેશની બેંકોની બેલેન્સ શીટ સારી થઈ રહી છે. ક્રેડિટ પણ હવે વધુ સારી રીતે આકાર લઈ રહી છે. તેમણે લખ્યું કે આગામી દાયકામાં દેશની અર્થવ્યવસ્થા અને વસ્તી બંને ઝડપથી વધશે. આ સાથે ભારત ચીન સાથે સ્પર્ધા કરશે. ભારતના પશ્ચિમી દેશો સાથે પણ સારા સંબંધો છે જે સકારાત્મક બાબત છે

(અનુસંધાન પેજ નં.6પર)

# સાઉથ અભિનેત્રી સામંથા કરણ જોહરની ફિલ્મથી બોલીવૂડમાં ડેબ્યૂ કરશે?

ઓટો ઈમ્યુન બીમારી માયોસાઈટિસના કારણે હાલ એક વર્ષના બ્રેક પર જતી રહેલી અભિનેત્રી સામંથા રુથ પ્રભુ કરણ જોહરનાં પ્રોડક્શનની ફિલ્મથી બોલીવૂડમાં ડેબ્યૂ કરે તેવી સંભાવના છે. આ ફિલ્મમાં તેનો હિરો સલમાન ખાન હશે.

સામંથા 'પુષ્પા' ફિલ્મથી બોલીવૂડના દર્શકોમાં જાણીતી છે. જોકે, તેની બોલીવૂડમાં ઔપચારિક એન્ટ્રીની લાંબા સમયથી રાહ જોવાય છે. અનેક પ્રોજેક્ટસમાં સામંથા સાથે વાતચીત ચાલતી હોવાની ચર્ચા સામે આવે છે. જોકે, હાલ ઓટો ઈમ્યૂન ડીસીઝના કારણે એક્ટિંગમાંથી એક વર્ષનો બ્રેક લેનારી સામંથાએ સાઉથની તેની ફિલ્મોની પણ સાઈનિંગ એમાઉન્ટ પાછી આપી દીધી છે.

જોકે, સામંથા બ્રેક બાદ પુનરાગમનનું પ્લાનિંગ પણ કરી રહી છે. તેણે કરણ જોહર સાથે વાટાઘાટો શરુ કરી છે. કરણ જોહર 'કુછ કુછ હોતા હૈ'ના અઢી દાયકા બાદ સલમાન ખાનને લઈને એક ફિલ્મ પ્લાન કરી રહ્યો છે. આ ફિલ્મની હિરોઈન સામંથા હોઈ શકે છે.

માહિતગાર વર્તુળોના જણાવ્યા અનુસાર કરણ જોહરે સાઉથની જ તૃષા તથા અનુષ્કા શેટ્ટીનો પણ સંપર્ક કર્યો છે. પરંતુ, સલમાન સાથે સ્ક્રીન શેરિંગમાં સામંથા જ સૌથી ઉચિત જણાઈ રહી છે. આ અંગે હવે ઔપચારિક જાહેરાતની રાહ જોવાય છે.




## 3 Ekka એ ગુજરાતી સિનેમા માટે એક નવો જ રેકોર્ડ સ્થાપિત કર્યો



ખુબજ ચર્ચિત ફિલ્મ '3 એકકા'એ 25મી ઓગષ્ટના રોજ થીયેટરમાં રીલીઝ થઈ હતી. અને ત્યારથી તે બોકસ ઓફીસ પર રેકોર્ડ તોડી રહી છે. આ ગ્રાઉન્ડ બ્રેકિંગ ગુજરાતી ફિલ્મે અસંખ્ય સીમાચિન્હો હાંસલ કર્યો છે તે તેના પ્રથમ દિવસે સૌથી વધુ બોકસ ઓફીસ કલેકશન મેળવનારી પ્રથમ ગુજરાતી ફિલ્મ બની સૌથી વધુ વીકએન્ડ કલેકશન મેળવનારી પ્રથમ અને પ્રથમ સપ્તાહમાં સૌથી વધુ કલેકશન મેળવનારી પ્રથમ ગુજરાતી ફિલ્મ બની. નોંધનીય રીતે 3 એકકા તેની રીલીઝના 20 દિવસમાં બોકસ ઓફીસ પર નોંધપાત્ર 25 કરોડનો આંકડો પાર કરનાર પ્રથમ ગુજરાતી ફિલ્મ બનવાનું ગૌરવ પણ ધરાવે છે. 3 એકકાએ ગુજરાતી સિનેમા માટે 20 દિવસમાં 25 કરોડ પ્લસ કલેકશન કરવાના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે.

આ નોંધપાત્ર સફળતાની યાદમાં, આજે અમદાવાદમાં એક ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી, જેમાં સમગ્ર સ્ટાર કાસ્ટ અને નિર્માતાઓએ હાજરી આપી હતી. નિર્માતા આનંદ પંડીતે પ્રાદેશિક ફિલ્મ ઉદ્યોગમાં યોગદાન આપવા માટેનો તેમનો ઉંડો જુસ્સો વ્યકત કર્યો, માત્ર ઉત્કૃષ્ટ ફિલ્મો બનાવવા માટે જ નહીં પરંતુ પ્રાદેશિક ઉદ્યોગને ટેકો આપતી સમગ્ર ઈકોસિસ્ટમને વિકસાવવાની તેમની પ્રતિબધ્ધતા પર ભાર મૂકયો. તેમણે વૈશાલ શાહની નિર્માતા તરીકેની તેમની અસાધારણ કુશરતા અને તેમની ફિલ્મોના માર્કેટીંગમાં નિપુણતા માટે પ્રસંશા કરી.

વૈશાલ શાહે માત્ર 20 દિવસમાં સફળતાની ઉજવણી કરનાર પ્રથમ ગુજરાતી ફિલ્મ તરીકે તેમની નોંધપાત્ર સિધ્ધિને દર્શાવતા કહ્યું કે તેઓ તેમના આગામી પ્રોજેકટ માટે કોઈ ઉતાવળમાં નથી, કારણ કે '3 એકકા' 800 દૈનિક શો સાથે 250થી વધુ સિનેમાઘરોમાં સફળ રીતે હજી પણ ચાલી જ રહ્યું છે.



# સરોજખાનની બાયોપિકમાં માધુરી દિક્ષિતની શક્યતા

### કોરિયોગ્રાફરની બાયોપિક પર મેકર્સ માધુરીને લેવાનું વિચારે છે

ચાર દાયકાઓ સુધી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝનાં સ્ટાર્સને નચાવનાર કોરીયોગ્રાફર (નૃત્ય નિર્દેશક) સરોજખાનનું વર્ષ 2020 માં નિધન થયુ હતું.ત્યારબાદ તેની બાયોપિકની જાહેરાત થઈ હતી. હવે ખબર આવી છે કે બાયોપિકમાં સરોજખાનનો રોલ કરવા માધુરી દિક્ષિતના નામ પર વિચાર કરવામાં આવી રહ્યો છે. આ બારામાં સુત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ સરોજખાનની બાયોપિકની કથાનું લેખ હજુ પ્રારંભીક તબકકામાં છે જોકે મેકર્સ ઈચ્છે છે કે સરોજખાનની જીંદગીના જુદા જુદા પડાવોને અલગ કલાકાર નિભાવે.



મતલબ, એક છોકરી તેના બાળપણનો રોલ કરશે તો અન્ય છોકરી તેની યુવાનીમાં અને બાદની ઉંમરનો રોલ કરશે.તેમાં બાદનાં રોલ માટે માધુરીના નામ પર વિચાર કરવામાં આવી રહ્યો છે.

આ બારામાં સરોજ ખાનની દીકરી સુકૈનાના જણાવ્યા મુજબ હજુ સુધી કોઈ નામ નકકી નથી થયુ. ફિલ્મની ટીમે મને કહ્યું છે કે જેવા તે કોઈ કલાકારને શોર્ટ લીસ્ટ કરે છે તે પરિવારને આ બારામાં વાત કરશે. આ બાયોપીકમાં ખરા કલાકારોની પસંદગી કરવી કઠીન કામ છે મને નથી લાગતૂ કે મેકર્સે કોઈ એક નામ પર વિચાર કર્યો હોય.

# એક્ટ્રેસ તૃષા કૃષ્ણન ટૂંક સમયમાં મલયાલમ પ્રોડ્યુસર સાથે લગ્ન કરે તેવી અટકળો



અભિનેત્રી તૃષા કૃષ્ણન સાઉથથી લઈને હિન્દી સિનેમા માટે પણ જાણીતો ચહેરો છે. થોડા સમય પહેલા એક્ટ્રેસ મણિરત્નમની ઐતિહાસિક ડ્રામા પોન્નિયિન સેલ્વન એટલે કે પીએસ1 અને 2 માં નજર આવી હતી અને હવે વર્તમાન સમયમાં તે પોતાની પર્સનલ લાઈફને લઈને ચર્ચામાં છે.

અભિનેત્રી પોતાની સુંદરતા અને શ્રેષ્ઠ એક્ટિંગ સ્કિલથી લાખો ચાહકોના દિલ પર રાજ કરે છે. રિપોર્ટ અનુસાર તૃષા પોતાના જીવનના આગામી તબક્કા માટે આગળ વધી રહી છે. તૃષા ટૂંક સમયમાં એક મલયાલમ પ્રોડ્યુસર સાથે લગ્ન કરશે. જોકે એક્ટ્રેસ તરફથી આ વિશે કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી.

થોડા દિવસ પહેલા તૃષા કૃષ્ણને પોતાની ફિલ્મ પોન્નિયિન સેલવન 2 ના પ્રમોશન દરમિયાન પોતાના વેડિંગ પ્લાનિંગ અંગે ખુલાસો કર્યો હતો. અભિનેત્રીએ શેર કર્યું હતુ કે તેણે હજુ સુધી આ વિશે કોઈ નિર્ણય લીધો નથી.

ઉલ્લેખનીય છે કે 23 જાન્યુઆરી 2015એ ચેન્નઈના એક બિઝનેસમેન સાથે અભિનેત્રી તૃષાની સગાઈ થઈ હતી પરંતુ થોડા મહિના બાદ બંને અલગ થઈ ગયા હતા.

# રોહિત શેટ્ટીની ફિલ્મ સિંઘમ અગેનમાં જોવા મળશે શ્વેતા

'કસૌટી ઝિંદગી કે' માં પ્રેરણાનું પાત્ર ભજવીને દરેક ઘરમાં પોતાનું નામ બનાવનાર શ્વેતા તિવારીને કોઇ ઓળખની જરુર નથી. અભિનેત્રીએ સલમાન ખાનનો રિયાલિટી શો 'બિગ બોસ' જીતીને પણ નામ બનાવ્યુ. આ સિવાય રોહિત શેટ્ટીનો રિયાલિટી શો 'ખતરો કે ખિલાડી' માં પણ એક્ટ્રેસ જોવા મળી હતી. શ્વેતા તિવારીએ ઘણા રિયાલિટી શો કર્યા છે. શ્વેતા સીરિયલમાં પણ પોતાનું ટેલેન્ટ બતાવી ચૂકી છે. હવે એક્ટ્રેસ ટીવીની દુનિયામાંથી વેબ સિરીઝ કરવા જઈ રહી છે.

શ્વેતા તિવારીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે. જેમાં રોહિત શેટ્ટી અને શ્વેતા તિવારી છે. એક્ટ્રેસ દિગ્દર્શકની આગામી ફિલ્મ 'સિંઘમ અગેન'માં જોવા મળશે. તેમાં તે મહત્વની ભૂમિકામાં જોવા મળશે. આ તસવીરોમાં તે ફોર્મલ લુકમાં જોવા મળી રહી છે. શ્વેતા તિવારી માટે આ એક મોટો જેકપોટ છે, કારણ કે આ ફિલ્મમાં અજય દેવગન અને રણવીર સિંહ જેવા સ્ટાર્સ છે.

રોહિત શેટ્ટીની ફિલ્મ સિંઘમ અગેઈનના પહેલાં બે ભાગ આવી ચૂક્યાં છે. જેને દર્શકોનો ખૂબ પ્રેમ મળ્યો છે. હવે ત્રીજા પાર્ટ માટે દર્શકો ખૂબ ઉત્સાહિત છે.

મહત્વનું છેકે, રોહિત શેટ્ટીએ 'સિંઘમ અગેન'નું શૂટિંગ શરૂ કરી દીધું છે. 16 સપ્ટેમ્બરે અજય દેવગન, રોહિત શેટ્ટી અને રણવીર સિંહે મુહૂર્ત પૂજા દરમિયાન ફોટા શેર કર્યા હતા. તેની શરૂઆત મુંબઈના જ એક સ્ટુડિયોમાં થઈ રહી છે. ફેન્સમાં પણ ખૂબ જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અહેવાલ છે કે તે આવતા વર્ષે 2024 માં સ્વતંત્રતા દિવસ પર રિલીઝ થશે આ ફિલ્મ અલ્લુ અર્જુનની 'પુષ્પા 2' સાથે ટકરાશે.



# 'મર્દાની-3' માં છોકરીઓ સાથે સંકળાયેલ યુનિવર્સલ મુદ્દો ઉઠાવશે રાની મુખર્જી

### ફિલ્મનું શુટીંગ અનેક આંતર રાષ્ટ્રીય લોકેશનમાં થશે

ફિલ્મ 'મર્દાની' અને 'મર્દાની-2' માં રાની મુખરજીના પોલીસ ઓફિસરના રોલને દર્શકોએ ઘણો પસંદ કર્યો હતો. હવે રાની 'મર્દાની-3'પર કામ કરી રહી છે. હાલ તેના કોન્સેપ્ટ પર કામ ચાલી રહ્યું છે અને રાની ખુદ તેમાં જોડાઈ છે.



સુત્રો મુજબ રાની રાઈટર-ડાયરેકટર ગોપી પુશરણ સાથે 'મર્દાની-3' ની વાર્તા અને સ્ક્રીન પ્લે પર કામ કરી રહી છે ગોપી અને રાની ફિલ્મમાં એવા મુદ્દાને ઉઠાવવા માંગે છે.જે છોકરીઓ સાથે જોડાયેલો યુનિવર્સલ મુદ્દો હોય અર્થાત જેથી બધી છોકરીઓ ફિલ્મ સાથે જોડાણ અનુભવે અને આ કારણે જ ફિલ્મ માટે અનેક આંતર રાષ્ટ્રીય લોકેશન્સ પર શુટીંગનું પ્લાનીંગ કરવામાં આવી રહ્યું છે. તાજેતરમાં રાની મુખરજીએ જણાવ્યું હતું કે, તેને ફિલ્મમાં શિવાની શિવાજી રોયનું પાત્ર ભજવેલુ ખૂબ સારૂ લાગે છે.પરંતુ ફિલ્મની કથા બિલકુલ તાજી હોવી જોઈએ જો આવુ હશે તો હું ફિલ્મમાં કામ કરીશ. ફિલ્મની વાત કરીએ તો થોડા દિવસ પહેલા રાનીએ 'મીસીસ ચેટર્જી'વર્સીસ નોર્વેમાં કામ કરી સૌનુ ધ્યાન ખેંચ્યુ હતું.

# 25 વર્ષ બાદ સલમાન ખાન-કરણ જોહર સાથે કામ કરશે

બોલીવુડના દબંગ સલમાન ખાન હાલમાં પોતાના અનેક મોટા પ્રોજેક્ટમાં વ્યસ્ત છે. તેમની ફિલ્મ ટાઈગર 3 દિવાળી પર રિલીજ થઈ રહી છે. આ ઉપરાંત તેઓ ટૂંક સમયમાં બિગ બોસ 17નું શૂટિંગ પણ શરૂ કરશે, જેનો ફર્સ્ટ પ્રોમો કલર્સના મેકર્સે આઉટ કરી દીધો છે.





આ બંને મોટા પ્રોજેક્ટ ઉપરાંત સલમાન ખાન 25 વર્ષ બાદ કરણ જૌહરની ફિલ્મનું શૂટિંગ કરશે. જેની તૈયારી સલમાન ખાને શરૂ કરી દીધી છે. સલમાન ખાને કરણ જોહરની બ્લોકબસ્ટર ફિલ્મ 'કુછ-કુછ હોતા હૈ' માં 25 વર્ષ પહેલા સ્પેશિયલ અપીરિયન્સ કર્યું હતું. તેમના અનટાઈટલ નવા પ્રોજેક્ટની ખબર સોશિયલ મીડિયા પર આવતા જ ચાહકો ખુશીથી નાચી ઉઠ્યા. હવે કરણ-સલમાનની અનટાઈટલ ફિલ્મને લઈને નવી અપડેટ સામે આવી છે.પ્રાપ્ત માહિતી પ્રમાણે ફિલ્મની સ્ક્રિપ્ટ, સ્ક્રીનપ્લે, ડાયલોગ ડ્રાફ્ટ બધુ ફાઈનલ થઈ ચૂક્યું છે. સલમાન ખાન આ અનટાઈટલ ફિલ્મનો ફર્સ્ટ હાફ ડિસેમ્બરમાં શૂટ કરશે અને બાકીનો જાન્યુઆરીમાં શૂટ કરશે.રિપોર્ટ પ્રમાણે સલમાન ખાનની ઈન્ડિયન આર્મીના બેકડ્રાપ પર બનેલી આ ફિલ્મનું નિર્દેશન સાઉથના ફેમસ નિર્દેશક વિષ્ણુવર્ધન કરશે. જેઓ આ અગાઉ સિદ્ધાર્થ મલ્હોત્રા અને કિયારા અડવાણીની ફિલ્મ 'શેરશાહ'નું નિર્દેશન કરી ચૂક્યા છે.

શરૂઆતમાં એવા અહેવાલો હતા કે, આ ફિલ્મમાં સલમાન ખાનની અપોઝિટ તૃષા, સામંથા અથવા અનુષ્કા શેટ્ટીમાંથી કોઈ એક એક્ટ્રેસ નજર આવી શકે છે પરંતુ હવે તાજેતરના અહેવાલો પ્રમાણે આ ફિલ્મ માટે અત્યાર સુધી કોઈ અભિનેત્રીને કાસ્ટ કરવામાં નથી આવી.

વિષ્ણુવર્ધન હાલમાં પોતાની તમિલ ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે અને ત્યારબાદ જ ઓક્ટોબરમાં આ ફિલ્મ માટે તેઓ એક્ટ્રેસ અને અન્ય સ્ટાર્સની કાસ્ટિંગ શરૂ કરશે. સલમાન ખાને આ ફિલ્મ માટે શેપમાં આવવાનું શરૂ કરી દીધુ છે અને તેઓ સ્ટ્રીક્ટ ડાયટ ફોલો કરી રહ્યા છે.

# રણબીર- રશ્મિકા સ્ટારર ફિલ્મ 'એનિમલ'ની રિલીઝ ડેટ જાહેર

બોલીવુડ એક્ટર રણબીર કપૂરની મચઅવેટેડ ફિલ્મ એનિમલ ઘણા લાંબા સમયથી રિલીઝને લઈને ચર્ચામાં છે. ઘણી વખત મેકર્સે ફિલ્મની રિલીઝ ડેટને લંબાવી છે. એનિમલની રાહ જોઈ રહેલા દર્શકો માટે એક મોટી ખબર સામે આવી છે.

આખરે ફિલ્મના મેકર્સે તેની રિલીઝ ડેટની જાહેરાત કરી દીધી છે. ફિલ્મ આ વર્ષના અંતે એટલે કે 1 ડિસેમ્બરે રિલીઝ થવા માટે તૈયાર છે. 28 સપ્ટેમ્બરે ફિલ્મનું ટીઝર જારી કરી દેવામાં આવશે. સંદી રેડ્ડી વાંગાના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મ 5 ભાષાઓમાં રિલીઝ થશે. ફિલ્મ હિંદી સિવાય તેલુગુ, કન્નડ, મલયાલમ અને તમિલમાં પણ રિલીઝ થશે. આ ફિલ્મમાં રણબીર કપૂર પોતાના અત્યાર સુધીના સૌથી અલગ પાત્રમાં જોવા મળવાના છે.



ફિલ્મમાં રણબીર કપૂર સિવાય રશ્મિકા મંદાના, અનિલ કપૂર, બોબી દેઓલ જેવા શાનદાર એક્ટર્સ મહત્વના રોલમાં નજર આવશે. આ ફિલ્મ દ્વારા રણબીર કપૂર અને રશ્મિકા મંદાના પહેલી વખત એક સાથે મોટા પડદે નજર આવવાના છે. દરમિયાન ચાહકો આ નવી જોડીને જોવા માટે ખૂબ ઉત્સાહિત છે. અમુક દિવસ પહેલા મેકર્સે ચાહકોના ઉત્સાહ બમણો કરવા માટે ફિલ્મનું પ્રી-ટીઝર રિલીઝ કર્યું હતુ.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com




## બોલ માડી અંબે જય જય અંબે....ના નાદથી ગુંજી રહ્યો છે અંબાજીનો ભક્તિમાર્ગ

# શહેરમાંથી હજારો માઈભક્તોનું અંબાજી તરફ પ્રયાણ

■ ઠેર-ઠેર વિસામો સહિતની સુવિધાઓ ઉપલબ્ધ, સેવાકેમ્પ ધમધમી ઉઠ્યા

ગુજરાત | વંદન

ભારતમાં ધાર્મિક પદયાત્રાનું એક અનેરું મહત્ત્વ રહેલું છે. ગુજરાતમાં ફાગણી પૂનમે ડાકોર અને ભાદરવી પૂનવે અંબાજીમાં પગપાળા જવાની એક પ્રસ્થાપિત પરંપરાને આગળ ધપાવતા માઈભક્તો અંબાજી તરફ પ્રયાણ કરી રહ્યા છે. અમદાવામાંથી પણ હજારો પદયાત્રીઓ અંબાજી જવા નીકળ્યા છે તો વાય અમદાવાદ થઈને અંબાજી જવા નીકળેલા પદયાત્રીઓ માટે વિસામો, ચા-પાણી નાસ્તો થતા જરૂરી સુવિધાની વ્યવસ્થા ઠેરઠેર કરવામાં આવી છે. અંબાજીના માર્ગે બોલ માડી અંબે જય જય અંબેના નાદથી માર્ગો ગુંજી ઉઠ્યા છે. ભાદરવી પૂનમના મેળામાં અંબાજી ખાતે 40 લાખ ભક્તજનો ઉમટી પડે તેવી ગણતરી સાથે સત્તાવાળોએ આયોજન કર્યું છે. અને મોહનથાળ પ્રસાદના 40લાખથી વધુ પ્રસાદના પેકેટ તૈયાર કરવામાં આવી રહ્યા છે.

શક્તિપીઠ અંબાજી માં ભાદરવી પૂનમનું આગવું મહત્વ છે ગુજરાત જ નહીં પરંતુ દેશભરમાંથી ભરાતા મોટા મેળાઓમાં તેની ગણના થાય છે. અને





આ મેળામાં લાખો યાત્રીકો શ્રદ્ધાળુ માં અંબાના દર્શન કરી ધન્યતા અનુભવે છે. એમાં પગપાળા યાત્રીકો અને સંઘો વધુ પ્રમાણમાં આવતા હોય છે અને અંબાજીના આવતા બધા રસ્તા પર માનવ મહેરામણ ઉમટે છે.

અંબાજી વિસ્તારની અરવલ્લીની ગિરિમાળાઓમાં બોલ માડી અંબે જય અંબેના નાદ થી ગુંજી ઊઠે છે. અને લાખો આવનાર શ્રદ્ધાળુઓને લઈને અંબાજી મંદિર વહીવટી તંત્રએ પદયાત્રીઓની અને દર્શનાર્થીઓની સેવા માટે તૈયારીઓને આખરીઓ આપી દીધો છે. સેવાભાવી સંસ્થાઓ દ્વારા સેવા કેમ્પ અને સહાયતા કેન્દ્ર શરૂ કરાયા છે. લાઈટ દૂધ પાણી ભોજન આવાસ આરોગ્ય આ તમામ સેવાઓની વહીવટી તંત્ર તેમજ સેવા કેમ્પોમાં તૈયારીઓ કરી લીધી છે.

ગુજરાતી યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા પણ પાલનપુર થી અંબાજી માર્ગ પર 7 મોટા ડોમ બનાવવામાં આવ્યા છે. જેમાં સુવા માટેની બેડ સહિત આરોગ્યની સેવાઓ પૂરી પાડવામાં આવશે. તો બીજી તરફ પાલનપુર અંબાજી હાઈવે ઉપર આદર્શ સેવા કેમ્પ દ્વારા ૭૦૦ જેટલા સ્વયંસેવકો કર્મચારીઓ ખડે પગે લાખો માંઈ ભક્તોની સેવામાં ફરજ બજાવશે. આ કેમ્પમાં દિવસ દરમિયાન 40,000 થી વધુ ભક્તો ભોજન પ્રસાદ તેમજ આરામ કરી શકે તેવી વ્યવસ્થાઓ કરવામાં આવી છે. પગપાળા આવતા યાત્રિકોને શુદ્ધ અને સાત્વિક ભોજન મળી રહે તે માટે 100 થી વધુ લોકોની રસોડા માટેની ટીમ તૈયાર કરવામાં આવી છે. ગરમ પાણી સહિત મસાજ માટેની વ્યવસ્થા આ કેમ્પમાં કરવામાં આવી રહી છે. આ કેમ્પમાં પગપાળા યાત્રિકોને આરામ કરવા માટે 600 જેટલા બેડની વ્યવસ્થા કરવામાં આવી છે તેમ જ આરોગ્યને લગતી પણ તમામ સેવાઓ માટે અલગ અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. આ વખતે 40 લાખથી વધુ ભક્તો માના દર્શન માટે આવવાની શક્યતા છે. ત્યારે તમામ આવતા ભક્તોની સેવા માટે માના ભક્તો દ્વારા સેવા કેમ્પો કરવામાં આવી રહ્યા છે અને લાખોમાં ભક્તોની સેવા કરવા માટે સેવા કેમ્પોના સંચાલકો માં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## ગાંધી જંયતિના બદલે હવે 26મીએ થશે આગમન, બોડેલીમાં સંબોધન

# G20ની સફળતા બાદ ગ્લોબલ લીડર પીએમ નરેન્દ્ર મોદી આવશે ગુજરાત

■ 70 હજારથી વધુ સરકારી યોજનાના લાભાર્થીઓને વિવિધ સહાયનું વિતરણ કરશે

ગુજરાત | વંદન

એક સર્વેમાં ગ્લોબલ લીડર તરીકે પ્રસ્થાપિત થયા બાદ અને જી-20ની સફળતાના પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી માદરે વતન ગુજરાત આવી રહ્યા છે. તેમના ભવ્ય સ્વાગતની તડામાર તૈયારીઓ સરકાર અને સંગઠન કક્ષાએ ચાલી રહી છે. ખાસ કરીને જી-20ના માધ્યમથી મોદીએ ગુજરાતને વૈશ્વિક સ્તરે સ્થાન આપ્યું હતું. કેમ કે, જી20ની સંખ્યાબંધ બેઠકો ગુજરાતને ફાળવવામાં આવી હતી. આમ તો પીએમ મોદી ગાંધી જંયતિ 2 ઓક્ટોબરે આવવાના હતા પરંતુ તેમના સત્તાવાર કાર્યક્રમમાં એકાએક ફેરફાર કરાયો છે. અને હવે તેઓ 26મી સપ્ટેમ્બરે ગુજરાત પધારશે તથા મધ્યગુજરાતમાં બોડેલી ખાતે આયોજિત કાર્યક્રમમા ઉપસ્થિત રહેશે.

આગામી 28 સપ્ટેમ્બરે ગુજરાત વાઈબ્રન્ટ સમિટના 20 વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યાં છે. આ સંદર્ભે અમદાવાદના ટાઉન હોલમાં ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. આ ઉપરાંત સાબરમતી આશ્રમની પણ મુલાકાત લઈ શકે છે. જો કે આ બાબતે કોઈ સત્તાવાર જાહેરાત નથી કરવામાં આવી.






### 1 હજાર બસોની કરવામાં આવી વ્યવસ્થા

આ કાર્યક્રમમાં 1 હજાર જેટલી બસોની જોગવાઈ કરવા માટે કવાયત કરવામાં આવી હતી. જેમાં દરેક બસ માટે હાજરી પત્રક, તમામ લોકોની એન્ટ્રી એક્ઝીટ, બેઠક વ્યવવસ્થા માટે કલર કોડ, જીલ્લા કક્ષાનો કન્ટ્રોલ રૂમ, તાલુકા કક્ષાનો કન્ટ્રોલ રૂમ, બ્રોડબેન્ડની વ્યવસ્થા, ફાયરફાઈટર વગેરે મહત્વની બાબતોની ચર્ચા કરવામાં આવી હતી.

### કલેક્ટર સ્તરે વિવિધ આયોજનની તૈયારીઓ

વડાપ્રધાન સાથે ગુજરાતના મુખ્યમંત્રી પણ બોડેલી હાજર રહેવાના હોવાથી આ મુલાકાતને લઈને કલેક્ટરે વિવિધ કમિટી બનાવી કાર્ય કરવા સૂચનો કર્યા હતા. જેમાં મુખ્યત્વે કોવિડ ગાઈડલાઈન્સ, સુરક્ષાના મુદ્દાઓ, પાવર સપ્લાય, લાઈટ-સાઉન્ડ, પાર્કિંગ, મેડીકલની જોગવાઈ, બેઠક વ્યવસ્થા, ફૂડ પેકેટ્સ-પાણી, ડોમ, સમિયાણું વગેરે બાબતો માટે વિવિધ કમિટી બનાવી કોઈ ચૂક ન રહે તે રીતે સંકલન કરી કાર્યક્રમને સફળ બનાવવા માટે બધાને સૂચનો કર્યા હતા.

હવે PM મોદી છોટા ઉદેપુર જિલ્લાના બોડેલીમાં 70 હજારથી વધુ સરકારી યોજનાના લાભાર્થીઓને વિવિધ સહાયનું વિતરણ કરશે. આ સાથે જ અહીં તેઓ જનસભાને પણ સંબોધન કરશે. જિલ્લા વહીવટી તંત્રની તડામાર તૈયારી અગાઉ PM મોદી 2 ઓક્ટોબરના રોજ બોડેલી સેવા સદનની બાજુમાં આવેલા મેદાનમાં જનસભાને સંબોધન કરવાના હતા. આ ઉપરાંત વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ઉદ્ઘાટન કરવાના હતા. જેને લઈને છોટાઉદેપુર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હતી.

આ માટે બોડેલીમાં કલેકટર, જિલ્લા વિકાસ અધિકારીના સંયુક્ત અધ્યક્ષસ્થાને એક મેરેથોન બેઠક પણ યોજાઈ હતી. જેમાં કલેકટર, ડીડીઓ, પોલીસ અધીક્ષક ઈમ્તિહાઝ શૈખ, પ્રાયોજના વહીવટદાર સચીનકુમાર, અધિક. નિવાસી કલેકટર કે ડી ભગત, બન્ને એસડીએમ, પૂરવઠા અધિકારી, તમામ ટીડીઓ, તમામ મામલતદાર, સીડીએચઓ, ડીઈઓ, ડીપીઈઓ, એમજીવીસીએલ, ફોરેસ્ટ, આરટીઓ, નગરપાલિકા ચીફ ઓફિસર, સંકલનના અધિકારીઓ, તમામ વર્ગ-1ના અધિકારીઓ આ ઉપરાંત જીલ્લાની તમામ સરકારી કચેરીના અધિકારીઓ કર્મચારીઓ આ મીટીંગમાં હાજર રહ્યા હતા.

પોલીસ અધિક્ષકે જણાવ્યું હતુ કે, PM મોદીની વિઝીટની સુરક્ષા કમાન SPG કમાન્ડો સંભાળતા હોય છે. મહત્વના સ્થળોએ ચાંપતો બંદોબસ્ત, તમામ એન્ટ્રી-એક્ઝીટ પરથી વેરીફીકેશન, ટ્રાફિક વ્યવસ્થા, રૂટ પ્લાન જેવી સુરક્ષાની બાબતોએ મહત્વપૂર્ણ તૈયારી કરવામાં આવશે. વિઝીટના સ્થળે ડોમની અંદર પાણીની બોટલ કે અન્ય કોઈપણ વસ્તુ અંદર લઈ જવાની મનાઈ ફરમાવવામાં આવશે. વિવિધ કર્મચારીઓ, સુરક્ષા કર્મચારીઓ સહિત શિક્ષકોને આ બાબતે ટ્રેનિંગ આપવામાં આવશે.

## મહિલા-બાળ અને પ્રાણીઓ માટે હેલ્પલાઈન તો પોલીસપીડિતો માટે કેમ નહીં?

# નાગરિકોને કરાતી હેરાનગતિના મામલે સરકારને કર્યું સૂચન- હેલ્પલાઈન શરૂ કરો

ગુજરાત | વંદન

રાજ્ય સરકાર દ્વારા વિવિધ હેલ્પલાઈન બનાવવામાં આવી છે. જેમ કે, મહિલા હેલ્પલાઈન ચાઈલ્ડ હેલ્પલાઈન, અબોલ જીવો માટે એનિમલ કરૂણા હેલ્પલાઈનનો લાભ સમાજને મળી રહ્યો છે. પોલીસ તંત્ર દ્વારા આચરાતી ગેરરીતિઓ માટે એસીબી( એન્ટી કરપ્શન બ્યુરો)ની વ્યવસ્થા છે. પરંતુ શહેરમાં પોલીસ તંત્રના કેટલાક પોલીસ કર્મીઓ દ્વારા પ્રજાને કરાતી હેરાનગતિ પૈસા પડાવવા ખાસ કરીને અડધી રાત્રે એરપોર્ટથી શહેર તરફ આવતા નાગરિકોને જે રીતે હેરાન કરાઈ છે તેનો પડઘો હાઈકોર્ટ સુધી



પડ્યો છે.અને હાઈકોર્ટે સરકારને સૂચન કર્યું કે અન્ય હેલ્પલાઈનની એક એવી ખાસ હેલ્પલાઈન શરૂ કરવામાં આવે કે, જેમાં કોઈ પણ નાગરિક પોલીસ દ્વારા કરાતી હેરાનગતિ વગેરેની સીધી ફરિયાદ કરી શકે.

એરપોર્ટ પરથી મોડી રાત્રે 1 વર્ષના દીકરા સાથે ઘરે જઈ રહેલા દંપતીને પોલીસે આંતરીને રૂ.60 હજારનો તોડ કરવાના કેસમાં હાઈકોર્ટે કરેલી સુઓમોટોની સુનાવણી બુધવારે હાથ ધરાઈ હતી. જેમાં હાઈકોર્ટે રાજ્ય સરકારને મહત્વના સૂચનો કર્યા હતાં. પોલીસ કે ઓથોરિટી સામે કોઈને પણ ફરિયાદ કરવી હોય તો તે માટે ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઈન ઓથોરિટી સાથે જોડાયેલા હેલ્પલાઈન નંબર જનરેટ કરવામાં આવે. તેમજ દરેક જિલ્લા કક્ષાએ પોલીસ કમ્પ્લેઈન ઓથોરિટીની રચના કરવામાં આવે. તેમજ રાજ્ય કક્ષાએ હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજની અધ્યક્ષતામાં બોર્ડ બનાવવામાં આવે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરુધ્ધા માયાની ખંડપીઠે રાજ્ય સરકારપક્ષને જણાવ્યું હતું કે,

...અનુસંધાન પેજ નં. 6 પર

# ચેતજો: સોશિયલ મીડિયાની મિત્રતા ભારે પડી, મહેસાણામાં 17 વર્ષની સગીરા સાથે દુષ્કર્મ

ગુજરાત | વંદન

મહેસાણા જિલ્લામાં ફરી એકવાર દુષ્કર્મની ઘટના બનતા ચકચાર મચી જવા પામી છે. આરોપીએ સગીરા પર દુષ્કર્મ આચરી તેનો વીડિયો બનાવ્યા બાદ આરોપીના બે મિત્રોએ પણ સગીરાને બ્લેકમેલ કરીને અઘટિત માંગ કરતા ત્રણેય આરોપીઓ વિરુદ્ધ કડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

મળતી વિગતો અનુસાર, કડીમાં રહેતી 17 વર્ષીય સગીરા રક્ષબંધન પહેલા સોશિયલ મીડિયા મારફતે બુડાસણ ગામના હર્ષ મકવાણા નામના શખ્સ સાથે સંપર્કમાં આવી હતી, જે બાદ બંને વચ્ચે નંબરની આપલે થઈ હતી. ત્યારબાદ બંનેએ ફોન પર વાતચીત શરૂ કરી હતી. ધીરે-ધીરે મિત્રતા પ્રેમમાં તબદીલ થઈ હતી.

થોડા દિવસ પછી હર્ષ અને સગીરાએ મળવાનું નક્કી કર્યું હતું અને આ દરમિયાન હર્ષ મકવાણાએ સગીરા સાથે શારીરિક સંબંધ બાંધી અંગળ પળોનો વીડિયો બનાવી લીધો હતો. જે બાદ આ નરાધમે તેના મિત્રોને આ વીડિયો મોકલ્યો હતો. જેથી તેના બે મિત્રો આર્યન ચાવડા અને પીયૂષ ચાવડાએ પણ સગીરા પાસે અઘટિત માંગ કરી હતી.

## વિવાદ બાદ ડાકોર વીઆઈપી દર્શનનો નિર્ણય પરત ખેંચાયો

# જય રણછોડ: હવેથી 500 રૂપિયામાં કોઈપણ ભક્ત નહીં કરી શકે VIP દર્શન

ગુજરાત | વંદન

યાત્રાધામ ડાકોર મંદિરમાં VIP દર્શનનો નિર્ણય પાછો ખેંચાયો છે. ખેડા ખાતે ડાકોરના ઠાકોર કરોડો લોકોની આસ્થાના અખૂટ સાગર સમાન છે. ડાકોર મંદિરમાં પૈસા આપી VIP દર્શન કરાવવામાં આવતું હોવાનો મુદ્દે ઘમાસાણ સર્જાયું હતું. અગાઉ ડાકોર મંદિરમાં VIP દર્શન બંધ કરાવવાની માંગ સાથે આંદોલનની ચિમકી ઉચ્ચારવામાં આવી હતી. ધર્મના નામે ધંધા સમાન આ પ્રથા અંગે સોશિયલ મીડિયામાં મુદ્દો ગરમાયો હતો અને ભક્તોમાં ભારોભાર રોષની લાગણી જોવા મળી હતી.



જોકે હવે ડાકોર ટેમ્પલ સમિતિ દ્વારા સત્તાવાર જાહેરાત કરી VIP દર્શનનો નિર્ણય પાછો ખેંચાયો છે.

ડાકોર મંદિરમાં VIP દર્શનનો નિર્ણય પાછો ખેંચાયો છે. ડાકોર ટેમ્પલ કમિટીએ શુક્રવારે આ અંગે સત્તાવાર જાહેરાત કરી હતી. મહત્વનું છે કે, અગાઉ મંદિર ટ્રસ્ટ દ્વારા લેવાયલ નિર્ણય મુજબ VIP દર્શન માટે ભક્તો પાસેથી રૂપિયા લેવાતા હતા. આ તરફ VIP દર્શનના નિર્ણયને લઈ ઉગ્ર વિરોધ પણ થયો હતો. મહત્વનું છે કે,

...અનુસંધાન પેજ નં. 6 પર

# વધુ એક કૌભાંડમાં પૂર્વ IAS પ્રદીપ શર્માની ધરપકડ, બિલ્ડરને લાભ આપ્યો

ગુજરાત | વંદન

પૂર્વ IAS પ્રદીપ શર્માની વધુ એક જમીન કૌભાંડનાં કેસમાં ધરપકડ કરવામાં આવી છે. માહિતી અનુસાર વડોદરાના બિલ્ડરને ફાયદો પહોંચાડવાના કેસમાં ધરપકડ થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે વડોદરાનાં આ બિલ્ડર સંજય શાહની પણ અટકાયત કરવામાં આવી છે. પૂર્વ કલેક્ટર પ્રદીપ શર્મા પર આરોપ હતો કે તેમણે ભુજમાં રોડ પાસેની જમીન બિનખેતી કરાવી આપી હતી. પહેલા જમીન ખેતી માટે મંજૂર કરી હતી અને પાછળથી તેને બિનખેતી કરી દીધી હતી. ભુજ શહેરનાં મામલતદારે પ્રદીપ શર્મા વિરુદ્ધ આ ફરિયાદ ભુજ CID ક્રાઈમ બોર્ડર રેન્જ પોલીસ મથકમાં નોંધાવી હતી.



વડોદરાનાં બિલ્ડર સંજય શાહને આ જમીન વેંચ્યા હોવાની માહિતી મળી આવી છે.

મીડિયા રિપોર્ટસ અનુસાર ભુજની સરકારી ખરાબાની કરોડોની જમીન ગેરકાયદે ખાનગી વ્યક્તિને વેચ્યાનો આરોપ પ્રદીપ શર્મા પર મુકવામાં આવ્યો છે. જમીન ફાળવણીનાં આ કેસમાં ભુજ CID ક્રાઈમે પ્રદીપ શર્માની ધરપકડ અમદાવાદથી અને બિલ્ડર સંજય શાહની ધરપકડ વડોદરાથી કરી હતી. ધરપકડ બાદ આજે સાંજે રીમાન્ડની માંગ સાથે કોર્ટમા રજુ કરાશે. પૂર્વ કલેક્ટરની આ પહેલાં માર્ચ મહિનામાં ધરપકડ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે પૂર્વ કલેક્ટર પ્રદીપ શર્મા સામે આશરે છ મહિના પહેલાં ગાંધીધામના ચુડવા ગામે રોડને અડીને આવેલી જમીન પરના દબાણનાં નિયમમાં ભંગ કરી નિયમિત કરી આપ્યા હોવાનો આરોપ મૂકતી ફરિયાદ CID ક્રાઈમમાં કરાઈ હતી. એટલું જ નહીં કચ્છમાં ફરજ દરમિયાન પ્રદીપ શર્માએ ભુજના ભુજીયા ડુંગરની તળેટીમાં બજાર નિર્માણ માટે ફાળવવામાં આવેલી જમીનમાં સરકારી નિયમોના ઉલ્લંઘન અંગેની પણ ફરિયાદ ભુજ CID ક્રાઈમમાં દાખલ કરવામાં આવી હતી. ત્રીજી ફરિયાદ અંજાર પાસે

...અનુસંધાન પેજ નં. 6 પર

# ગાંધીનગરથી ઝડપાયો નકલી કલેક્ટર, હવે જેલના હવાલે

ગુજરાત | વંદન

ગુજરાતમાં જાણે નકલી સરકારી અધિકારી બનવાનું ચલણ હોય તેમ એક બાદ એક કિસ્સાઓ સામે આવી રહ્યા છે. ત્યારે વધુ એક નકલી સરકારી અધિકારી ઝડપાયો છે. પોતે કલેક્ટર હોવાનું કહીને પોલીસને સસ્પેન્ડ કરવાની ધમકી આપનારા આરોપીની ગાંધીનગર પોલીસે ધરપકડ કરતા ખળભળાટ મચી ગયો છે.

ગુજરાતના પાટનગરથી એક નકલી કલેક્ટર ઝડપાયો છે. આ નકલી કલેક્ટર પોલીસને ધમકી આપી રહ્યો હતો. ત્યારે હવે ગાંધીનગર પોલીસે નકલી કલેક્ટરને કાયદાકીય પાઠ ભણાવ્યો છે. નકલી કલેક્ટર વિશે મળતી માહિતી પ્રમાણે આરોપીએ પોલીસ સ્ટેશનમાં ફોન કરીને બદલી કરવા



જણાવ્યું હતું. આરોપી અગાઉ પણ આવી રીતે અનેકવાર ફોન કરી ચુક્યો છે.

નકલી કલેક્ટર જનક પંડ્યાની પોલીસે ધરપકડ કરી લીધી છે. ડ્રાઈવિંગનો ધંધો કરતો જનક મહિલા પોલીસ મથકમાં પોલીસને ફોન કરતો હોવાનું સામે આવ્યું છે. જાણવા મળી રહ્યું છે કે આરોપીના પિતા અગાઉ પોલીસમાં હતા. જ્યારે બહેન પણ પોલીસમાં નોકરી કરે છે.

## ઓટોમોટિવ હબ બનવા તરફ રાજ્યની સફર 2009માં સાણંદમાં નેનો પ્લાન્ટથી શરૂ થઈ

# ગુજરાતનું ઓટોમોટિવ હબ ઈવોલ્યુશન બે દાયકામાં શૂન્યથી 3 બિલિયન ડોલર સુધી પહોંચ્યું

ગુજરાત | વંદન

ગુજરાતના ઓટોમોબાઈલ ક્ષેત્રનું મૂલ્ય આજે 3 બિલિયન યુએસ ડોલર છે. છેલ્લા બે દાયકામાં આવેલું આ અભૂતપૂર્વ પરિવર્તન રાજ્યના ઔદ્યોગિક વિકાસ અને નવીનતા પ્રત્યેના સમર્પણનો પુરાવો છે.

આઠ લાખથી વધુ વાહનોની વાર્ષિક નિકાસ સાથે, ગુજરાત ભારતના ઓટોમોટિવ લેન્ડસ્કેપમાં મહત્વપૂર્ણ યોગદાન આપતું રાજ્ય સાબિત થયું છે. ઓટોમોટિવ હબ બનવા તરફ રાજ્યની સફર 2009માં સાણંદમાં ટાટા મોટર્સ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટની સ્થાપના



સાથે શરૂ થઈ, જે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને રોકાણકારોને આકર્ષે છે.

ગુજરાતના ઓટોમોબાઈલ ક્ષેત્રની ઉત્ક્રાંતિ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (VGGS) સાથે ગાઢ રીતે જોડાયેલી છે, જે વર્ષ 2003માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવી હતી. આ સમિટ રાજ્યના સામાજિક-આર્થિક માળખાને પુન:આકાર આપવામાં નિમિત્ત બની છે, જે રાજ્યને રોકાણ અને ઈનોવેશન માટે પસંદગીનું સ્થળ બનાવે છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં જાન્યુઆરી 2024માં યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની 10મી આવૃત્તિ રોકાણ અને ઈનોવેશનના અજોડ હબ તરીકે ગુજરાતની સ્થિતિને વધુ મજબૂત કરશે.

ગુજરાતના ઓટોમોબાઈલ ઉદ્યોગની સફળતાની ગાથાઓમાં વર્ષ 2011માં ફોર્ડ મોટર્સ દ્વારા તેમના સાણંદ ખાતેના પ્લાન્ટમાં રૂ.5,000 કરોડના રોકાણનો સમાવેશ થાય છે, જેના કારણે ગુજરાતમાં 3000 નોકરીઓનું સર્જન થયું, તેમજ વર્ષ 2014માં સુઝુકી મોટર્સના રૂ.14,784 કરોડના મેગા યુનિટનો સમાવેશ થાય છે, જેણે ગુજરાતમાં 9100 નોકરીઓનું સર્જન કર્યું. વર્ષ 2022માં ટાટા મોટર્સે સાણંદમાં સ્થિત ફોર્ડ મોટર્સનો પ્લાન્ટ હસ્તગત કર્યો. વધુમાં, JETRO

...અનુસંધાન પેજ નં. 6 પર

# કોર્ટના જામીન છતાં 3 વર્ષ જેલમાં ગોંધી રખાયો ...!

■ હાઈકોર્ટે જેલ સત્તાવાળાઓનું ઉધડો લીધો, મુક્ત કરો અને વળતર આપો

ગુજરાત | વંદન

અમદાવાદની સાબરમતી જેલ સત્તાધીશોની ગંભીર બેદરકારી સામે આવી છે. વાત જાણે એમ છે કે, આજથી લગભગ ત્રણ વર્ષ પહેલા ગુજરાત હાઈકોર્ટે એક કેસમાં આરોપીની જામીન આપ્યા હતા. જોકે અમદાવાદની સાબરમતી જેલના સત્તાધીશોએ હાઈકોર્ટના આદેશ બાદ પણ આરોપી યુવકને 3 વર્ષ સુધી જેલમુક્ત ન કરાતા ગુજરાત હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. આ સાથે આવા કેસની યાદી બનાવી હાઈકોર્ટ સમક્ષ રજૂ કરવા રજીસ્ટ્રીને આદેશ કર્યો છે.




ગુજરાત હાઈકોર્ટે આજથી ત્રણ વર્ષ પહેલા મહેસાણાના એક આરોપીને જામીન પર છોડવા હુકમ કર્યો હતો. જોકે અમદાવાદની સાબરમતી જેલના સત્તાધીશોએ હાઈકોર્ટના આદેશને પણ અવગણી અને 3 વર્ષ સુધી આરોપીને છોડ્યો ન હતો. આ તરફ હવે આ બાબત ગુજરાત હાઈકોર્ટના ધ્યાને આવતા કોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી છે. નોંધનીય છે કે, આ પહેલા

...અનુસંધાન પેજ નં. 6 પર



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009